

પેજ-08
હોટ સાડી, બોડીકોન ગાઉન અને મિની ડ્રેસમાં...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
પેટ કમિન્સ સનરાઇઝર્સ હૈદરાબાદનો નવો કેપ્ટન



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 18.00 |
| વડોદરા | 32.00 | 18.00 |
| સુરત | 32.00 | 19.00 |

પેજ 5




મૂડીઝે દેશના આર્થિક વૃદ્ધિદરના અંદાજને વધારીને 6.8 ટકા કર્યો

06 MARCH-2024 WEDNESDAY

ડ્રેગનની નવી ચાલ:18 હજાર કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ અટક્યો એટલે...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73677.13 | ▼ | 195.16 |
| નિફ્ટી | 22356.30 | ▼ | 049.30 |
| સોનું | 64790.00 | ▲ | 328.00 |
| ચાંદી | 73454.00 | ▼ | 013.00 |

વર્ષ-13 । અંક-111 । વિક્રમ સંવત-2080 । ફાગણ વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### એ.રાજાએ કહ્યું- હું ભારતને એક રાષ્ટ્ર નથી સ્વીકારતો, ભગવાન-ભારત માતાને સ્વીકારીશું નહીં, હનુમાનની સરખામણી વાનર સાથે કરી

# 'અમે બધા રામના શત્રુ છીએ, ભારત દેશ નથી ઉપખંડ છે' : DMK સાંસદ

ચેન્નાઇ | તા.05

તામિલનાડુના DMK સાંસદ એ. રાજાએ ભારતને એક દેશ તરીકે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. 5 માર્ચે તેમણે કહ્યું હતું કે ભારત ક્યારેય એક દેશ નહોતો. દેશ એટલે એક ભાષા, એક સંસ્કૃતિ અને એક પરંપરા. પછી એ દેશ કહેવાય. એ. રાજાએ 3 માર્ચે તામિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના જન્મદિવસ પર કોઈમ્બતોરમાં યોજાયેલી બેઠકમાં આ નિવેદન આપ્યું હતું.

વિપક્ષી ગઠબંધનના નેતાઓ સરકારની નીતિ સામે સવાલ ઉઠાવવા અને સરકાર પર પ્રહાર કરવામાં ક્યાંક મર્યાદા ચૂકી જતા હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. પહેલાં લાલુ પ્રસાદ યાદવે પ્રધાનમંત્રી મોદી પર વ્યક્તિગત ટિપ્પણી કરવામાં તમામ મર્યાદાઓ ઓળંગી દીધી અને હવે DMK નેતા એ રાજાએ તો ભગવાન રામને માનવાનો જ ઈનકાર કરી દીધો છે.. એટલું જ નહીં એ રાજાએ ભારતને દેશ માનવાનો પણ ઈનકાર કરી દીધો છે.

## ભાજપે કહ્યું- શું DMK અન્ય કોઈ ધર્મનું અપમાન કરી શકે છે?

ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે DMKના નેતાઓ કહે છે કે અમે 'જય શ્રીરામ' અને 'ભારત માતા કી જય'ને ક્યારેય સ્વીકારીશું નહીં. શું સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે આ સાથે સહમત છે? શું DMK અન્ય ધર્મોનાં દેવી-દેવતાઓ વિરુદ્ધ આવી અપમાનજનક ટિપ્પણીઓનો ઉપયોગ કરશે?



## DMK નેતા એ રાજાના આ નિવેદનથી સાધુ સંતોમાં આક્રોશ

DMK નેતા એ રાજાના આ નિવેદન પર સૌથી પહેલાં ભાજપ તરફથી પ્રતિક્રિયા આવી.. ભાજપના નેતાઓએ એ રાજાના આ નિવેદનને લઈને કોંગ્રેસ અને ઈન્ડિ ગઠબંધન પર આકરા પ્રહાર કર્યા.. ભાજપે કહ્યું કે, એ રાજાના નિવેદનથી શું સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહમત છે..? એ. રાજાનું નિવેદનથી સાધુ સંતોમાં પણ આક્રોશ જોવા મળી રહ્યો છે.. અયોધ્યાના સંતોએ નેતાઓના આ પ્રકારના નિવેદન વખોડ્યા છે. એ. રાજાના નિવેદનથી ઈન્ડિયા ગઠબંધન પણ બેકફૂટ પર આવી ગયું છે.

## રાજાના ભાષણના 4 મુદ્દા, વિવાદનું કારણ બની શકે છે

**1. ભારત એક દેશ નથી :** એ. રાજાએ કહ્યું, 'ભારત એક ઉપખંડ છે. એનું કારણ શું છે? અહીં ઘણી પરંપરાઓ અને સંસ્કૃતિઓ છે. તામિલનાડુમાં એક ભાષા-એક સંસ્કૃતિ છે. એ એક દેશ છે. ઓડિશા એક દેશ છે, ત્યાં એક ભાષા છે. કેરળમાં અલગ દિલ્હીમાં અલગ ભાષા અને સંસ્કૃતિ છે. આ બધા દેશો મળીને ભારત બનાવે છે, તેથી ભારત એક દેશ નથી, પરંતુ એક ઉપખંડ છે.'

**2. મણિપુરમાં કૂતરાનું માંસ ખવાય છે :** એ. રાજાએ કહ્યું, 'મણિપુરમાં કૂતરાનું માંસ ખાવામાં આવે છે, કેમ. હા, તેઓ ખાય છે. એ સંસ્કૃતિ છે. એમાં કંઈ ખોટું નથી. એ બધું આપણા મગજમાં છે. કાશ્મીરમાં એક અલગ સંસ્કૃતિ છે. તમારે એને સ્વીકારવું પડશે. 'જો કોઈ સમુદાય બીફ ખાય છે, તો તમને શું સમસ્યા છે? તેણે તમને ખાવા માટે કહ્યું? વિવિધતામાં એકતા છે. આપણે બધા જુદા છીએ, એ સ્વીકારો.'

**3. ભગવાન હનુમાનની વાનર સાથે સરખામણી :** DMK નેતા એ. રાજા વીડિયોમાં કહેતા જોવા મળે છે કે જો તમે કહો કે આ તમારા ભગવાન અને ભારત માતા કી જય છે, તો અમે તે ભગવાન અને ભારત માતાને ક્યારેય સ્વીકારીશું નહીં. તેમને કહો કે આપણે બધા રામના દુશ્મન છીએ. મને રામાયણ અને ભગવાન રામમાં વિશ્વાસ નથી. એ. રાજાએ ભગવાન હનુમાનની તુલના વાનર સાથે કરી 'જય શ્રીરામ'ના નારાને ઘૃણાસ્પદ ગણાવ્યા.

**4. પાણીની ટાંકી એક, શૌચાલયના પાણીનો રસોડામાં ઉપયોગ નથી કરતા :** DMK સાંસદે કહ્યું, 'પાણીની ટાંકીમાંથી પાણી રસોડામાં તેમજ શૌચાલયમાં આવે છે. આપણે રસોડામાં એ પાણીનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ શૌચાલયમાંથી લાવેલા પાણીનો રસોડામાં ઉપયોગ કરતા નથી. એનું કારણ શું છે? આપણને મનોવૈજ્ઞાનિક સમસ્યા છે. પાણી સરખું જ છે, પણ એ ક્યાંથી આવે છે એ અંતર પેદા કરી દે છે. આપણે જાણીએ છીએ કે આ રસોડું છે અને આ શૌચાલય છે.'

# યોગી કેબિનેટનું વિસ્તરણ

### રાજભર સહિત 4નવા મંત્રીઓને મળી જગ્યા



**ઓપી રાજભરે મંત્રી તરીકે શપથ લીધા**

ઓમ પ્રકાશ રાજભર ફરી એકવાર યોગી કેબિનેટમાં મંત્રી બન્યા છે. ભાજપ છોડ્યાના પાંચ વર્ષ બાદ ઓપી રાજભર યોગી આદિત્યનાથ કેબિનેટમાં પરત ફર્યા છે.

લખનૌ | તા.05

યુપીમાં આજે યોગી સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ થયું. રાજભવન ખાતે યોજાયેલા સમારોહમાં રાજ્યપાલ આનંદીબેન પટેલે ચાર નવા મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. મંત્રી તરીકે શપથ લેનારાઓમાં સુભાસપા પ્રમુખ ઓપી રાજભર, બીજેપી MLC દારા સિંહ ચૌહાણ, સાહિબાબાદના બીજેપી ધારાસભ્ય સુનીલ શર્મા અને RLD પુરકાજીના ધારાસભ્ય અનિલ કુમારનો સમાવેશ થાય છે.

**RLDના પુરકાજી ધારાસભ્ય અનિલ કુમાર**

RLDના પુરકાજી ધારાસભ્ય અનિલ કુમાર યોગી સરકારમાં મંત્રી બન્યા છે. આજે રાજભવન ખાતે આયોજિત સમારોહમાં તેમણે પદ અને ગુપ્તતાના શપથ લીધા હતા. તાજેતરમાં જ RLD એ NDA સાથે ગઠબંધનની જાહેરાત કરી હતી. અનિલ કુમાર તેમની પાર્ટી અને ભાજપ વચ્ચે ગઠબંધન કરાર હેઠળ યોગી કેબિનેટમાં મંત્રી બન્યા છે.

**દારા સિંહ ચૌહાણે મંત્રી પદના શપથ લીધા**

દારા સિંહ ચૌહાણ યોગી કેબિનેટમાં મંત્રી બન્યા છે. છેલ્લી યુપી ચૂંટણી પહેલા તેઓ ભાજપ છોડીને સપામાં જોડાયા હતા. ત્યારબાદ તેમણે ધારાસભ્ય પદ પરથી રાજીનામું આપી દીધું અને ભાજપમાં પાછા ફર્યા હતા. ઘોસી બેઠક પર તેમણે પેટાચૂંટણી લડી પણ હારી ગયા હતા પરંતુ હવે તેઓ ભાજપમાંથી વિધાન પરિષદના સભ્ય છે.

**સુનીલ શર્મા યોગી કેબિનેટમાં મંત્રી :** સુનીલ શર્મા યોગી કેબિનેટમાં મંત્રી તરીકે સામેલ થયા છે. યુપી રાજભવનમાં આયોજિત સમારોહમાં તેમણે હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. શર્માએ 2017 અને 2022ની યુપી ચૂંટણીમાં સાહિબાબાદ સીટ પર રેકોર્ડ માર્જિનથી જીત મેળવી હતી.

## Quick Read

**ઉત્તર પ્રદેશ | પૂર્વ સાંસદ ધનંજય સિંહ અપહરણ અને ખંડણી કેસમાં દોષિત, આજે થશે સજા**

જૌનપુર | ઉત્તરપ્રદેશના જૌનપુર લોકસભાથી સાંસદ રહેલા ધનંજય સિંહને લોકસભા ચૂંટણી પહેલા મોટો ઝટકો લાગ્યો છે. અપહરણ અને ખંડણી કેસમાં કોર્ટે તેમને દોષિત જાહેર કર્યા છે. હવે જૌનપુરની કોર્ટ આવતીકાલે બુધવારે સજાનું એલાન કરશે. હાલ તો દોષિત ધનંજય સિંહને જેલ મોકલી દેવાયો છે. જૌનપુરના પૂર્વ સાંસદ અને જેડીયુના રાષ્ટ્રીય મહાસચિવ ધનંજય સિંહને જૌનપુરના MP-MLA કોર્ટે ગંગેના એન્જિનિયર પાસેથી વસૂલી માંગવા અને તેના અપહરણ મામલે દોષિત જાહેર કરાયા છે.

**નેશનલ | ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઓટોમેટિક થયા લૉગ આઉટ, યુઝર્સ ચિંતામાં**

જૌનપુર | ફરી એકવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ મંગળવાર રાત્રે (5 ફેબ્રુઆરી 2024)એ અચાનક ડાઉન થઈ ગયા છે. યુઝર્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ઓટોમેટિક લોગઆઉટ થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વભરમાં મોટી સંખ્યામાં લોકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરે છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ અચાનક ડાઉન થવાથી લાખો યુઝર્સ મુશ્કેલીમાં મૂકાયા છે.

**ગુજરાત | ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષા પહેલા સરકારે આપી મહત્ત્વની માહિતી**

અમદાવાદ | ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાના આડે ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે. ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આગામી સમયમાં યોજાનાર ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાને લઈને જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં ધો. 10 અને 12ની સામાન્ય-વિજ્ઞાન પ્રવાહની તેમજ ગુજકેટની પરીક્ષા શાંતિમય વાતાવરણમાં યોજાય તે માટે પરીક્ષા બોર્ડે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરે નહીં અને પ્રમાણિકતાથી પરીક્ષા આપે તે જરૂરી છે. બોર્ડની જાહેર પરીક્ષાના તમામ પરીક્ષા સ્થળો CCTVની દેખરેખ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.' PATA એપ્લીકેશન દ્વારા પ્રશ્નપત્રોની ઝોનલ કચેરીથી પરીક્ષા સ્થળ સુધી અને પરીક્ષા સ્થળ ખાતે પરીક્ષા ખંડમાં પ્રશ્નપત્ર પહોંચે ત્યાં સુધીનું ટ્રેકિંગ કરવામાં આવે છે. પરીક્ષા સ્થળ કે પરીક્ષા ખંડમાં મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરીક્ષાઓમાં ગેરરીતિના કિસ્સામાં દોષિત વ્યક્તિને દોષિત ઠર્યેથી 3 વર્ષ કરતાં ઓછી ન હોય અને 5 વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા અથવા રૂપિયા બે લાખનો દંડ અથવા બંને શિક્ષાની જોગવાઈ છે.

# શાહજહાં શેખ કેસમાં મમતા ઉંધા માથે

## હાઈકોર્ટ- સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી



કોલકાતા | તા.05

કોલકાતા હાઈકોર્ટના આદેશ છતાં CBIને મંગળવારે શાહજહાં શેખની કસ્ટડી મળી નથી. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સી 2 કલાકની રાહ જોયા બાદ બંગાળ પોલીસ હેડક્વાર્ટરથી ખાલી હાથે પરત ફરી હતી. હાઈકોર્ટે રાજ્ય સરકારને સાંજે 4.30 વાગ્યા સુધીમાં શેખને CBIને સોંપવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત શેખનો કેસ CBIને ટ્રાન્સફર કરવા પણ કહેવામાં આવ્યું હતું.

**■ બંગાળ પોલીસનું વલણ પક્ષપાતી : હાઈકોર્ટ**

EDની અરજી પર, કલકત્તા હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ ટીએસ શિવગનમની અધ્યક્ષતાવાળી ડિવિઝન બેન્ચે કહ્યું, 'પશ્ચિમ બંગાળ પોલીસનું વલણ સંપૂર્ણપણે પક્ષપાતી છે. આ જોતાં નિષ્પક્ષ અને પ્રમાણિક તપાસની જરૂર છે. રાજ્યની એજન્સીઓ પાસેથી નિષ્પક્ષ તપાસની અપેક્ષા નથી એ સ્વીકારવામાં અમને કોઈ સંકોચ નથી. કોર્ટે કહ્યું, 'બંગાળ પોલીસ આરોપીઓને બચાવવા માટે સંતાકૂકડીની રમત રમી રહી છે. આરોપી રાજકીય રીતે પ્રભાવશાળી વ્યક્તિ છે. તે બંગાળ પોલીસની તપાસને પ્રભાવિત કરી શકે છે.'

**મહિલા આયોગે રાષ્ટ્રપતિ શાસનની માગ કરી હતી**

દરમિયાન, રાષ્ટ્રીય મહિલા આયોગની ટીમ મંગળવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળી અને પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરી. મંગળવારે કમિશનની ટીમ રાષ્ટ્રપતિને મળવા પહોંચી હતી. ટીમે સંદેશખાલીમાં પીડિત મહિલાઓના નિવેદનનો રિપોર્ટ સોંપ્યો હતો. જેમાં પોલીસ અધિકારીઓ, ટીએમસી નેતા શાહજહાં શેખ અને તેની ગેંગ પર મહિલાઓના શોષણ અને જમીન હડપ કરવાનો આરોપ છે.

# માલદીવમાં 10મી મે પછી ભારતીય સૈનિક ના દેખાવો જોઈએ, મુઈજ્જુનું નિવેદન

નવી દિલ્હી | તા.05



માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુએ કહ્યું કે 10મી મે બાદ એક પણ ભારતીય સૈન્ય કર્મચારી દેશમાં હાજર નહીં રહે, સિવિલ ડ્રેસમાં પણ નહીં. 5 માર્ચ મંગળવારના રોજ એક મીડિયા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. મુઈજ્જુનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે લગભગ એક સપ્તાહ પહેલા ભારતની ટેકનિકલ ટીમ માલદીવ પહોંચી હતી. આ ટીમ હેલિકોપ્ટરનું સંચાલન કરતાં સૈન્ય કર્મચારીઓની જગ્યા લેવા માટે પહોંચી હતી. મુઈજ્જુએ માલદીવથી ભારતીય સૈન્ય કર્મચારીઓના પ્રથમ જૂથને પરત કરવા માટે 10 માર્ચની સમયમર્યાદા નક્કી કરી હતી.

**ચીન સાથે માલદીવે કર્યો કરાર**

મુઈજ્જુએ કહ્યું કે, '10મી મે બાદ દેશમાં કોઈ ભારતીય સૈનિક હાજર નહી રહે. ન તો યુનિફોર્મમાં કે ન તો સિવિલ ડ્રેસમાં. ભારતીય સેના કોઈપણ પ્રકારના કપડાંમાં આ દેશમાં જોવા નહી મળે. હું આ વિશ્વાસ સાથે કહું છું. તેમણે આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે માલદીવે ચીન સાથે કરાર કર્યો છે. આ અંતર્ગત ચીન માલદીવને મફત સૈન્ય સહાય આપશે. ગત મહિને 2 ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં ભારત અને માલદીવના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠકમાં માલદીવના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ભારત માલદીવમાં તેના ત્રણ ઉડ્ડયન પ્લેટફોર્મ પર તૈનાત સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચી લેશે અને તેમની જગ્યાએ એક ટેકનિકલ ટીમ મોકલાશે.

### પશ્ચિમ બંગાળ : ટીએમસી પાર્ટી પર કર્યા આકરા પ્રહાર

# કોલકાતા: જસ્ટિસ અભિજીતે આપ્યું રાજીનામુ, 7માર્ચે બીજેપીમાં જોડાશે

કોલકાતા | તા.05



કોલકાતા હાઈકોર્ટના જજ પદેથી રાજીનામુ આપી દીધા બાદ થોડા જ કલાકોમાં અભિજીત ગંગોપાધ્યાયે બીજેપીમાં જોડાવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે સાત માર્ચે તેઓ બીજેપીમાં જોડાશે. તેમણે પ. બંગાળના સીએમ અને ટીએમસી પાર્ટી પર ધારદાર પ્રહારો કર્યા. ગંગોપાધ્યાયે કહ્યું કે ઘણા ગુનેગારો સામે આવ્યા. મોટા મંત્રીઓ જેલની અંદર છે. જેલની અંદર તેમની સુવિધાઓ ફાઈવ સ્ટાર હોટલ જેવી છે. બંગાળમાં ઘણા લોકો છે જેઓ ખરાબ લોકોની હાજરીને કારણે રાજકારણમાં નથી આવતા. હું તમને આવવા કહેવા માંગુ છું. ન્યાયાધીશ પર હુમલો કરવો, ચુકાદા પર સવાલ ઉઠાવવો એ તેમની સંસ્કૃતિ છે, તો તેઓ ચોક્કસપણે કરશે.

# મુકેશ અંબાણીએ ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા



જામનગર | તા.05


રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા. આજરોજ પવિત્ર યાત્રાધામ દ્વારકામાં રિલાયન્સ ગ્રુપના મુકેશ અંબાણી સાંજે દ્વારકાધીશના ઉત્થાન સમયે જગતમંદિરે પહોંચ્યાં હતાં. જ્યાં તેમને ભગવાન દ્વારકાધીશને શીશ ઝુકાવીને દર્શન કર્યાં હતાં. અહીં ભગવાન દ્વારકાધીશને શીશ ઝુકાવીને મુકેશ અંબાણીએ દર્શન કર્યાં હતાં. જામનગર ખાતે અનંત અંબાણીના પ્રી-વેડીંગ સેરેમની અંતર્ગત હાલારના મોંઘા મહેમાન બનેલા મુકેશ અંબાણીએ ઠાકોરજીના આશીર્વાદ મેળવ્યા હતાં. આજરોજ અંબાણી પરિવાર દ્વારા દ્વારકાધીશને બાલાજી સ્વરૂપમાં છપ્પનભોગ મનોરથ પણ યાજવામાં આવ્યો હતો. વધુમાં ભગવાન દ્વારકાધીશના દર્શને આવેલા મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, આજે ભગવાન દ્વારકાધીશનના આશીર્વાદથી અનંત અને રાધિકાના પ્રિ-વેડીંગ સેરેમની સારી રીતે સંપન્ન થઈ છે અને એ સાથે જ જામનગરના બધા જ લોકોનો આભાર માન્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે, આજે જામનગર વિશ્વફલક પર છવાઈ ગયું છે અને હજી પણ વધુ પ્રગતિ કરશે તેવી મને આશા છે.

**'આજે જામનગર વિશ્વફલક પર છવાઇ ગયું છે'**

### વાતાવરણ પર શું અસર થશે ?... સેટેલાઈટને ગ્રેવયાર્ડ ઓર્બિટ કે પૃથ્વી પર નાખવા પડશે

# મસ્કની કંપની છ મહિનામાં 100 ઉપગ્રહ તોડી પાડશે

નવી દિલ્હી | તા.05



ઈલોન મસ્કે કહ્યુ કે તેઓ પોતાના 100 સ્ટારલિંક સેટેલાઈટ્સને આગામી છ મહિનામાં પૃથ્વી પર તોડી પાડશે કેમ કે આ સેટેલાઈટની ડિઝાઈનમાં ભૂલ છે. તે ફેલ થઈને બીજા સેટેલાઈટ્સ કે સ્પેસક્રાફ્ટ્સને નુકસાન પહોંચાડી શકે છે. તેથી તેમની SpaceX કંપની આ સ્ટારલિંક સેટેલાઈટ્સને ડી-ઓર્બિટ કરશે. ડી-ઓર્બિટનો અર્થ છે કે સેટેલાઈટ્સને પૃથ્વી પર લાવવામાં આવશે. આ દરમિયાન તે વાતાવરણ પાર કરશે. બસ ત્યાં જ આ સેટેલાઈટ્સનું બાકીનું જીવન પણ ખતમ થઈ જશે. તે બળીને રાખ થઈ જશે. હવે પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે શું વાતાવરણમાં બળનાર સેટેલાઈટ્સના કારણે પૃથ્વીના ક્લાઈમેટ પર કોઈ અસર પડી રહી છે.

વિશ્વના ઘણા વૈજ્ઞાનિક આ વાતને લઈને પરેશાન છે કે જે રીતે સેટેલાઈટ્સ વાતાવરણ પાર કરીને પૃથ્વી તરફ આવી રહ્યા છે કે પછી લાવવામાં આવી રહ્યા છે. તેનાથી વાતાવરણ ખરાબ થઈ રહ્યુ છે. તેની અસર પૃથ્વીના ક્લાઈમેટ પર પણ પડી રહી છે કેમ કે આ સેટેલાઈટ્સમાં ઓઝોનને ઘટાડનાર ધાતુ હોય છે. પૃથ્વીની નીચલી કક્ષા એટલે કે Lower Earth Orbit સૌથી વધુ સેટેલાઈટ્સનું ઘર છે. પાંચ વર્ષ પહેલા અમેરિકાએ નવો અને કડક નિયમ બનાવ્યો હતો કે જે પણ સેટેલાઈટ્સ લોન્ચ થશે.

તેમને 25 વર્ષની અંદર પાછા પૃથ્વી પર લાવવા પડશે કે ઓર્બિટથી દૂર હટાવવા પડશે કે ઉપર અંતરિક્ષમાં ગ્રેવયાર્ડ ઓર્બિટમાં નાખવા પડશે કે પૃથ્વી પર લાવીને તોડી પાડવા પડશે.

# હવે બાળકો વિકલાંગ નહીં જન્મે!

### વિજ્ઞાનીઓએ લેબમાં બનાવ્યા ગર્ભસ્થ શિશુના અંગ

લંડન | તા.05

વિજ્ઞાનીઓએ પ્રથમ વખત ગર્ભમાં રહેલા બાળકના અંગોને લેબમાં તૈયાર કરવાની વાત કરી છે. નવી ફોર્મ્યુલાથી ગર્ભાવસ્થાના છેલ્લા દિવસોમાં સ્ટેમ સેલમાંથી બાળકોના અંગો અને કોષોનો વિકાસ કરી શકાશે. જો આ પ્રયોગ સંપૂર્ણ સફળ થશે, તો બાળકો વિકલાંગ જન્મશે નહીં અને તેમના અંગોનો વિકાસ ગર્ભમાં જ થઈ જશે. દર વર્ષે વિશ્વમાં લાખો બાળકો ગર્ભાશયમાં વિકસિત રોગ સાથે જન્મે છે. સૌથી સામાન્ય સમસ્યા ડાયાફ્રેમ હર્નીયા છે, જેમાં પેટ, યકૃત અને આંતરડાના તમામ અવયવો તેમની જગ્યાએથી ખસીને છાતીમાં જાય છે. જેના કારણે તેઓ યોગ્ય રીતે કામ કરતા નથી. બીજી સમસ્યા સિસ્ટિક ફાઈબ્રોસિસની છે, જેમાં કેટલીક ગ્રંથીઓમાંથી અસામાન્ય રીતે જાડા પદાર્થ નીકળવા લાગે છે, જે ફેફસાં અને પાચનતંત્ર સહિત ઘણા અંગોને નુકસાન પહોંચાડે છે. સમાન આનુવંશિક રોગ સિસ્ટિક કિડની રોગ છે. આમાં, પ્રવાહી ભરેલી કોથળીઓ રચાય છે, જે કિડની માટે ગંભીર સમસ્યાઓનું કારણ બને છે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે નવી ફોર્મ્યુલા દ્વારા આવા રોગોનો ઈલાજ કરી શકાય છે.

નવીન ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના નિર્માણથી થરાદના જન મનની વાત આજે સાકાર થઈ રહી છે

# થરાદ ખાતે રૂપિયા 54.16 કરોડના ખર્ચે 175 બેડની અત્યાધુનિક હોસ્પિટલ નિર્માણ થશે

## અત્યાધુનિક હોસ્પિટલનું નિર્માણ : સરહદી વિસ્તારમાં આરોગ્ય સુવિધાનો સૂર્યોદય

થરાદ | તા.05

સરહદી વિસ્તારમાં મોટા શહેરો જેવી અત્યાધુનિક સ્વાસ્થય સુવિધાઓ મળી રહે તે માટે આજે થરાદની નવીન ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું ખાતમુહુર્ત અને ભૂમિપૂજન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું .અંદાજીત રૂ.54.16કરોડના ખર્ચે સરહદી વિસ્તારમાં નિર્માણ થનારી આ હોસ્પિટલ આ વિસ્તારના લોકો માટે આધુનિક આરોગ્યની સુવિધાઓ પુરી પાડશે જેના ખાતમુહુર્ત પ્રસંગે મોટી સંખ્યામાં સરહદી વિસ્તારના આગેવાનો તેમજ સ્થાનિક લોકો જોડાયા હતા. ખાતમુહુર્ત પ્રસંગે અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આજે થરાદના જન મનની વાત હોસ્પિટલના ખાતમુહુર્ત સાથે સાકાર થઈ છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે હોસ્પિટલના રૂપમાં મોટી ભેટ આપી છે.આ હોસ્પિટલનો સંપૂર્ણ જશ થરાદની જનતાને જાય છે.જેમણે મારા પર મુકેલા વિશ્વાસ અને ભરોસા થકી આ શક્ય બન્યું છે.આ વિસ્તારના ગરીબમાં ગરીબ લોકોને પણ આરોગ્યની મુશ્કેલી સમયે તકલીફ ન પડે તે માટે તમામ બાબતોનું ધ્યાન રાખી હોસ્પિટલની રૂપરેખા તૈયાર કરાઈ છે.આ હોસ્પિટલમાં એમઆરઆઈ અને સીટી સ્કેન સહિતની સુવિધાઓ ઉભી કરશે.આપણી આ હોસ્પિટલનું આજે ખાતમુહુર્ત થયું છેજેની કામગીરી બે વર્ષમાં પુરી થશે.આપણા



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત બનાસવાસીઓની ચિંતા કરી આપણને પાણી થી લઈ આરોગ્યની સુવિધાઓ આપી છે જે માણે આપણે એમના ઋણી છીએ.આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે હોસ્પિટલના ખાતમુહુર્ત પ્રસંગે રાજ્યની સાથે બનાસકાંઠા જિલ્લામાં વધી રહેલી આરોગ્ય સુવિધાઓ અંગે વિગતો રજૂ કરી હતી.જેમાં તેમણે જણાવ્યું હતું કે થરાદમાં નિર્માણ થનારી આ હોસ્પિટલ સરહદી આઠ તાલુકા અને પડોશી રાજસ્થાન રાજ્ય માટે આરોગ્ય સુવિધાની સંજીવની પુરવાર થશે.આ સમગ્ર હોસ્પિટલની તમામ બાબતોમાં અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ માર્ગદર્શન કર્યું છે.ગુજરાત સરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી ગામડાઓ સુધી આરોગ્યની સુવિધાઓ પહોંચાડી રહી છે.ગુજરાતમાં આયુષ્યમાન કાર્ડ ગકી દસ લાખ સુધીની આરોગ્ય સુવિધા નાગરિકોને મળી રહી છે.રાજ્યમાં 2.40 કરોડ પીએમજેવાય કાર્ડ નાગરિકોને આરોગ્ય સુરક્ષા કવચ પૂરું પાડી રહ્યા છે.બનાસના લોકો સ્વમાનભેર જીવન જીવે એ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વિસ્તારમાં વિકાસના અનેક કામ કર્યા છે જેના થકી આજે આ વિસ્તાર પ્રગતિના નવા સોપાન સર કરી રહ્યો છે. સાસંદ પરબતભાઈ પટેલે પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવત ટાંકીને જણાવ્યું હતું કે સરહદી વિસ્તારમાં નિર્માણધીન અત્યાધુનિક હોસ્પિટલ આ વિસ્તારના લોકો માટે આશીર્વાદરૂપે બનશે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ગામડાઓ સુધી આરોગ્ય સુવિધાઓ પહોંચી છે જેથી ગામડાઓમાં પણ મુશ્કેલીના સમયમાં આરોગ્યની સેવાઓ મળી રહી છે.આ પ્રસંગે ધારાસભ્યઓ પ્રવીણભાઈ માળી,માવજીભાઈ દેસાઈ,લવિંગજી ઠાકોર,જિલ્લા કલેકટર વરૂણકુમાર બરનવાલ,પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા,પૂર્વ સાંસદ દિનેશભાઈ અનાવાડિયા,પૂર્વ ધારાસભ્ય શશીકાંત પંડયા,ગોવાભાઈ દેસાઈ,માવજીભાઈ પટેલ,સંગઠન મહામંત્રી કનુભાઈ વ્યાસ,બનાસબેંકના ચેરમેન સવસીભાઈ ચૌધરી,નાયબ નિયામક ડૉ.તૃપ્તિબેન દેસાઈ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રૂપિયા માંગતા અરજદારની ફરિયાદને છટકામાં બે એજન્ટો આબાદ ફસાયા

# પાલનપુરમાં લર્નિંગ લાઇસન્સ માટે 3,300ની લાંચ લેતા બે ઝડપાયા

પાલનપુર | તા.05

સરકારના નવા નિયમો અનુસાર ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે કોમ્પ્યૂટર ટેસ્ટ દ્વારા ટ્રાફિક નિયમન અને વાહન ચલાવવા માટે રસ્તામાં બતાવેલ સાઈનબોર્ડ સહિતની જાણકારી માટે કોમ્પ્યૂટર ટેસ્ટ લેવા માટે આઈટીઆઈમાં પરીક્ષા આપવા માટે સેટીંગથી પાસ કરાવી આપવા માટે રૂા.3300ની લાંચ માંગતા બે એજન્ટોને એસીબીએ લાંચના છટકામાં ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. રાજ્યના વાહનવ્યવહાર વિભાગે અગાઉ જે પરીક્ષા આરટીઓ કચેરીમાં લેવામાં આવી હતી.તે ઓનલાઈન ટેસ્ટ લેવાની જવાબદારી આઈટીઆઈમાં સોંપી દેતા આઈટીઆઈના ઈન્સ્ટ્રકટરોને કામનુ ભારણ વધ્યુ છે.અને બીજી તરફ જે વિભાગનુ કામ છે.ત્યાં ધીમેધીમે કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને ખાનગી એજન્સીઓને કામ આપી દઈ આરટીઓ કચેરીનુ કામ બહાર ગાડી વેચનારા ડીલરોને આપી દેતાં જે કામ આરટીઓ કચરેમાં થતુ હતુ.તેના બદલે હવે લાઇસન્સ મેળવવા માટે આઈટીઆઈના ચક્કર કાપવા પડે છે. તેના કારણે લોકોને પણ હાલાકી પડી રહી છે.આમ વાહન વ્યવહાર વિભાગ દ્વારા આરટીઓ કચેરીની પ્રક્રિયા જટિલ બનાવી દેતા લોકો એજન્ટોનો સંપર્ક કરવા મજબુર બને છે.અને તેના કારણે જે કામ આરટીઓ કચેરીમાં સીધુ થવુ જોઈએ તેના બદલે હવે ખાનગી લોકો તેનો લાભ લઈ રહ્યા હોઈ સરકારી કચેરીનુ અવમુલ્યન થઈ અને ખાનગી લોકોનુ મુલ્ય વધી રહ્યુ છે.ત્યારે પાલનપુર ખાતે ડ્રાઈવીંગ લાઇસન્સ મેળવવા માટેની જટીલ પ્રક્રિયા સરળતાથી પતાવવા માટે ખાનગી એજન્ટનો સંપર્ક કરતાં અરજદાર પાસેથી સરકારીના રૂા.900 ઉપરાંત સેટીંગ માટે રૂા.3300ની લાંચની માંગણી કરી અને વધારાના રૂા.3300 લેનાર એજન્ટો સામે અરજદારે એસીબીમાં ફરીયાદ કરતાં એસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ.ચૌધરીએ પાલનપુર આરટીઓ કચેરી સામે સત્યમ સીટી કોમ્પલેક્ષમાં ગૌસ્વામી ઓનલાઈન દુકાનમાં ટ્રેપ કરીને અક્ષયકુમાર નારણભાઈ પ્રજાપતિ રહે. ચંડીસરતા. પાલનપુર તથા અકીલહુસેન સલીમહુસેન સૈયદ રહે.આનંદનગર, જામપુરા સ્કુલ પાછળ,પાલનપુરવાળાને ઝડપી લઈ અને લાંચની રકમ કોને આપવાની હતી.અને કયા કર્મચારી સાથે સેટિંગ કરેલ હતુ તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## જીઆઇડીસીમાં મોટર ગેરેજમાં આગ, ગેસ સિલિન્ડર કાઢી લેતા દુર્ઘટના ટળી

વડોદરા | વડોદરાની મકરપુરા જીઆઈડીસીમાં ગઈ રાતે મોટર ગેરેજમાં બનેલા આગના બનાવને પગલે ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. મકરપુરા જીઆઈડીસીમાં આવેલા પટેલ મોટર્સ નામના ગેરેજમાં કામકાજ બંધ કરીને મિકેનિકો ઘેર ગયા ત્યારબાદ એકાએક આગ લાગતા કોઈ વ્યક્તિએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. મકરપુરા ફાયરની ટીમ બનાવના સ્થળે આવી હતી અને એક કલાકની જહેમત બાદ આગ કાબુમાં લીધી હતી. ફાયર બિગડે ગેસનો બોટલ કાઢી લેતા મોટી દુર્ઘટના થતા રહી ગઈ હતી.

# ભીલડી ગામમાં કરોડોના ખર્ચે આધુનિક રેલવે સ્ટેશન બનશે

ડીસા | તા.05

ડીસા તાલુકાના વેપારી શહેર ભીલડી ધીરે વિકાસ તરફ આગળ વધી રહી રહ્યું છે રેલવે તંત્ર દ્વારા કરોડોના ખર્ચ નવું આધુનિક રેલ્વે સ્ટેશનનો શિલાન્યાસ થયો છે અને રેલવે મુસાફરો માટે એરપોર્ટ જેવી સુવિધા મળશે પરંતુ બસ સ્ટેન્ડ ના કોઈ ઢેકાણા નથી જેથી મુસાફરોને ભારે અગવડતા પડી રહી છે. ભીલડી શહેર આજુબાજુના 35થી વધુ ગામોનું વેપારી મથક રહેલું છે ભીલડીથી રાજસ્થાન કચ્છ અને પાટણ અમદાવાદને જોડતી સીધી રેલ્વે લાઈનો આવેલી છે જેથી મુસાફરોની સતત અવર જવર રહે છે. આ ઉપરાંત વીજ કંપનીની ઓફિસ આવેલી છે જેથી તમામ ખેડૂતોની સતત અવરજવર રહેતી હોય છે પરંતુ બસ સ્ટેન્ડ ના અભાવે એસ ટી બસો રોડ વચ્ચે ઉભી રહે છે જેના કારણે મુસાફરોને પણ અગવડતા પડે છે. ઉનાળાની ગરમી હોય કે ચોમાસાનો વરસાદ રોડ પર ખુલ્લામાં મુસાફરોને ઊભા રહેવું પડે છે. એસટી ચાલકોની પણ સલામતી જળવાતી નથી ત્યારે વહીવટીતંત્ર દ્વારા કાયમી ધોરણે એક બસ સ્ટેન્ડ માટેની તજવીજ હાથ ઘરે તેવી માંગ છે. હાઈવે પર રહેલા પીક અપ સ્ટેન્ડો પણ નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ફેરલેન હાઈવે બનાવ્યો તે સમયે પાડી દેવા માં આવ્યા હતા પરંતુ ત્યારબાદ પીક અપ સ્ટેન્ડો પણ બનાવવામાં ન આવતા મુસાફરોને રસ્તા વચ્ચે ઊભા રહીને જ ખાનગી વાહનોમાં કે એસ.ટી બસમાં ચડવું પડતું હોય છે.

સચિન GIDCમાં 6 નિર્દોષનો ભોગ લેવાયો હતો

# કેમિકલ ગેસ દુર્ઘટના કાંડમાં મુંબઈની હાઈકેલ કંપનીના એમડી સમીર હિરેમઠની ધરપકડ


સુરત | તા.05

સચિન જીઆઈડીસીની ખાડીમાં મુંબઈની હાઈકેલ સહિત ચાર કંપનીએ કેમિકલ છોડતા ઉદભવેલા ગેસથી 6 નિર્દોષના મોત નીપજવાની ઘટનામાં હાઈકેલ કંપનીના એમ.ડી સમીર હિરેમઠ આગોતરા જામીન સાથે હાજર થતા ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ બાદ જામીન મુક્ત કર્યા હતા. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ સચિન જીઆઈડીસીની ખાડીમાં મુંબઈની હાઈકેલ સહિત ચાર કંપનીએ કેમિકલ છોડતા ઉદભવેલા ગેસથી 6 નિર્દોષના મોતના બનાવમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ કંપનીના સંચાલકોનું નિવેદન નોંધવા મુંબઈ પહોંચી હતી. જોકે, એમ.ડી અને અન્યો ક્રાઈમ બ્રાન્ચને મળ્યા નહોતા. ક્રાઈમ બ્રાન્ચે કંપનીની નરીમાન પોઈન્ટ સ્થિત ઓફિસ અને બેલાપુરની ઓફિસમાં તપાસ હાથ ધરી કેટલાક દસ્તાવેજી પુરાવા એકત્ર કર્યા હતા.ક્રાઈમ બ્રાન્ચે તમામના નિવેદન નોંધવા માટે તેમની શોધખોળ કરી હતી.પણ તેઓ ભૂગર્ભમાં ઉતરી જતા તેમને તપાસમાં નિવેદન નોંધાવવા નોટીસ બજવી હતી.તેમ છતાં કોઈ સંચાલક ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થયો નહોતો.આથી સુરત પોલીસે તેમની ધરપકડ માટે સીઆરપીસી 70 મુજબનું વોરન્ટ ઈશ્યુ કરાવી તેમને ભાગેડુ જાહેર કરવા કાર્યવાહી શરૂ કરી હતી. દરમિયાન, ક્રાઈમ બ્રાન્ચની ટીમ તેમની તપાસ માટે ફરી મુંબઈ પહોંચી હતી અને તેમની તપાસ કરી હતી છતાં કોઈ મળ્યું નહોતું.આથી સુરત પોલીસ દ્વારા હાઈકેલ કંપનીના એમ.ડી સમીર હિરેમઠ ભારત છોડી વિદેશ ફરાર નહીં થાય તે માટે સુરત પોલીસે તેમના વિરુદ્ધ લુકઆઉટ નોટીસ ઈસ્યુ કરાવી હતી.

# પાટણ શહેરના સ્થાપના દિન નિમિત્તે સંગીત સમારોહ ઊજવવામાં આવ્યો

પાટણ | તા.05

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા જિલ્લા વહિવટીતંત્ર પાટણના સંયુક્ત ઉપક્રમે વિશ્વ વિરાસત રાણીની વાવ ઉત્સવ તા.03 અને 04 માર્ચના રોજ રાત્રે 8-00 કલાકથી રાણીની વાવ પાટણ ખાતે યોજવામાં આવ્યો છે. જેમાં સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. રવિવારના કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર માયાભાઈ આહીરે પોતાના સંગીત સુર રેલાવ્યા હતા. કાર્યક્રમમાં સાંસદ ભરતસિંહ ડાભીએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ગુજરાતમાં પાટણથી કારોબારી ચાલતો હતો. રાજા સિદ્ધરાજ



જયસિંહ પાટણથી વહિવટ કરતા હતા આ રીતે પાટણની પ્રભુતા આપણે ઈતિહાસમાં જોઈ છે. આજનો આ સુંદર મનોરંજન સાથેનો કાર્યક્રમ કરવા માટે જિલ્લા વહિવટી તંત્રએ ખૂબ મહેનત કરી છે. તમામને હું બિરદાવું છું. બે દિવસીય આયોજિત રાણકી વાવ ઉત્સવમાં ગુજરાતમાંથી ખૂબ સારા કલાકારો બોલાવી પાટણ શેહરની પ્રજાનું મનોરંજન કરવામાં આવશે.

## ગ્રાહકના સ્વાંગમાં આવેલો ગઠિયો એક લાખના દાગીના ચોરી ગયો

વડોદરા | વડોદરાના પાદરામાં આર્યા ઈલાઈટમાં રહેતા હીરાભાઈ કૃષ્ણચંદ્ર બંગાળી અટલાદરા જ્યુપીટર હોસ્પિટલની બાજુમાં વટપ્રદ સોસાયટીમાં ભાડાના મકાનમાં આરપી જ્વેલર્સ નામની સોના ચાંદીની દુકાન ચલાવે છે. અટલાદરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગઈકાલે સવારે 11 વાગ્યે મે દુકાન ખોલી હતી. પોણા બાર વાગ્યે એક મજબૂત બાંધાનો ઊંચો લાઈનિંગ વાળું શર્ટ પહેરેલો આરોપી ગ્રાહકના સ્વાંગમાં મારી દુકાનમાં આવ્યો હતો અને સોનાની પાઈપની રીંગ ખરીદવાનું જણાવ્યું હતું. જેથી મેં મારા ડ્રોવરમાંથી સોનાની ડબ્બી ગાડીમાં મૂકી ગ્રાહકને બતાવી હતી પરંતુ તેને દાગીના પસંદ પડ્યા ન હતા.

## વડોદરાના દંતેશ્વરમાં સિક્યુરિટી ગાર્ડ પર મોપેડ ચાલક યુવાનો હુમલો

વડોદરા |વડોદરાના તરસાલીમાં વિશાલ નગરમાં રહેતા 63 વર્ષના સુધીરભાઈ બબનરામ સાવંત સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. ગઈકાલે તેમને નોકરી દર્શનમ એન્ટી કા ફ્લૅટ દંતેશ્વર ખાતે મેન ગેટ પર હતી રાત્રે 8:30 વાગ્યે એક ચાલક રોંગ સાઈડથી એન્ટ્રી લેતો હોવાથી મેં તેને બૂમ પાડીને બોલાવ્યો હતો મોબાઈલ ચાલાકી પાસે આવીને મારી પાસે એન્ટ્રી કરાવતા તેનું નામ અંકિત જયસ્વાલ જણાવ્યું હતું. મેં તેને રોંગ સાઈડ એન્ટ્રી લેવા બાબતે પૂછતા તે બોલાચાલી કરીને કહેવા લાગ્યો હતો કે સવારે હું આવ્યો ત્યારે મને કોઈએ રોક્યો ન હતો અત્યારે તમે કેમ રોક્યો તેણે મારા પર હુમલો કરી દિલનું ટિફિન મારા માથાના ભાગે મારી દીધું હતું ગેટ પર લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું.

## પેરોલ જમ્પ કરી ફરાર વિરામણી ઉર્ફે અન્ના તમિલનાડુમાં જ્યોતિષ બની મંદિરમાં છુપાયો

સુરત | સુરતના ડુમસ ખાતેથી એક કિલોગ્રામથી વધુ એમ.ડી.ડ્રગ્સ સાથે ઝડપાયેલા અને લાજપોર જેલમાંથી એમ.ડી.ડ્રગ્સની ફેક્ટરીની યોજનાને અમલમાં મુકવા પેરોલ જમ્પ કરી ફરાર વિરામની ઉર્ફે અન્નાને ક્રાઈમ બ્રાન્ચે તેના વતન તમિલનાડુના એ-વેલનગુડી ગામના કાલભૈરવ મંદિરમાંથી ઝડપી લીધો હતો.રો મટીરીયલમાંથી એમ.ડી.ડ્રગ્સ બનાવવામાં માહેર અન્ના અગાઉ જેલમાં કેદ હતો ત્યારે જ્યોતિષ તરીકે જાણીતો હતો અને પેરોલ જમ્પ કરી મંદિરમાં ઉપાસક બની તેણે લોકોના ભવિષ્ય જોવાનું કામ શરૂ કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ ક્રાઈમ બ્રાન્ચે ગત સપ્ટેમ્બર 2023 માં રાજસ્થાન પોલીસ સાથે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરી રાજસ્થાન પાલીના પાતી ગામમાં એક ઘરના વાડામાંથી એમ.ડી.ડ્રગ્સ બનાવવાનું 10.861 કિલોગ્રામ રો મટીરીયલ કબજે કર્યું હતું.જ્યારે ક્રાઈમ બ્રાન્ચે તે અરસામાં જ લાજપોર જેલના સ્ટાફ સાથે મળી બેરેક નં.એ/6/3 પાસે તેમાં રાખવામાં આવેલા આરોપીઓ પૈકી સુનિલ કૌશિક ગજાનંદ શર્મા પાસેથી એક મોબાઈલ ફોન કબજે કરી તપાસ શરૂ કરતા ખુલાસો થયો હતો કે ક્રાઈમ બ્રાન્ચે ડુમસ ખાતેથી સપ્ટેમ્બર 2020 માં એક કિલોગ્રામથી વધુ એમ.ડી.ડ્રગ્સ સાથે પકડેલા અને લાજપોર જેલમાં બંધ વિરામની ઉર્ફે અન્ના પાંડુરંગા અને કતારગામમાં બનેવીની હત્યાના ગુનામાં ઝડપાયા બાદ લાજપોર જેલમાં બંધ ઘનશ્યામ મુલાણી સાથે મળી સુનિલે એમ.ડી.ડ્રગ્સ બનાવવા આયોજન કર્યું હતું.તે માટે તેઓ ઉમરગામમાં ફેક્ટરી શરૂ કરી ત્યાં એમ.ડી.ડ્રગ્સ તૈયાર કરી ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઘુસાડવાનું આયોજન કરી રહ્યા હતા.

દિવસની સિંચાઈ માટેની વિજળી મળતી હોવાનો સરકારનો દાવો

# સાબરકાંઠા-અરવલ્લીના ખેડૂતો હજુ પણ કિસાન સૂર્યોદય યોજનાથી વંચિત

સુરત | તા.05





રાજ્યના ધરતીપુત્રો દિવસે સળંગ આઠ કલાક વિજળી સિંચાઈ માટે મળી રહે તે માટે સરકારને રજુઆતો કરી રહ્યા છે. રાજ્ય સરકારે કિસાન સુર્યોદય નામે દિવસે વિજળી આપવા કમર કસી છે. છતાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હજુ પણ 800થી વધુ ગામો આ યોજનાથી વંચિત હોવાનો ખુલાસો વિધાનસભા ગૃહમાં થયો છે. તત્કાલિન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સરકાર સમયે કિસાન સૂર્યોદય યોજનાની જાહેરાત કરી હતી. કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે સિંચાઈ માટે સળંગ આઠ કલાક વિજળી મળી રહે તેવો યોજનાનો આશય રહેલો છે. શિયાળામાં કડકડતી ઠંડીમાં રાત્રે ખેતરોમાં પાણી વાળવા જતાં ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. હાડ થીજવતી ઠંડીમાં ખેડૂતો ઠરી જતા હોય છે. એટલુ જ નહી, નિલગાય, જંગલી ભુંડ જેવા જાનવરોનો રાત્રે ભારે ત્રાસ રહેતો હોય છે. રાત્રે એકલ દોકલ ખેડૂત પર જંગલી જાનવર હુમલો કરી બેસવાનો ભય પણ રહેતો હોય છે. ચોમાસામાં રાત્રે સાપ જેવા ઝેરી જાનવરો કરડી જાય તેવી દહેશત પણ રહેતી હોય છે. રાત્રે શિયાળાના અને ચોમાસાના દિવસોમાં ખેત મજુરો પણ ખેતરોમાં પાણી વાળવા જતાં ખચકાતા હોય છે. આ બધા કારણોસર ખેડૂતો દિવસની સળંગ આઠ કલાક ગુણવત્તાયુક્ત વિજળી સિંચાઈ માટે મળે તેવી સરકારને રજુઆતો કરતા હોય છે. બીજી તરફ રાજ્ય સરકાર પણ કિસાન સુર્યોદય યોજના હેઠળ વધુમાં વધુ ગામોને આવરી લેવાય તે માટે પ્રયત્નશીલ છે. આ અંગે રાજ્ય વિધાનસભા ગૃહમાં ખેડબ્રહ્માના ધારાસભ્ય તુષાર ચૌધરીએ સવાલ ઉઠાવ્યો હતો કે તા. 31-12-2023ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેટલા ગામોને કિસાન સુર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે ? જેના જવાબમાં સરકારે આંકડા રજુ કર્યા છે. જે પ્રમાણે સાબરકાંઠાના 449 અને અરવલ્લી જિલ્લાના 385 એમ કુલ મળીને 834 ગામોનો આ યોજના હેઠળ છેલ્લા બે માસમાં સમાવેશ કરાયો છે. જ્યારે સાબરકાંઠાના 400 અને અરવલ્લી જિલ્લાના 443 મળી કુલ 843 ગામો હજુ પણ આ યોજનાથી વંચિત છે. આ યોજના હેઠળ ગામો કેમ બાકી રહ્યા છે ? તે અંગે સરકારે રજુ કરેલા જવાબ મુજબ જરૂરી માળખાગત સુવિધાઓ, વીજ પ્રવહન, વીજ વિતરણ વ્યવસ્થા, નાણાંકીય આયોજનને ધ્યાને લઈને યોજનાનુ તબક્કાવાર અમલીકરણ થાય છે.

બળજબરથી ફોર્મ ભરાવાતા હોવાનો આક્ષેપ, હડતાળ પર જવાની ધમકી

## આઉટ સોર્સિંગ સામે MSUના હંગામી કર્મચારીઓના દેખાવો



વડોદરા | તા.05

સરકારના ઈશારે એમ.એસ. યુનિવર્સિટીમાં હંગામી બિન શૈક્ષણિક કર્મચારીઓની કામગીરીનુ આઉટ સોર્સિંગ કરવા માટે યુનિવર્સિટી સત્તાધીશોએ શરુ કરેલા મરણિયા પ્રયાસો સામે આખરે હંગામી કર્મચારીઓમાં ભારે રોષની લાગણી ભભૂકી ઉઠી છે. આઉટ સોર્સિંગના ભાગરુપે યુનિવર્સિટી સત્તાધીશોએ જે એજન્સીને કોન્ટ્રાક્ટ અપાયો છે તે એજન્સીના ઈશારે કર્મચારીઓ પાસે ફોર્મ ભરાવવાના શરુ કરાવ્યા છે. નવાઈની વાત એ છે કે, આ ફોર્મ પર કોઈ એજન્સી કે યુનિવર્સિટીનુ નામ નથી અને ફોર્મમાં કર્મચારીઓને પાન કાર્ડ અને આધાર કાર્ડ જેવી અંગત અને સંવેનશીલ જાણકારી પૂરી પાડવાનો આદેશ અપાયો છે.

જેના પગલે કર્મચારીઓમાં વ્યાપેલો રોષ બેવડાયો છે. આજે હંગામી કર્મચારીઓએ વીજળીક વેગે હડતાળ પાડીને આઉટ સોર્સિંગનો વિરોધ કર્યો હતો. સાયન્સ ફેકલ્ટીની સામેના ગાર્ડનમાં સેંકડો કર્મચારીઓએ એકઠા થઈને દેખાવો કર્યા હતા.

કર્મચારીઓએ આક્ષેપ કર્યો હતો કે, એજન્સીના ઈશારે કર્મચારીઓને બળજબરથી આઉટસોર્સિંગના ફોર્મ ભરવાની ફરજ પાડવામાં આવી રહી છે.

# મોટા વરાછાની સહયોગ ક્રેડિટ સોસાયટીના રૂ.54.22 લાખના ગોબાચારીમાં વધુ એક ડિરેક્ટરની ધરપકડ

સુરત | તા.05

મોટા વરાછાના એબીસી સર્કલ સ્થિત ધી સહયોગ કો.ઓ. ક્રેડિટ એન્ડ કન્ઝયુમર્સ સો. લિ. ના પ્રમુખ અને ડિરેક્ટર સહિતના હોદ્દેદારોએ સભાસદોની બોગસ સહી થકી લોન મંજૂર કરાવવાથી લઇ નિયમ વિરૂધ્ધ 12 ટકાથી 18 ટકા સુધીનું ઉંચુ વ્યાજની ચુકવણી કરી રૂ. 54.22 લાખની ગોબાચારી પ્રકરણમાં પોલીસે વધુ એક ડિરેકટરની ધરપકડ કરી છે. મોટા વરાછાના એબીસી-2 કોમ્પ્લેક્ષમાં આવેલી ધી સહયોગ કો.ઓ. ક્રેડિટ એન્ડ કન્ઝયુમર્સ સો. લિ. ના પ્રમુખ જીતેશ બાબુભાઈ ઇટાળીયાએ વર્ષ 2018-19 માં સોસાયટીના સભાસદોના અયોગ્ય વહીવટ અંગે સુરત જિલ્લા રજીસ્ટ્રારને અરજી કરી હતી. રજીસ્ટ્રાર દ્વારા વહીવટદારની નિમણુંક કરવામાં આવી હતી અને ઓડિટ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ અને ડિરેક્ટર સહિતનાએ પુરાવા વગર વ્યાજ ચુકવવાથી લઇ ખોટા પગારની એન્ટ્રી, નિયમ વિરૂધ્ધ ખર્ચ ઉધારવાથી લઇ 12 ટકાથી 18 ટકા સુધીનું ઉંચુ વ્યાજની ચુકવણી, સ્ટેમ્પ ડ્યુટીની રકમ ઓછી વાપરી સરકારનો ચુનો લગાવ્યો હતો. ઉપરાંત ત્રાહિત વ્યક્તિના ખાતામાંથી લોન ખાતામાં રકમ જમા કરી ખાતા ક્લોઝ કરવા, સભાસદોની ખોટી સહી કરી લોન મંજૂર કરાવવાની સાથે નિયમ કરતા વધુ પગાર ચુકવી રૂ. 54.22 લાખની ગોબાચારીની 23 વિરૂધ્ધ ફરિયાદ અઠવાડિયા અગાઉ નોંધી ત્રણની ધરપકડ કરી હતી.

## ચરોતરમાં 289.67 કરોડના ખર્ચે ચાર નવી જૂથ પાણી પુરવઠા યોજના પૂર્ણ કરાઈ

આણંદ - ખેડા જિલ્લામાં અંદાજિત રૂા. 289.67 કરોડના ખર્ચે ચાર નવી જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેનું આજે લોકાર્પણ માતર તાલુકાના પરીએજ તળાવખાતેથી રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાના હસ્તે કરવામાં આવશે. આ ચાર યોજના પૂર્ણ થતા હવે આણંદ - ખેડા જિલ્લાના વિવિધ તાલુકાના કુલ મળી 101 ગામો અને 1 શહેરની મળી અંદાજિત 4.45 લાખની વસતિને પીવાનું શુધ્ધ પાણી મળી રહેશે. આ અંગે માહિતગાર સૂત્રોના જણાવ્યા મુજબ આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના 39 ગામોના લોકોને તથા ખેડા જિલ્લાના ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના 62 ગામના લોકોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે રાજ્ય સરકારના પાણી પુરવઠા વિભાગ દ્વારા રૂા. 289.67 કરોડના ખર્ચે ચાર યોજનાઓ પૂરી કરવામાં આવી છે.

# સ્મીમેરમાં ચોરી કરવા આવતી ત્રણ મહિલાને માર્શલે ઝડપી

સુરત | પાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં દર્દી અને દર્દીના સંબંધીઓના પાકિટ સહિતની ચોરી થતી હોવાની ફરીયાદો ઉઠી હતી. તેવા સમયે આજે સ્મીમેર ખાતે ચોરી કરવા આવતા ત્રણ મહિલાઓને માર્શલોએ ઝપડીને પોલીસને સોપવામાં આવી હતી. સુત્રો પાસેથી મળેલી વિગત મુજબ સ્મીમેર હોસ્પિટલમાં દર્દી કે દર્દીના સંબંધીનુ પાર્કિટની ગત તા.૨૯મી ચોરી થયુ હતુ. આ અંગે તેમણે સિવિલના અધિકારી સહિતના જાણ કરી હતી. જેથી સ્મીમેર તંત્ર દ્વારા સી.સી ટી.વી કેમેરાના ચેક કરાવ્યા હતા. જેમાં એક મહિલા ચોરી કરતા નજર ચઢી હતી. જેથી તે મહિલાનો ફોટાના ત્યાં ફરજ બજાવતા માર્શલોને મોકલીને એલર્ટ કરવામાં આવ્યા હતા. તેવા સમયે આજે સોમવારે તે મહિલા સ્મીમેરમાં દેખાઈ હતી. જોકે તેનો ફોટો લઈને માસલ કેસ બારી પાસે ગયા હતા. ત્યારે તે મહિલાએ દર્દી કે સંબંધીનો પાર્કિટ ચોરતા માર્શલોએ રંગેહાથ ઝડપી પાડી હતી.બાદમાં તે મહિલાની પુછપરછ કરતા અન્ય બે મહિલા પણ તેની સાથે આવેલી હતી.

### પ્રાંત અધિકારી અને મામલતદારે તાકીદે બેઠક બોલાવી

# બરવાળા નગરપાલિકાના વેરા વધારા સામે બરવાળા સજ્જડ બંધ

બરવાળા | બરવાળા પાલિકા દ્વારા વેરો વધારાનો મુદ્દો આવતા જ વિરોધ વંટોળ ઉઠવા પામ્યો હતો. જો કે, ત્રણ દિવસના નાગરિક સમિતિના ધરણામાં કોંગ્રેસ દ્વારા ટેકો જાહેર કરતા આંદોલન વધુ ઉગ્ર બન્યું હતું અને આજે બરવાળાના વેપારીઓએ સજ્જડ બંધ પાળ્યો હતો.બરવાળા નગરપાલિકાના વેરા વધારા સામે નગરજનો અને વેપારીઓ દ્વારા ત્રણ દિવસથી નગરપાલિકા કચેરી સામે ધરણાના કાર્યક્રમો ચાલુ છે તેવામાં આજરોજ બરવાળા શહેર કોંગ્રેસ સમિતિએ નાગરિકો અને વેપારીઓને ટેકો જાહેર કરતા વેરા વધારા આંદોલન વધુ ઉગ્ર બન્યું છે જેના અનુસંધાને બરવાળાના વેપારીઓએ આજ વહેલી સવારથી જ સ્વૈચ્છીક દુકાનો બંધ રાખી ઉગ્ર વિરોધ નોંધાવેલ જેના પરિણામે બરવાળા આજે સજ્જડ બંધ રહ્યું હતું અને બરવાળાના વેપારીઓએ જ્યાં સુધી વેરા વધારો પરત ખેંચવામાં ન આવે ત્યાં સુધી બરવાળા બંધ રાખવાનો આકરો નિર્ણય કરવામાં આવેલ છે. આમ બરવાળાના વેપારીઓ અને નગરજનો આકરા પાણીએ થતાં તાત્કાલીક અસરથી બરવાળા પ્રાંત અધિકારી એસ.વી. ચૌધરી અને મામલતદાર સી.આર. પ્રજાપતિએ તાત્કાલીક એક બેઠક બોલાવેલ જેમાં નાગરિક સમિતિના હોદ્દેદારો કોંગ્રેસના આગેવાનો, ભાજપના આગેવાનો અને નગરપાલિકા પ્રમુખ અને કારોબારી ચેરમેને હાજરી આપી હતી. જેમાં નાગરિક સમિતિની માંગણી મુજબ બરવાળા નગરપાલિકાના પ્રમુખ અને કારોબારી ચેરમેને જણાવેલ કે બરવાળા નગરપાલિકા દ્વારા વેરો ઘટાડવાનો ઠરાવ કરી નગરપાલિકાના પ્રાદેશિક કમિશનરમાં મોકલી આપેલ છે. જ્યાંથી જે નિર્ણય આવે તે મંજૂર રાખવો પડે. જ્યારે નાગરિક સમિતિએ લેખિતમાં વેરો ઘટાડવા માટે બાહેધરી માંગી હતી જેના અનુસંધાનમાં પ્રાંત અધિકારીએ બન્ને પક્ષોને સમાધાનકારી વલણ અપનાવી વેપારીઓ તાત્કાલીક દુકાનો ખોલી નાખે તેવી અપીલ કરી હતી. પરંતુ કોઈપણ વેપારીએ દુકાન ખોલી ન હતી.

### ભાવનગર શહેર વી.વાય.ઓ.ની શાખાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા

# પાલિતાણા શહેરમાં ફૂલફાગ હોળી રસિયા મહોત્સવમાં વૈષ્ણવવૃંદને વ્રજની અનુભૂતિ



પાલિતાણા | યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.૧૦૮ ગોસ્વામી વ્રજરાજકુમારજી મહોદય દ્વારા સ્થાપિત વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનની પાલિતાણા શાખાના ઉપક્રમે ગત વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલ તા.૫ માર્ચે પાલિતાણા શહેરમાં યોજાનાર ફૂલફાગ હોળી રસિયા મહોત્સવમાં વૈષ્ણવવૃંદને વ્રજની અનુભૂતિ થઇ.આ પ્રસંગે ભાવનગર શહેર વી.વાય.ઓ.ની શાખાના પદાધિકારીઓ અને આગેવાનો વિશેષ ઉપસ્થિત રહેશે. સમસ્ત વૈષ્ણવ સંપ્રદાયમાં હોળીપર્વના દિવસોમાં ઠાકોરજી સમક્ષ ફૂલોથી ખેલાવવાની અલૌકીક પરંપરા વર્ષોથી ચાલી આવે છે. જે અંતર્ગત ગોહિલવાડની તમામ પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં સમયાંતરે વ્રજની સાક્ષાત અનુભૂતિ કરાવતા હોળી રસિયા ફૂલફાગ મનોરથો યોજાઈ રહ્યા છે. પાલિતાણા વી.વાય.ઓ.ની શાખા દ્વારા અત્રેની સર્વોદય સોસાયટીમાં આવેલા મોટા મેદાનમાં આવતીકાલ તા.૫ માર્ચને મંગળવારે સાંજે ૫ કલાકે વલ્લભકુલભૂષણ પૂ.પા.૧૦૮ ગોસ્વામી વ્રજરાજકુમારજી મહોદયના સાનિધ્યમાં અલૌકીક ફૂલફાગ હોલી રસિયા મનોરથ ઉજવાશે. જેમાં ભાવનગરના જાણીતા કિર્તનકાર સૌરભભાઈ શાહ તથા વલ્લભ ગૃપના સભ્યો દ્વારા હોલી રસિયાના એક એકથી ચડિયાતા કર્ણપ્રિય કિર્તનોની રમઝટ બોલાવવામાં આવશે. આ ઉપરાંત તા.૬ ને બુધવારે પૂજ્ય દ્વારા શ્યામલાલજીની મોટી હવેલીમાં બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે. જે ભાવિકને બ્રહ્મસંબંધ લેવાનો હોય તેઓએ વહેલી તકે પાલિતાણા વી.વાય.ઓ. પ્રમુખ શૈલેષભાઈ સોની અથવા મયંકભાઈ મકવાણાને નામ નોંધાવી દેવા અનુરોધ કરાયો છે. તેમ જણાવી ભાવનગર વી.વાય.ઓ.ના કમલેશભાઈ ભડીયાદ્રાએ વધુમાં જણાવ્યુ હતુ કે, પાલિતાણામાં યોજનાર આ મનોરથમાં સહભાગી થવા માટે ભાવનગર વી.વાય.ઓ.ની સમગ્ર ટીમ સ્પેશ્યલ ખાનગી બસ દ્વારા જનાર છે. આ મનોરથને લઈને પાલિતાણા વી.વાય.ઓ. દ્વારા આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

### મામકા કર્મચારીઓને છુટા કરી દેવામાં આવે તેવી લોકમાંગ

# સિહોર નગરપાલિકાની આર્થિક સ્થિતિ દયનીય, બે માસથી પગારના ફાંફા

સિહોર | સિહોર નગરપાલિકાની આર્થિક સ્થિતિ દિન પ્રતિદિન કથળી રહી હોય બે માસ પુર્ણ થયા હોય અને ત્રીજો માસ શરૂ થઈ ગયો હોય તેમ છતાં પાલિકાના કર્મચારીઓ આજની તારીખે પણ પગારથી વંચિત રહ્યા હોય અસરગ્રસ્ત કર્મચારીઓ અને તેમના પરિવારજનો આર્થિક સંકટ અનુભવી રહ્યા છે. આ અંગે જવાબદાર વહિવટદાર વહેલી તકે યોગ્ય તપાસ કરી પગલા લે તેવી રોજમદાર કર્મચારીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામેલ છે.

સિહોર નગરપાલિકા દ્વારા કેટલાક કૌભાંડ ચાલી રહ્યા છે. જેમાં કોન્ટ્રાકટ બેઈઝથી ૫૮ વર્ષની વયમર્યાદા વટાવી ચૂકેલાઓને પગાર ચૂકવવા વગેરે ટીકાને પાત્ર બની રહ્યા છે. તંત્ર દ્વારા છેલ્લા બે માસથી પગારની ચૂકવણી ન કરાતા સફાઈકામદારોને તેમના પરિવારજનોનું ગુજરાન ચલાવવું મુશ્કેલભર્યુ બની ગયેલ છે. નગરપાલિકા દ્વારા પગારની નિયમીત ચૂકવણી ન થવાના કેટલાક કારણો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે. જેમાં કોન્ટ્રાકટ બેઈઝ પર કામ કરતા તેમજ ૫૮ વર્ષની વયમર્યાદા વટાવી ચૂકેલા કર્મચારીઓને છુટા કરવાનો આદેશ સરકારમાંથી કરાતા આવા કર્મચારીઓને છુટા કરાયા હતા. ત્યારે ચિફ ઓફિસર દ્વારા કેટલાક મળતીયા કર્મચારીઓને સેવાના નામે પાછલા દરવાજેથી ઓફિસ સ્ટાફ, ડ્રાઈવર, ચોકીદાર, વોટર વર્કસ, લાઈટ, ફાયર, બગીચા તેમજ સેનેટરી સહિતના વિભાગમાં ૫૮ વર્ષની વયમર્યાદા વટાવી ચૂકેલા તથા કોન્ટ્રાકટ બેઈઝમાંથી છુટા કરેલા માણસોને હાલ પણ ચાલુ રાખવામાં આવેલ છે.સરકારના મહેકમ મુજબ ૧૪૦ કર્મચારીઓના સેટઅપના બદલે હાલના સમયે ૨૪૦ કર્મચારીઓ નોકરી કરી રહેલ છે. જેના કારણે સિહોર નગરપાલિકાને દર માસે લાખો રૂપીયાની નુકશાની ભોગવવી પડે છે. જેને લઈને વર્ષોથી રોજમદારીમાં નોકરી કરતા કર્મચારીઓના પગારના ફાંફા પડે છે. જેથી તંત્રવાહકોએ પાછલા દરવાજેથી નોકરીએ રાખેલ કર્મચારીઓને તાકીદે છુટા કરવા જોઈએ. નગરપાલિકાના કેટલાક વિભાગના સુપરવાઈઝરોને પણ ખબર નથી કે, તેની નીચે કેટલા કામદારો કામ કરે છે.

### સ્વાર્થ સિધ્ધિ યોગ અને ચતુગ્રહી યોગનો અનોખો સંયોગ જોવા મળશે

# મહાશિવરાત્રિ પર્વ વૃષભ, સિંહ, તુલા અને કુંભ રાશિના જાતકો માટે શુભ ફળ આપશે




ભાવનગર | દેશભરમાં આગામી તા.૮ માર્ચને શુક્રવારે મહાશિવરાત્રિ મહોત્સવ ઉજવાશે. આ દિવસે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ અને મહાશિવરાત્રિનો અનોખો સંયોગ થયો છે. આ વેળા સૂર્ય, શનિ, શુક્ર અને ચંદ્ર વગેરે ચાર ગ્રહોનો ચતુગ્રહી યોગ કુંભ રાશિમાં થશે. આ સાથે શિવયોગ, સ્વાર્થસિધ્ધયોગ, રૂચકયોગનો અદ્રભૂત સંયોગ જોવા મળશે તેમજ મહાશિવરાત્રિનું પર્વ વૃષભ, સિંહ, તુલા અને કુંભ રાશિના જાતકો માટે શુભ ફળ આપનારૂ રહેશે.

મહાશિવરાત્રિનું પર્વ શંકર અને પાર્વતિના વિવાહના દિવસ તરીકે ઉજવાય છે. શિવ હંમેશા શકિત સાથે જોવા મળે છે, તો કયાંક અર્ધનારેશ્વર સ્વરૂપે જોવા મળે છે. શિવ વિના પાર્વતિ અધૂરા છે અને પાર્વતિ વગરના શિવ અધૂરા છે. દેવી ભાગવતમાં જગતની તમામ સ્ત્રીઓ એ ભગવતીનું સ્વરૂપ છે. દેવી ભાગવત સહિતના દરેક ધર્મગ્રંથોમાં સ્ત્રીઓના સન્માનની વાતો કરાઈ છે. વિશ્વના ત્રણ મહત્વના ખાતાઓ ધન, વિદ્યા અને શકિત એ દેવીઓ હસ્તક છે આથી આ વર્ષે તા.૮ મીએ આંતર રાષ્ટ્રીય મહિલા દિન અને મહા શિવરાત્રિનો સુભગ સંયોગ થયો છે. આ અવસરે ધન, ધાન્ય, આરોગ્ય, આયુષ્ય, સંતતિ, સંપતિ અને મોક્ષ વગેરેની પ્રાપ્તિ માટે શિવપૂજા, જાપ, રુદ્રાત્મક યજ્ઞા, રૂદ્રિ, અભિષેક કરવાથી ઈચ્છિત મનોકામના સિધ્ધ થાય છે.મહાશિવરાત્રિની રાત્રિની ચાર પ્રહરની પૂજાનું ભારે મહત્વ છે. વિવિધ દ્રવ્યોથી ચાર પ્રહરની પૂજા કરવામાં આવે છે. રાહુ કેતુની પીડામાંથી મુકત થવા શિવલીંગ પર ધતુરાનું ફૂલ તેનું ફળ અને જલથી અભિષેક કરાશે. રાત્રિના પુષ્પો ચઢાવવા, શિવલીંગ પર બીલીપત્રો, સફેદ ફૂલો, ધતુરા, શમી અને કમળ વગેરે ચડાવવાથી ભાવિકોની મનોકામના પુર્ણ થાય છે. અલગ અલગ રાશિઓ અનુસાર ઉપાયો અને પૂજાવિધિ કરવાથી પણ લાભ થાય છે. આ સાથે આ પર્વે શિવ પંચાક્ષરી મંત્ર તેમજ શિવાષ્ટકનો જાપ કરવામાં આવે છે.

# આણંદમાં તા. 6 માર્ચે શિક્ષકો ઓનલાઇન કામગીરીનો સંપૂર્ણ બહિષ્કાર કરશે

આણંદ | જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવા સહિતના વિવિધ પડતર પ્રશ્નો ઉકેલવાની માંગ સાથે આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સરકાર સામે બાંયો ચડાવવામાં આવી છે. જે અંતર્ગત આગામી ૬ઠ્ઠી માર્ચના રોજ આણંદ જિલ્લાની તમામ શાળાઓમાં ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરી પેનડાઉન કાર્યક્રમ યોજવામાં આવનાર છે. લોકસભાની ચૂંટણીના પડઘમ વચ્ચે અધ્યાપક મંડળ તથા શિક્ષક મંડળ સહિતના વિવિધ મંડળોએ સરકાર સામે વિવિધ પ્રશ્નોને લઈ મોરચો માંડયો છે. આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કર્મચારીઓના મહત્ત્વના પડતર પ્રશ્નો અંગે છેલ્લા ઘણાં સમયથી સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે. સમગ્ર રાજ્યમાં તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજના પુનઃ શરૂ કરવી અને ફિક્સ પગારની યોજના ફિક્સ પે મૂળ અસરથી દુર કરી પૂરા પગારમાં ભરતી કરવા સહિતના વિવિધ પડતર પ્રશ્નોને લઈ આણંદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કર્મચારીઓ આગામી ૬ઠ્ઠી માર્ચના રોજ જિલ્લાની તમામ શાળાઓમાં ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરશે. અગાઉ સરકાર સાથે કેટલાક પ્રશ્નોને લઈ સમાધાન થયું હતુ પરંતુ કેટલાક પ્રશ્નો બાકી રહ્યાં છે. જેમાં એપ્રીલ-૨૦૦૫ પહેલાં ભરતી થયેલ કર્મચારીઓને જીપીએફ અને જૂની પેન્શન યોજનાનો લાભ મળ્યો નથી. સાથે સાથે કેન્દ્રના ધોરણે સાતમા પગાર પંચના બાકી ભથ્થાં હજી સુધી કર્મચારીઓને મળ્યાં નથી.

આ પડતર પ્રશ્નોને લઈ કર્મચારીઓ દ્વારા આગામી ૬ઠ્ઠી માર્ચે શાળાઓમાં ફરજ ઉપર હાજર રહી તમામ પ્રકારની ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરાશે.

### રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને રાષ્ટ્રીય રીયુક્ત મોર્ચા દ્વારા

# સરકારી કર્મચારીના પડતર પ્રશ્નોને લઇ કાલે પેન ડાઉન, ચોકડાઉન સાથે મતદાન




ભાવનગર | સરકારી કર્મચારીઓને પેન્શન યોજનાનો લાભ આપવા સહિતના પોતાના પડતર પ્રશ્નોનું એકીકરણ કરવા તમામ અધિકારી કર્મચારીના મત મેળવવા તા. ૬ના રોજ વિવિધ હરતા ફરતા મત પેટી ફેરવાશે અને તમામ મતો એકત્ર કરી પ્રાંતની ટીમ સચિવાલયમાં આ પ્રશ્નો જમા કરાવશે. જ્યારે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આગામી ૯મીએ ગાંધીનગર ખાતે મહા પંચાયતનું આયોજન કરવામાં આવનાર છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ભાવનગર અને બોટાદ જિલ્લાની તમામ ઓફીસોમાં પોતપોતાના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે પ્રત્યેક કર્મચારીનો મત મેળવવા તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, કલેકટર કચેરી, પોલીસ સ્ટેશન, કોલેજ, સ્કુલો, આંગણવાડી કેન્દ્રો, આરોગ્ય કેન્દ્ર, યુનિવર્સિટી, મામલતદાર કચેરી, આર.ટી.ઓ., ગ્રામ સેવક ઓફીસ, ગ્રામ પંચાયત, સિવિલ હોસ્પિટલ, નગર પાલિકા ઓફીસ, વગેરે તમામ સરકારી કચેરીઓમાં મતદાન કરાવવા માટે યોજના બનાવવામાં આવી હોવાનું જણાવાયું છે. આગામી તા. ૬ના રોજ બોટાદના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે કરેલ જાહેરાત મુજબ પેનડાઉન, ચોકડાઉન અને મતદાનનો કાર્યક્રમ થશે અને ૩૦થી વધુ કેન્દ્રો રહેશે. અને તમામ કર્મચારીઓના જુની પેન્શન યોજના ઉપરાંતનાં પ્રશ્નોના મત એકત્રીત કરાશે અને ત્યારબાદ પ્રાંતની ટીમ આ તમામ (પ્રશ્નો) મતો સચિવાલયમાં ૪૫ કેડરના તમામ કર્મચારીના પડેલ મતો જમા કરાવશે. આ ઉપરાંત આગામી તા. ૯ માર્ચ ગાંધીનગર ખાતે મહા પંચાયતનું આયોજન કરાયું છે. જોકે તા. ૭-૮ સુધી સરકાર દ્વારા તમામ પડતર માંગો નહીં સ્વિકારવામાં આવે તો આંદોલન વધ ુતેજ બનાવાશે.

### પુરપાટ આવતી ટ્રક લાકડાં ભરેલા ટ્રેક્ટર સાથે ટકરાઇ, 2 નાં મોત

નડિયાદ | નડિયાદ શહેર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર સોમવારે સવારે પીજ ચોકડી સવસ રોડ પર પસાર થતા લાકડા ભરેલા ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ટ્રક અથડાતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. આ અકસ્માત સર્જાતા ટ્રેક્ટર ચાલક સહિત બે ઇસમને ગંભીર ઇજા થતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતું. આ બનાવની જાણ થતા પોલીસ તેમજ હાઇવે પેટ્રોલિંગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઇ હતી. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલી છે. નડિયાદ નજીકથી પસાર થતા નેશનલ હાઇવે નંબર ૪૮ પીજ ચોકડી સવસ રોડ ઉપરથી સોમવારે વહેલી સવારે ૫ વાગ્યાના સુમારે ચાંગાના જયેશભાઈ ચંદુભાઈ પટેલની માલિકીના ટ્રેક્ટરમાં લાકડા ભરી હંકારી હબીબમિયાં મલેક નડિયાદ કમળા ચોકડી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવેલ ટ્રક ધડાકાભેર લાકડા ભરેલ ટ્રેક્ટરની ટોલી સાથે અથડાયું હતું .જેથી ટ્રેક્ટર અને ટ્રોલી અલગ થઇ રોડ પર પલટી ખાઈ જવા પામ્યા હતા. આ અકસ્માત સર્જી ટ્રક ચાલક ટ્રક મૂકી નાસી ગયો હતો.

### સંધાણા ભરવાડ વાસ પાસે બાઇક પરથી પડી ગયેલા ચાલકનું મોત

નડિયાદ | સંધાણા ઉર્સમાં જઇ રહેલા માતર તાલુકાના હૈજરાબાદના યુવાનનું સંધાણા ભરવાડ વાસ પાસે મોટરસાયકલ પરથી પડી જતા મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે માતર પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.માતર તાલુકાના હૈદરાબાદમાં રહેતા સગીરોદિન ઇસામમિયાં મલેક તા.૨૬મીની રાત્રે મોટરસાયકલ લઇ સંધાણા ઉર્સમા જતો હતો. આ દરમિયાન સંઘણા ભરવાડ વાસ પાસે રાત્રિના નવ વાગ્યાના સુમારે બાઈક ચાલક સગીરોદિન ઉંમર આશરે ૪૮ વર્ષ કોઈ કારણસર બાઈક પરથી રોડ ઉપર પડી ગયો હતો. જેથી તેનું માથામાં તેમજ શરીર પર ઈજા થતા મોત નિપજ્યું હતું. બીજી બાજુ આ યુવકનું અચાનક અટેક આવતા મોત નિપજ્યું હોવાનું ચર્ચાઇ રહયું છે. આ બનાવ અંગે ઇમામ મિયા ઈસામમિયા મલેકની ફરિયાદ આધારે માતર પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### ભાવનગર તો ખાલી ટ્રેલર છે આખી ફિલ્મ બાકી છે!

# ગુજસીટોકના આરોપીઓ પાસેથી માહિતી કઢાવવામાં પોલીસને પરસેવો છૂટી ગયો




ભાવનગર | અત્યંત ચકચારી અને ભારે ચર્ચાસ્પદ એવા બોગસ બિલીંગ મામલે ભાવનગર બદનામ થઈ રહ્યું છે પરંતુ બોગસ બિલીંગકૌભાંડની આ આખી જાળ જ્યારે સામે આવશે ત્યારે તેની સામે ભાવનગર આખી ફિલ્મનું ભાવનગર ટ્રેલર સાબિત થઈને રહી જશે. જે પ્રકારે જીએસટી વિભાગની તપાસ ચાલી રહી છે તે જોતા આધાર ૩.૦ કૌભાંડ ઉજાગર થાય તો નવાઈ નહી.! ભાવનગરમાં ઉજાગર થયેલા બોગસ બિલીંગ કૌભાંડમાં ઝડપાયેલા આરોપીઓમાંથી ૨૦ આરોપીઓ વિરૂદ્ધ ગુજસીટોક એક્ટની કલમો લાગેલી છે અને તે પૈકી ૧૪ આરોપીઓ હાલ રિમાન્ડ પર છે. જો કે, રિમાન્ડ દરમિયાન પોલીસ દ્વારા લેવામાં આવી રહેલાં આરોપીઓના નિવેદનમાં રહેતી વિસંગતતાને કારણે પોલીસને પણ આરોપીઓ પાસેથી માહિતી કઢાવતા પરસેવા છૂટી રહ્યો હોય તેવી ચર્ચા છે. કથિત રીતે રાષ્ટ્રવ્યાપી બોગસ બિલિંગ કૌભાંડના કારણે બદનામ થઈ રહેલાં ભાવનગરમાં જે રીતે જીએસટી વિભાગની તપાસ ચાલી રહી છે તેના પર કેન્દ્ર સરકારની સીધી નજર છે. એક તરફ જીએસટી વિભાગ દ્વારા આ કૌભાંડમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક દ્રષ્ટીએ તપાસમાં એવી હકિકત બહાર આવી છે કે, ભાવનગરના બોગસ બિલિંગ કૌભાંડના તાર અન્ય રાજ્યો સુધી ફેલાયેલા છે ત્યારે અન્ય રાજ્યોમાં ચાલતા બોગસ બિલિંગના કૌભાંડ ઉજાગર થશે ત્યારે તેની સામે ભાવનગર આખી ફિલ્મનું ટ્રેલર સાબિત થઈને રહી જશે. તેવી પણ ચર્ચાએ ભારે જોર પકડયું છે. જીએસટીના કાયદાની છટકબારીનો ઉપયોગ કરી થતી બોગસ બિલિંગની પ્રવૃત્તિને જડમૂળમાંથી કાઢી નાખવા માટે જીએસટી વિભાગ ઊંધેમાથે લાગ્યું છે. બોગસ બિલિંગ કૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ ૧૩૬ આરોપીઓ ઝડપાઈ ચૂક્યા છે. જો કે જામીન મળી ગયા બાદ આરોપીઓ ફરી આ પ્રવૃત્તિમાં જોડાઈ જતાં હોવાથી તંત્રએ કાયદાનો શિકંજો કસ્યો છે. અને આ આરોપીઓ પૈકી બે કે તેનાથી વધારે કેસોમાં સંડોવાયેલા ૨૦ આરોપીઓ સામે ગુજસીટોક એક્ટની કલમો ઉમેરી બિલીયારાજાઓ સામે લાલઆંખ કરી છે. જે પૈકી ૧૪ આરોપીઓ ગત તા.૨૧ના રોજથી ૧૬ દિવસના રિમાન્ડ પર છે.આ આરોપીઓના રિમાન્ડના ૧૦થી વધારે દિવસો પૂર્ણ થઈ ચુક્યા છે. પોલીસ વિભાગ તમામ આરોપીઓના નિવેદનો નોંધી રહ્યું છે પરંતુ આરોપીઓના નિવેદનમાં ભારે વિસંગતતા આવતી હોવાની અને નિવેદનોને આધાર માનવામાં આવે તો, આરોપીઓના નિવેદનો તપાસને અલગ-અલગ દિશામાં લઈ જઈ રહ્યા હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આરોપીઓ પોતે કોઈને ઓળખતા નહીં હોવાનો રાગ આલાપી રહ્યાં છે ત્યારે તેમની પાસેથી માહિતી ઓકાવતા પોલીસ તંત્રને પણ કપાળે પરસેવો છૂટી રહ્યો છે. રિમાન્ડ પૂર્ણ થયાં પછી પણ જો સંતોષજનક માહિતી નહીં મળે તો આરોપીઓના વધુ રિમાન્ડની માંગણી થઈ શકે છે. તેમ સૂત્રો તરફથી જાણવા મળેલ છે.


### આગામી એપ્રિલ-મે માસમાં લોકસભાની સામાન્ય ચૂંટણી થવાની સંભાવના


# ભાવનગરની લોકસભા બેઠક પર ભાજપ નવા ચેહરાને મોકો આપશે ?


ભાવનગર | લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી એપ્રિલ-મે માસમાં યોજાવાની સંભાવના છે તેથી ચાલુ માર્ચ માસમાં ગમે ત્યારે ચૂંટણી જાહેર થશે. લોકસભાની ચૂંટણીના પગલે રાજકીય માહોલ ગરમાયો છે અને રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી જાહેર થાય તે પૂર્વે જ ઘણી બેઠક પર ઉમેદવારો જાહેર કરી દીધા છે. ભાવનગરની લોકસભા બેઠક પર ઈન્ડીયા ગઠબંધનમાંથી આપના ઉમેદવાર ચૂંટણી લડશે તેવો દાવો આપ પાર્ટીએ કર્યો છે પરંતુ ભાજપે હજુ ભાવનગર બેઠક પર ઉમેદવારના નામની જાહેરાત કરી નથી. ભાવનગર લોકસભા બેઠક વર્ષોથી ભાજપ પાસે છે અને છેલ્લી બે ટર્મથી એક જ ઉમેદવારને ટિકિટ આપવામાં આવે છે ત્યારે આગામી ચૂંટણીમાં ઉમેદવારને રિપિટ કરાશે કે નવા ઉમેદવારને મોકો અપાશે ? તેને લઈ ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.


ભાવનગરની લોકસભા બેઠક ગત વર્ષ ૧૯૯૦થી ભાજપ પાસે છે અને આશરે ૮ ટર્મથી ભાજપના જુદા જુદા ઉમેદવાર ચૂંટણી જીતી ચૂકયા છે. છેલ્લી બે ટર્મથી ભાજપ દ્વારા ડો. ભારતીબેન શીયાળને ટિકિટ આપવામાં આવી હતી અને તેઓ જંગી લીડથી વિજય થયા હતાં. મહિલા સાંસદ કોળી સમાજમાંથી આવે છે પરંતુ હવે તેઓની ટર્મ પૂર્ણ થઈ રહી છે ત્યારે ભાવનગર લોકસભા બેઠક પરથી તેઓને રિપિટ કરવામાં આવશે કે નવા ચેહરાને મોકો આપવામાં આવશે ? તેને લઈ ભાજપ કાર્યકરોમાં ચર્ચાનો દૌર શરૂ થઈ ગયો છે. તાજેતરમાં ભાજપ દ્વારા સેન્સ લેવામાં આવી ત્યારે કેટલાક સંભવિત ઉમેદવારના નામોની ચર્ચા થઈ હતી. ઈન્ડીયા ગઠબંધનમાંથી આમ આદમી પાર્ટીના ઉમેશ મકવાણાને જાહેર કરવામાં આવ્યા હોવાનો દાવો આપ પાર્ટીએ કર્યો છે ત્યારે ભાજપ દ્વારા કયાં ઉમેદવારને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે ? તેને લઈ ચર્ચાઓ જામી છે. ભાવનગરની લોકસભા બેઠક પર કોળી, પટેલ અને ક્ષત્રિય સમાજની બહુમતી છે ત્યારે જ્ઞાતી સમીકરણના આધારે આ ત્રણ સમાજમાંથી ઉમેદવારની પસંદગી ભાજપ કરશે તેવી શકયતા છે.


## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.



**વૃષભ (બ,વ,ઉ)**
ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.



**મિથુન (ક,છ,ઘ)**
ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.



**કર્ક (ડ,હ)**
આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.



**સિંહ (મ,ટ)**
આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.



**કન્યા (પ,ઠ,ણ)**
આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.



**તુલા (ર,ત)**
આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.


**વૃશ્ચિક (ન,ય)**
આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.



**ધન (ભ,ધ,ફ)**
તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.


**મકર (ખ,જ)**
આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.


**કુંભ (ગ,શ,સ)**
ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.


**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

# 100 વર્ષજૂની ટેક્નિક છોડીને કંપનીઓ હવે વિન્ડ, સોલર હાઇડ્રોથી એમોનિયા બનાવવા માટે પ્રયાસરત



લંડન | તા.05

વિશ્વભરના કારખાનામાં ઉત્પાદન કરાતા 80%થી વધુ એમોનિયાનો ખાતર બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. 19મી સદી પહેલા યુરોપિયન લોકો પક્ષીઓના ચરકમાંથી ખાતર બનાવતા હતા, કારણ કે પક્ષીઓના ચરક અને ગુઆનોમાં મોટી માત્રામાં એમોનિયા હોય છે. ત્યારબાદ 1,900ના દાયકાની શરૂઆતમાં જર્મન રસાયણશાસ્ત્રી ફ્રિટ્ઝ હૈબરે કાર્લ બૉશની સાથે મળીને એમોનિયા બનાવવામાં હેબર-બૉશ પ્રક્રિયા વિકસિત કરી હતી.

આપણે 100થી વધુ વર્ષોથી એમોનિયા બનાવવા માટે એ જ ટેકનિક પર નિર્ભર છીએ. એમોનિયા અને હેબર બૉશ ટેકનિકનું આપણા જીવનમાં કેટલું વધારે મહત્વ છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેના વગર, વિશ્વની વસ્તી આજની તુલનામાં માત્ર અડધી હોત. છોડના વિકાસ માટે એમોનિયા ફર્ટિલાઈઝર ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ હેબર વૉશ ટેકનિકમાં મોટા પાયે જીવાશ્મ ઈંધણનો ઉપયોગ થાય છે. વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનમાં એમોનિયાના ઉત્પાદનનું 2% યોગદાન છે. હવે અનેક કંપનીઓ જીવાશ્મ ઈંધણના ઉપયોગ વગર ગ્રીન એમોનિયા બનાવવાની દિશામાં તેજીથી કામ કરી રહી છે.

2021માં, ગ્રીન એમોનિયાનું માર્કેટ અંદાજે 16.8 મિલિયન ડૉલર (139 કરોડ રૂપિયા)નું હતું. આ માર્કેટ 90.4%ના વાર્ષિક દરે વધવાનું અનુમાન છે, જે 2030 સુધી લગભગ $4.8 અબજ (40 હજાર કરોડ રૂપિયા) સુધી પહોંચી જશે.

દેશમાં સતત વધતી ખાદ્યપદાર્થોની અને ખાતરની માંગ વચ્ચે વર્ષ 2023 દરમિયાન દેશનું એમોનિયા માર્કેટનું વોલ્યૂમ 18.29 મિલિયન મેટ્રિક ટન નોંધાયું હતું. દેશનું એમોનિયા માર્કેટ વર્ષ 2024-2032 સુધીમાં 8.2%ના CAGR દરે વધીને વર્ષ 2032 સુધીમાં 37.17 મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચવાનું અનુમાન છે. એમોનિયા અથવા એનએચ3, નાઈટ્રોજન અને હાઈડ્રોજનનું સંયોજન છે. ધરતી પર બંને વિપુલ માત્રામાં મળી આવે છે.

એમોનિયા બનાવવા માટે હવે વિન્ડ, સોલર અને હાઈડ્રો પાવરનો ઉપયોગ કરવામાં આવે છે. અનેક કંપનીઓ જૂની ટેકનિકની તુલનામાં અનેક ગણા ઓછા સમયમાં અનેક ગણા વધુ એમોનિયાનું ઉત્પાદન કરવા માટે પ્રયોગ કરી રહી છે. આઈલેન્ડમાં એટમોનિયા, મિની એમોનિયા ફેક્ટરી પણ વેચવા માંગે છે જે શિપિંગ કન્ટેનરની અંદર ફિટ થઈ જાય છે. ખાતરના ઉત્પાદનના પ્રદૂષણરહિત બનાવવામાં આવે તે જરૂરી છે. ચીન એમોનિયાનું સૌથી મોટું ઉત્પાદકએમોનિયાનું ઉત્પાદન પર્યાવરણ પ્રદૂષણ અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનનો એક પ્રમુખ સ્ત્રોત છે. વર્ષ 2023માં વિશ્વભરમાં અંદાજે 15 કરોડ ટન એમોનિયાનું ઉત્પાદન થયું હતું. સૌથી વધુ અંદાજે 4.3 કરોડ ટન ઉત્પાદન ચીનમાં થયું હતું. ભારતમાં અંદાજે 1.9 કરોડ શુદ્ધિકરણ માટે અને પ્લાસ્ટિક, વિસ્ફોટક, કપડાં, કીટનાશક, રંગ અને અન્ય રસાયણોના નિર્માણમાં પણ કરવામાં આવે છે.

# X ના પૂર્વ અધિકારીઓએ કોર્ટનો દરવાજો ખખડાવ્યો: કંપનીના પૂર્વ સીઈઓ પરાગ અગ્રવાલ સહિત ચાર એક્ઝિક્યુટિવે X સામે કેસ કર્યો

માઈક્રો-બ્લોગિંગ સાઈટ X (અગાઉ ટ્વિટર)ના ભૂતપૂર્વ CEO પરાગ અગ્રવાલ સહિત ચાર ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ્સે કંપની વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, કેસ દાખલ કરનારાઓમાં પૂર્વ CEO પરાગ અગ્રવાલ, ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર (CFO) નેડ સેગલ, લીગલ એફેયર્સ એન્ડ પોલિસી ચીફ વિજયા ગડ્ડે અને ભૂતપૂર્વ જનરલ કાઉન્સેલ સીન એજેટના નામ સામેલ છે. પરાગ અગ્રવાલ, નેડ સેગલ, સીન એજેટ અને વિજયા ગડ્ડેએ આ કેસ દ્વારા દાવો કર્યો છે કે કંપની પાસેથી તેમને 128 મિલિયન ડોલર (લગભગ રૂ. 1,061 કરોડ) લેવાના બાકી છે. આ કેસ સેન્ટ ફ્રાન્સિસ્કોની કોર્ટમાં કરવામાં આવ્યો છે.



## પરાગ અગ્રવાલ નવેમ્બર 2021માં CEO બન્યા હતા

ટ્વિટરના સહ-સ્થાપક જેક ડોર્સીએ 29 નવેમ્બર 2021ના રોજ ટ્વિટરના સીઈઓ પદ પરથી રાજીનામું આપ્યું હતું, ત્યારબાદ પરાગ અગ્રવાલને કંપનીના સીઈઓ બનાવવામાં આવ્યા હતા. સીઈઓ બનતા પહેલા પરાગ ટ્વિટરના ચીફ ટેક્નોલોજી ઓફિસર હતા. જેમાં સીઈઓ પરાગ અગ્રવાલ, ફાઈનાન્સ ચીફ નેડ સેગલ, લીગલ એક્ઝિક્યુટિવ વિજયા ગડ્ડે અને સીન એજેટનો સમાવેશ થાય છે. સીઈઓ તરીકે પરાગ અગ્રવાલનો પગાર 1 મિલિયન ડોલર હતો. વર્તમાન રૂપિયા અનુસાર, તે લગભગ 8.29 કરોડ રૂપિયા થાય.

**પરાગ ફેમિલીને સમય આપવાનું પસંદ કરે છે :** પરાગનાં પત્ની વિનીતા સ્ટેનફોર્ડ સ્કૂલ ઑફ મેડિસિનમાં ફિઝિશિયન અને આસિસ્ટન્ટ ક્લિનિકલ પ્રોફેસર છે. અગાઉ ફ્લેટિરોન હેલ્થમાં ડાયરેક્ટર ઑફ પ્રોડક્ટ મેનેજમેન્ટ તરીકે કામ કરી ચૂક્યાં છે. તેમણે મેસાચ્યૂસેટ્સ ઈન્સ્ટિ. ઑફ ટેક્નોલોજીમાંથી પીએચ.ડી. કર્યું છે. પરાગ-વિનીતાનો 3 વર્ષનો પુત્ર છે, જેનો જન્મ નવેમ્બર 2018માં થયો છે. તેનું નામ તેમણે અંશ રાખ્યું હતું. પરાગ પુત્ર સાથે બુક રીડિંગ પણ કરે છે.

## કૂકિંગ, પુત્ર સાથે બુક રીડિંગના શોખીન પરાગ અગ્રવાલ કમ્પ્લીટ 'ફેમિલી મેન' છે

પરાગનો જન્મ રાજસ્થાનના અજમેરની સરકારી જવાહરલાલ નેહરુ હોસ્પિટલમાં 1984ની 21 મેએ થયો હતો. તેમનાં દાદા-દાદી અજમેરના ધાનમંડી વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતાં હતાં. પિતા રામગોપાલ અગ્રવાલ મુંબઈમાં બીએમઆરસીમાં નોકરી કરતા હોવાથી બાદમાં તેમનો પરિવાર મુંબઈ શિફ્ટ થઈ ગયો હતો. ત્યાંની એટમિક એનર્જી સેન્ટ્રલ સ્કૂલ નં. 4માંથી પરાગે સ્કૂલનું પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યું. પછી આઈઆઈટી મુંબઈમાં ભણ્યા બાદ કમ્પ્યૂટર સાયન્સમાં પીએચ.ડી. X) ખરીદ્યું. આ ડીલ 44 અબજ ડોલરમાં કરવામાં આવી હતી. ટ્વિટર ખરીદ્યા પછી, મસ્કે સૌથી પહેલા કંપનીના ચાર ટોચના અધિકારીઓને છૂટા કર્યા હતા.

# ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ - ભારતીય શેરબજારમાં બે તરફી અફડાતફડી

## નિફ્ટી ફ્યુચર 22303 પોઈન્ટ મહત્વની સપાટી

નવી દિલ્હી | તા.05

ઔદ્યોગિક વિકાસને વેગ સહિતના પોઝિટીવ સમાચાર સાથે ભારતનો જીડીપી વૃદ્ધિ આંક આશ્ચર્યજનક રીતે વધીને 8.4% જાહેર થતાં અને અમેરિકામાં ફુગાવાના આંક વધીને આવ્યા છતાં આ પરિબળને ડિસ્કાઉન્ટ કરી વ્યાજદરમાં ઘટાડાની શકયતા વધતાં વૈશ્વિક શેરબજારો પાછળ સપ્તાહના પ્રથમ દિવસે ભારતીય શેરબજાર પણ બે તરફી અફડાતફડી ચાલના અંતે સામાન્ય ઉછાળા સાથે બંધ રહ્યું હતું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેન્ક, એચડીએફસી લાઈફ, ટાટા કેમિકલ, પાવર ગ્રીડ, એક્સિસ બેન્ક, ભારતી એરટેલ અને એચડીએફસી બેન્ક સાથે બજાજ ફિનસર્વ, ટેક મહિન્દ્ર અને બજાજ ફાઈનાન્સની આગેવાની હેઠળ ભારતીય શેરબજાર પોઝિટીવ ઝોનમાં બંધ રહ્યું હતું. વૈશ્વિક ફંડોની અંદાજીત ૫૬૪.૦૬ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની અંદાજીત રૂ. ૩૫૪૨.૮૭ કરોડની ખરીદી સાથે ખેલંદાઓ, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોએ ઓઈલ એન્ડ ગેસ, એનર્જી, પાવર અને યુટિલિટીઝ સેક્ટરમાં સ્ટોક સ્પેસીફીક ખરીદી કરતાં માર્કેટબ્રેડથ પોઝિટીવ રહી હતી.બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ 0.16% વધીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.78% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર આઈટી, કંઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ટેક, કોમોડીટીઝ, એફએમસીજી, કંઝ્યુમર ડ્રિસ્ક્રિશનરી, ઓટો, સર્વિસિસ અને ઈન્ડસ્ટ્રીયલ શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા. બીએસઈ સેન્સેક્સ 66 પોઈન્ટના ઉછાળા સાથે 73872 પોઈન્ટ આસપાસ બંધ રહ્યો હતો, તેમજ નિફ્ટી ફ્યુચર 1.05 પોઈન્ટના ઘટાડા સાથે 22500 પોઈન્ટ આસપાસ બંધ રહી હતી જ્યારે બેન્ક નિફ્ટી ફ્યુચર 25 પોઈન્ટના ઉછાળા સાથે 47685 પોઈન્ટ આસપાસ બંધ રહી હતી.




# મૂડીઝે દેશના આર્થિક વૃદ્ધિદરના અંદાજને વધારીને 6.8 ટકા કર્યો

નવી દિલ્હી | તા.05

વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે અપેક્ષા કરતાં વધુ મજબૂત દેખાવને આધારે કેલેન્ડર વર્ષ 2024 માટે દેશના આર્થિક વૃદ્ધિદરના અંદાજને વધીને 6.8% કર્યું છે અને આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ભારત જી20 દેશોમાં સૌથી ઝડપી ગતિએ વિકસતું અર્થતંત્ર બની રહેશે.

વર્ષ 2024ના આઉટલુક રિપોર્ટમાં મૂડીઝ ઈન્વેસ્ટર સર્વિસે જણાવ્યું હતું કે વૈશ્વિક પડકારો ઘટી રહ્યા છે ત્યારે ભારતીય અર્થતંત્ર આરામથી 6-7%નો આર્થિક વૃદ્ધિદર નોંધાવવા માટે સક્ષમ રહેશે. વર્ષ 2025 માટે આર્થિક વૃદ્ધિદરનો અંદાજ 6.4% છે. વર્ષ 2024 માટે પહેલા મૂડીઝે 6.1%નું અનુમાન દર્શાવ્યું છે.

દેશના અર્થતંત્રનું પ્રદર્શન અપેક્ષા કરતાં મજબૂત રહ્યું છે અને આ મજબૂત પ્રદર્શનને સહારે અમે વર્ષ 2024 માટે દેશના આર્થિક વૃદ્ધિદરના અનુમાનને 6.1%થી વધારીને 6.8% કર્યું છે. કેલેન્ડર વર્ષ




2023ના ચોથા ક્વાર્ટર દરમિયાન દેશની રિયલ જીડીપીમાં 8.4%ના દરે વૃદ્ધિ જોવા મળી હતી જે સાથે સમગ્ર વર્ષ 2023 માટે તે ગ્રોથ 7.7% રહ્યો હતો. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં આર્થિક વૃદ્ધિદરમાં 8.2%નો વધારો થયો હતો અને જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન તેમાં 8.1%ની વૃદ્ધિ જોવા મળી હતી.

વર્ષ 2024 કેટલાક જી-20 દેશો માટે ચૂંટણીનું વર્ષ બની રહેશે વર્ષ 2024 કેટલાક જી-20 દેશો માટે ચૂંટણીનું વર્ષ બની રહેશે. જેમાં ભારત, ઈન્ડોનેશિયા, મેક્સિકો, સાઉથ આફ્રિકા, યુકે અને યુએસ સામેલ છે. આ વર્ષે ચૂંટાયેલા લીડર્સ આગામી ચારથી પાંચ વર્ષ માટે સ્થાનિક અને વિદેશી પોલિસીને પ્રભાવિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

એજન્સીએ જણાવ્યું હતું કે ખાનગી ઔદ્યોગિક મૂડી ખર્ચ મંદ રહ્યો છે પરંતુ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીને વેગ આપવા માટે સરકારની પીએલઆઈ સ્કીમને લઈને રોકાણકારોની પ્રતિક્રિયા બાદ તેમાં વધારો થઈ શકે છે.

# ટાટા મોટર્સ તેના બિઝનેસને બે ભાગમાં વહેંચશે

ટાટા સન્સના ચેરમેન એન ચંદ્રશેખર(N Chandrashekharan)ને આ ડિમર્જર પર જણાવ્યું હતું કે ટાટા મોટર્સે છેલ્લા કેટલાક વર્ષોમાં મજબૂત પરિવર્તનની સ્ક્રિપ્ટ તૈયાર કરી છે. ત્રણ ઓટોમોટિવ બિઝનેસ યુનિટ્સ હવે સ્વતંત્ર રીતે કામ કરે છે અને મજબૂત કામગીરી આપવાનું ચાલુ રાખે છે. દેશના સૌથી મોટા બિઝનેસ હાઉસમાંથી એક ટાટા ગ્રુપે(Tata Group) પોતાની એક મોટી કંપનીની જાહેરાત કરી છે અને ટૂંક સમયમાં આ કંપની બે ભાગમાં વહેંચવા જઈ રહી છે. અમે તમને ટાટા મોટર્સ(Tata Motors) વિશે વાત કરી રહ્યા છીએ, કંપનીએ ડી-મર્જરનો પ્રસ્તાવ મૂક્યો છે. આ અંતર્ગત કોમર્શિયલ વ્હીકલ અને પેસેન્જર વ્હીકલ બિઝનેસને અલગ-અલગ કરવામાં આવશે અને ત્યારબાદ બે કંપનીઓ શેરબજારમાં લિસ્ટ થશે. Tata Motors દ્વારા સોમવારે શેર કરવામાં આવેલી માહિતી અનુસાર, તે આ ડી-મર્જર હેઠળ તેના બિઝનેસને બે અલગ-અલગ લિસ્ટેડ કંપનીઓમાં વિભાજિત કરશે. એક યુનિટમાં કોમર્શિયલ વ્હિકલ (CV) બિઝનેસ અને તેના સંબંધિત રોકાણોનો સમાવેશ થશે, જ્યારે બીજા યુનિટમાં પર્સનલ વ્હિકલ (PV), ઈલેક્ટ્રિક વ્હીકલ (EV), JLR અને તેના સંબંધિત રોકાણોનો સમાવેશ થશે. સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવાયું છે.

# સોનાની કિંમત ઓલટાઈમ હાઈ: સોનું 64,404 રૂપિયા પ્રતિ 10 ગ્રામના ભાવે વેચાઈ રહ્યું



નવી દિલ્હી | તા.05

સોનું આજે એટલે કે મંગળવાર (5 માર્ચ) ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ની વેબસાઈટ અનુસાર, 10 ગ્રામ સોનું 924 રૂપિયા વધીને 64,404 રૂપિયા થઈ ગયું છે. આ અગાઉ 4 ડિસેમ્બરે સોનું તેની ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. ત્યારે તેની કિંમત 63,805 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. આ તરફ આજે ચાંદીમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તે રૂ. 1,261 મોંઘી થઈ છે અને રૂ. 72,038 પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. પહેલા તે 70,777 રૂપિયા હતી. ગયા વર્ષે 4 ડિસેમ્બરે ચાંદી પણ તેની ઓલ ટાઈમ હાઈ પર હતી. ચાંદી રૂ.77 હજારને પાર કરી ગઈ હતી. ોનામાં તેજીના 4 કારણો:

ફેબ્રુઆરીમાં સોનામાં ઘટાડો જોવા મળ્યો હતો ફેબ્રુઆરીમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. મહિનાની શરૂઆતમાં એટલે કે 1 ફેબ્રુઆરીએ સોનું 62,775 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે 29 ફેબ્રુઆરીએ ઘટીને 62,241 રૂપિયા થઈ ગયું. એટલે કે છેલ્લા મહિનામાં તેની કિંમત 534 રૂપિયા પ્રતિ 10 ગ્રામ ઘટી છે. તેમજ, ચાંદી પણ રૂ. 71,153 પ્રતિ કિલોગ્રામથી ઘટીને રૂ. 69,312 પર આવી ગઈ છે. સોનું ખરીદતી વખતે આ 4 બાબતોનું ધ્યાન રાખો 1. સર્ટિફાઈડ સોનું જ ખરીદો બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ હંમેશા ખરીદો. નવા નિયમ હેઠળ 1 એપ્રિલથી છ અંકના આલ્ફાન્યૂમેરિક હોલમાર્કિંગ વિના સોનું વેચવામાં આવશે નહીં. જેમ આધાર કાર્ડમાં 12 અંકનો કોડ હોય છે, તેવી જ રીતે સોનામાં 6 અંકનો હોલમાર્ક કોડ હશે. તેને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર એટલે કે HUID કહેવામાં આવે છે. સોનું ખરીદતી વખતે રોકડ ચુકવણી મોટી ભૂલ સાબિત થઈ શકે છે. UPI (જેમ કે BHIM એપ) અને ડિજિટલ બેંકિંગ દ્વારા ચુકવણી કરવી વધુ સારું છે. જો તમે ઈચ્છો તો ડેબિટ અથવા છો. આ પછી બિલ લેવાનું ભૂલશો નહીં. જો ઓનલાઈન ઓર્ડર કરો છો તો ચોક્કસપણે પેકેજીંગ તપાસો. ઘણા લોકો સોનાને રોકાણ તરીકે જુએ છે. આવી સ્થિતિમાં, તમારી પાસે સોનાની રીસેલ વેલ્યુ વિશે સંપૂર્ણ માહિતી હોવી જરૂરી છે.

# EV ચાર્જર બનાવતી કંપનીના IPOનું શેરબજારમાં થયું ધમાકેદાર લિસ્ટિંગ

નવી દિલ્હી | તા.05

EV ચાર્જર બનાવતી કંપની Exicom Tele-Systems Ltd ના IPO નું શેરબજારમાં ધમાકેદાર લિસ્ટિંગ થયું છે. કંપનીના શેર આજે 5 માર્ચના રોજ શેર NSE પર 86.62 ટકાના પ્રીમિયમ પર 265 રૂપિયા પર લિસ્ટ થયા છે. IPOમાં ઈશ્યુ પ્રાઈસ 142 રૂપિયા પ્રતિ શેર હતી. EV ચાર્જર બનાવતી કંપની Exicom Tele-Systems Ltd ના IPO નું શેરબજારમાં ધમાકેદાર લિસ્ટિંગ થયું છે. કંપનીના શેર આજે 5 માર્ચના રોજ શેર NSE પર 86.62 ટકાના પ્રીમિયમ પર 265 રૂપિયા પર લિસ્ટ થયા છે. IPOમાં ઈશ્યુ પ્રાઈસ 142 રૂપિયા પ્રતિ શેર હતી.EV ચાર્જર બનાવતી કંપની Exicom Tele-Systems Ltd ના IPO નું શેરબજારમાં ધમાકેદાર લિસ્ટિંગ થયું છે. કંપનીના શેર આજે 5 માર્ચના રોજ શેર NSE પર 86.62 ટકાના પ્રીમિયમ પર 265 રૂપિયા પર લિસ્ટ થયા છે. IPOમાં ઈશ્યુ પ્રાઈસ 142 રૂપિયા પ્રતિ શેર હતી.Axicom Tele-Systems ના શેર BSE પર 85.92 ટકાના પ્રીમિયમ સાથે 264 રૂપિયા પર લિસ્ટ થયા હતા. IPOને રોકાણકારો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. આઈપીઓ 129.54 વખત સબસ્ક્રાઈબ થયો હતો. આ IPO રિટેલ કેટેગરીમાં 119.59 વખત સબસ્ક્રાઈબ થયો હતો.

આ IPO હેઠળ 329 કરોડ રૂપિયાના ફ્રેશ શેર જાહેર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમાં 100 કરોડ રૂપિયાના 70.42 લાખ ઈક્વિટી શેરનું ઓફર ફોર સેલ પણ સામેલ છે. IPO માટે પ્રાઈસ બેન્ડ 135 થી 142 રૂપિયા રાખવામાં આવ્યો હતો.

આ ઉપરાંત પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝના સ્ટોકનું લિસ્ટિંગ 5 માર્ચના રોજ IPO ભાવ કરતાં 35 ટકા પ્રીમિયમ પર થયું છે, જે GMP અંદાજ 50 ટકા કરતાં ઓછું છે. કંપનીના શેર NSE પર 171 રૂપિયાના ઈશ્યૂ પ્રાઈસ સામે 225 રૂપિયા પર ખૂલ્યો હતો. કંપનીના શેર NSE પર 171 રૂપિયાના ઈશ્યૂ પ્રાઈસ સામે 225 રૂપિયા પર ખૂલ્યો હતો.27 થી 29 ફેબ્રુઆરી દરમિયાન ખુલ્યો હતો અને 99.03 ગણો સબસ્ક્રાઈબ થયો હતો. IPO માં પ્રાઈસ બેન્ડ શેર દીઠ 162-171 રૂપિયા હતો. પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝ પીવીસી સ્ટેબિલાઈઝર્સ, સીપીવીસી એડિટિવ્સ અને લુબ્રિકન્ટ્સનું ઉત્પાદન કરે છે.

# વેજીટેબલ રિફાઈન્ડ ઓઈલ બનાવતી કંપની આપશે ડબલ બોનસ શેર

નવી દિલ્હી | તા.05

રિફાઈન્ડ ઓઈલ બનાવતી એક કંપની દ્વારા બોનસ શેરની જાહેરાત કરવામાં આવી છે. આ કંપની એક શેરની સામે બે બોનસ શેર આપવાની છે. આ માટે કંપની દ્વારા રેકોર્ડ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. 3 માર્ચ, 2024ના રોજ મળેલી કંપનીના શેરધારકોની મીટિંગમાં આ નિર્ણયને મંજુરી આપવામાં આવી છે. રિફાઈન્ડ ઓઈલ બનાવતી એક કંપની દ્વારા બોનસ શેરની જાહેરાત કરવામાં આવી છે. આ કંપની એક શેરની સામે બે બોનસ શેર આપવાની છે. આ માટે કંપની દ્વારા રેકોર્ડ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. 3 માર્ચ, 2024ના રોજ મળેલી કંપનીના શેરધારકોની મીટિંગમાં આ નિર્ણયને મંજુરી આપવામાં આવી છે.આ કંપનીની શરુઆત વર્ષ 2012માં થઈ હતી. MK Proteins Ltd કંપની વેજિટેબલ રિફાઈન્ડ ઓઈલ અને બાય પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. તે રિફાઈન્ડ રાઈસ બ્રાન ઓઈલ, કેનોલા ઓઈલ, સોયાબીન ઓઈલ, સનફ્લાવર ઓઈલ અને રાઈસ બ્રાન ઓઈલ મેળવવા માટે ક્રૂડ ઓઈલનું રિફાઈનિંગ અને ઉત્પાદન કરે છે.કંપનીની ઉત્પાદન ફેકટરી હરિયાણાના અંબાલામાં આવેલી છે. જેની સ્થાપિત રિફાઈનિંગ ક્ષમતા પ્રતિ દિવસ 250 ટન છે. આ કંપનીની માર્કેટ કેપિટલ 545 કરોડ રુપિયા છે. તેના માથે 7.30 કરોડ રુપિયાનું દેવુ છે.

M.K. PROTEINS

MK Proteins Ltd કંપનીના શેરહોલ્ડરની સંખ્યા ડિસેમ્બર 2023 પ્રમાણે 6,587 છે. તો કંપનીનો પ્રોફિટ ગ્રોથ 4.93 ટકા છે.કંપનીના શેરની ફેસ વેલ્યુ 1 રુપિયો છે. ઉપરોક્ત માહિતી કંપનીની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. www. mkproteins.in પરથી તમે આ અંગેની વધુ માહિતી પ્રાપ્ત કરી શકો છો. કંપનીએ રેકોર્ડ ડેટ 15 માર્ચ શુક્રવારની રાખી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ફાગણ વદ-10

# જીએસટીમાં કરચોરી સામે લાલ આંખ

જુલાઈ ૨૦૧૭ થી, જીએસટી નો અમલ થયો. જીએસટી કાયદા અને નિયમોનુ પાલન થાય એવી જોગવાઈઓ કાયદામાં છે. કાયદાની જોગવાઈઓનું પાલન થાય, તેવો, જીએસટી વિભાગ પણ પ્રયત્ન કરે છે. કદાચ, કાયદાની કે નિયમોની જોગવાઈઓની, સમઝણ, કે, મૂંઝવણના કારણે, વેરા પાત્ર વ્યક્તિ ભૂલ કરી બેસે છે. ક્યારેક, એક વેપારીની ભૂલ, બીજા વેપારીને દંડાવું પડે છે, તેવા પણ, કિસ્સાઓ બને છે. આજ કાલ એવા પણ, કિસ્સાઓ સામે આવે છે, કે, વેરા પાત્ર વ્યક્તિ, જાણી જોઈને, કાયદાનું પાલન કરતો નથી. બીજા શબ્દોમાં, કરચોરી કરવી તેની આદત છે. વેરો ઓછો ચૂકવવો અથવા ચૂકવતોજ નથી. ખોટા વ્યક્તીના નામે, જીએસટી માં નોંધણી કરાવે, માલ વેચ્યા વગરજ, ખોટા બિલો બનાવી, સામાવાળાને, ખોટી વેરા શાખ મેળવી આપે. જીએસટી વેરા વગર, બિલ બનાવે. જીએસટી વગરનો માલ ખરીદે. આવા કેટલાક કર ચોરીને રોકવા, જીએસટીના અધિકારીને કાયદામાં સત્તા આપેલ છે. સર્ચ સિઝરનું કારણ જોઈન્ટ કમિશનર અથવા તેથી, વધુ ઉચ્ચ હોદ્દો ધરાવતો અધિકારીને, કરદાતા કઈક ખોટું કરે છે, તેવા વિશ્વાસનું કારણ હોય, જેમાં, કરદાતા વસ્તુ અને સેવાના સપ્લાયના, વ્યવહાર છુપાવેલ છે, અથવા વ્યવહારની રકમ ઘટાડેલ છે. વસ્તુ કે માલના સ્ટોકની માહિતી, છુપાવી અથવા ઘટાડી, અથવા કરદાતાએ વધુ વેરા શાખ લીધી, કે, કરદાતાએ કાયદાની કે નિયમોની વિરુદ્ધ કાર્યવાહી કરેલ છે અથવા કરચોરી કરેલ. વેરા પાત્ર વ્યક્તિની ધંધાની જગ્યા, રહેઠાણ કે અન્ય જગ્યાનું અથવા વેરા પાત્ર વસ્તુનું વહન કરતો વ્યક્તિ (ટ્રાન્સપોર્ટર) અથવા વેરા પાત્ર વસ્તુ રાખતો ગોડાઉનનો માલિક, જીએસટી વિભાગ અધિકારીને લાગે, કે, ટેક્સ ચુકવ્યા વગરનો માલ જ્યાં, હોય તેનું નિરીક્ષણ કરવા, જીએસટી કાયદાની કલમ ૬૭, જીએસટી અધિકારીને અધિકૃત કરે છે. નિરીક્ષણ શોધ અને જપ્તી પણ, જીએસટી અધિકારી કરી શકે છે.

### હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠશે અરવલ્લીની ગિરી મારાઓ

# અરવલ્લી જિલ્લાના મહાદેવ મંદિરોમા મહાશિવરાત્રીનો મેળા યોજાશે

રાકેશ મહેતા. ધનસુરા



અરવલ્લી જિલ્લામાં મહાદેવના મંદિરો મા મહાશિવરાત્રી ના મેળા યોજાશે જેમાં મોડાસા તાલુકામાં ઉમેદપુર -દધાલીયા ગામે ખંડુજી મહાદેવ મંદિરે પરંપરાગત મહાશિવરાત્રીનો મેળો યોજાશે.દર વર્ષે ભાદરવાના બીજા રવિવારે અહીં યોજાતા ભવ્ય લોકમેળાની જેમ મહાશિવરાત્રીનો પણ ભવ્ય મેળો યોજાય છે તેને લઈને ગામ લોકો દ્વારા તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. ખંડુજી મહાદેવ મંદિરે મહાશિવરાત્રીના મેળામાં હજારોની સંખ્યામાં શ્રદ્ધારુઓ ઉમટી પડશે.અને હર હર મહાદેવ ના નાદ થી અરવલ્લી ની ગિરિમાળાઓ ગુંજી ઉઠશે.પશુપતિ મહાદેવ તરીકે ઓળખાતા સ્વયંભૂ ખંડુજી મહાદેવના ભકતો દર્શન માટે થનગની રહ્યા છે.જોકે મહાશિવરાત્રી ના દિવસે ભવ્ય મેળો યોજાશે જેમાં ભજન કીર્તન સાથે મહાદેવની ભક્તિમાં ભકતો તલ્લીન થશે અને ભારતીય સંસ્કૃતિની અલગ જાખી પણ જોવા મળશે. ઉલ્લેખનીય છે કે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર -દધાલીયા ગામે સદીઓથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાય છે લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં સ્વયંભુ ખંડુજી મહાદેવના મંદિરે દર્શન કરવા માટે આવે છે.હજારો ભક્તો ભગવાન ભોળા નાથ ના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

મેળામાં આવેલા લોકોને કોઈ તકલીફના પડે તે માટે ગામ લોકો દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ઉમેદપુર સ્થિત સ્વયંભૂ ખંડુજી મહાદેવ સાક્ષાત છે જેથી લોકોની આસ્થા પણ મહાદેવ પ્રત્યે દિવસે ને દિવસે વધી રહી છેપ્રવાસન સ્થળ તરીકે ઉભરી રહ્યું છે શ્રી ખંડુજી મહાદેવ ધામદિવસે ને દિવસે ભક્તોની વધતી ભીડના કારણે સ્વયંભૂ ખંડુજી મહાદેવ ધામ ઉમેદપૂર પ્રવાસન સ્થળ તરીકે પણ ઉભરી રહ્યું છે.ભક્તોની સતત ભીડ અહી હવે જોવા મળી રહી છે અને તેમાં પણ રાજ્ય ભરમાંથી પશુઓ સુરક્ષિત રહે તે પશુપાલકો અને ખેડૂતોનો ઘસારો ભગવાન ખંડુજી મહાદેવ ધામ ખાતે વધી રહ્યો છે. જો ભગવાન શ્રી ખંડુજી મહાદેવ ધામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો ગુજરાત અને રાજેસ્થાન પર્યટકો નો વેગ વધુ વધે તેવી પણ શક્યતાઓ છે.

# ગરુડેશ્વર તાલુકાના ભીલવસી ગામમાં આધેડ વ્યક્તિને બળદે ભેટી મારતા મોત

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ભીલવસી ગામમાં એક આધેડ વાયુતી ને બળદે માર મારતાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું



પ્રાપ્ત વિગતો અનુસાર ભોગબનનાર રમણભાઈ કાનજીભાઈ તડવી ઉ.વ.૬૦ રહે.વાંસલા તા.ગરૂડેશ્વર જી.નર્મદા નાઓને તા-૦૨/૦૩/૨૦૨૪ ના રોજ ભીલવસી ગામે બળદે મારતા પ્રથમ સારવાર માટે રાજપીપળા સિવીલ હોસ્પિટલ ખાતે લઈ ગયા અને ત્યારબાદ વધુ સારવાર માટે SSG હોસ્પિટલ વડોદરા દાખલ કરેલ હતા જ્યાં સારવાર દરમ્યાન તા-૦૪/૦૩/૨૦૨૪ ના રોજ તેમનું મોત નિપજતાં ગરુડેશ્વર પોલીસે તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં રખડતા જાનવરો નો ત્રાસ ઘણો વધ્યો છે જેમાં અવાર નવાર લોકોના ભોગ લેવાઈ છે,ભૂતકાળ માં રાજપીપળા શહેર માં પણ એક બાઈક સવાર ને અડફટે લેતાં મોત નિપજ્યું હતું અને આવી ઘણી ઘટના જોવા મળી છે માટે રસ્તા પર બિન્દાસ રખડતા જાનવરો પર તંત્ર લગામ લગાવે તે લોકો ના હિત માં રહેશે.

# વડોદરા હરણી બોટ દુર્ઘટના બાદ પોઇચા નર્મદા નદીમાં નાવડી બંધ કરતા 100 થી વધુ પરિવારો ની આજીવિકા છીનવાઈ

ભરત શાહ દ્વારા- રાજપીપળા

વડોદરા ના હરણી તળાવ માં બનેલી બોટ ની દુર્ઘટના બાદ તમામ તળાવો માં સરકાર દ્વારા બોટ બંધ કરાવવામાં આવી છે અને જ્યાં ચાલુ છે ત્યાં સેફટી કીટ આપવાની સાથે બોટ ચલાવવા ની મંજૂરી આપવામાં આવી રહી છે પરંતુ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઇચા ચાંદોદ નર્મદા ઘાટ પર 200 થી વધુ બોટ ચાલી રહી છે.



જેમાં મુસાફરો ને અવરજવર કરવા જેમાં કોઈ ચાંદોદ થી સંગમ કે પોઇચા કિનારે તો પોઇચા થી કરનાળી કુબેર ભંડારી ભક્તો બોટ માર્ગે જતા હોય છે. ત્યારે આ મુસાફરોના અવર જવર થી પોઇચા, નરખડી,ગામડી સહીત ના ગામોના માછીમારો અને નાવિકો ની આજીવિકા ચાલી રહી છે. આ સાથે મંડપ વાળા, રીક્ષા છગડા વાળા નો પણ ધંધો નથી આમ નાવડીયો બંધ થતા 100 થી વધુ પરિવારો ને અસર પડી રહી છે. ત્યારે નાવડીઓ ને ચાલુ કરવા જિલ્લા કલેટકર ને રજૂઆત કરવા સ્થાનિક નાવિકો જિલ્લા સેવા સદન ખાતે આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે પોઇચા સામે કિનારે બોટ યથાવત ચાલી રહી છે કોઈ રોકટોક નથી કેમકે વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા કોઈ પ્રતિબંધ લગાવવામાં આવ્યો નથી. જ્યારે નર્મદા જિલ્લા કલેક્ટરે તળાવો નદી નાળાઓ માં ચાલતી તમામ નાવડીઓ બંધ કરાવી દીધી છે. જ્યાં સ્થાનિક પોલીસ આ નાવિકો ને જિલ્લા કલેટકર ની મંજૂરી લાવવા કહે છે. એટલે સ્થાનિક નાવિકો ની નાવડીઓ ચાલુ ના થતા છેલ્લા બે મહિનાથી રોજગાર વિના બેઠા છે. ત્યારે હવે જો જિલ્લા કલેક્ટરે નાવડી ચાલુ કરવાની મંજૂરી ના આપી તો ઉગ્ર આંદોલન ની ચીમકી નાવિકો આપી રહ્યા છે.

# રાજ્યના તમામ નાગરિકો સુધી આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાઓ પહોંચે એ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે: મંત્રી બચુભાઈ ખાબડ

દિપક રાવલ - દાહોદ

પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ અને સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરના વરદ હસ્તે ૩ કરોડ ૩૨ લાખથી વધુ રકમના ખર્ચે નિર્માણ પામનાર દુધામલી, ચોસાલા તેમજ વણભોરી ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ ના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આરોગ્યની સેવાઓ એ લોકોની પ્રાથમિક જરૂરિયાતનો ભાગ છે. રાજ્ય સરકાર દ્વારા લોકોને પોતાના જ વિસ્તારમાં સારામાં સારી આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વિસ્તાર મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ વિસ્તારના લોકોને ઘર આંગણે આરોગ્યની સારામાં સારી સેવાઓ મળશે તેવી ખાતરી મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ની આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાઓ પહોંચે એ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના પરિણામે રાજ્યમાં મજબૂત આરોગ્ય માળખું વિકસિત થયું છે. આયુષ્માન ભારત યોજનાથી ગંભીર બીમારીઓની સારવાર મેળવી રહેલા લાખો જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના પરિવારજનો પરનું આર્થિક સંકટ ટળ્યું છે. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, જીલ્લા પ્રમુખશ્રી કરણસિંહ ડામોર, જીલ્લા પંચાયત સભ્યોશ્રીઓ, તાલુકા સભ્યોશ્રીઓ, સરપંચશ્રીઓ, અગ્રણી શ્રીઓ સહિત આરોગ્ય વિભાગના અધિકારી શ્રીઓ કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સરદાર સરોવર ડેમની નીચેના ભાગે કામદાર ઊંડા પાણીમાં પડ્યો : મોડી રાત્રે મૃતદેહ મળ્યો

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં આવેલા સરદાર સરોવર ડેમ ની નીચેના ભાગે એક કામદાર ઊંડા પાણીમાં પડતાં લાપતા થયો હતો જેથી ફાયર બ્રિગેડ ની ટીમ તેની શોધખોળ બાદ મોડી રાત્રે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર કોન્ટ્રાકટર હરેશકુમાર અંબાલાલ પટેલ,હાલ રહે ભુમલીયા પંપીગ સ્ટેશનની બાજુમા તા. ગરુડેશ્વર જી.નર્મદા મુળ રહે અમદાવાદ બી ૧૦૨ ચાઈના શીખર સોસાયટી ગોતા,વંદે માતરમ રોડ,અમદાવાદ નાઓ એ SOU સલામતી પો.સ્ટે. માં જાણ કર્યા મુજબ તેમનો એક કામદાર ત્રુષીકકુમાર યોગેશભાઇ તડવી રહે બોરીયા તા.ગરૂડેશ્વર જી. નર્મદાનાઓ સરદાર સરોવર ડેમની નીચેની સાઈડે સ્ટીલીંગ બેઝીંગ પાસે



કામ કરતા હતા તે વખતે બપોરના સમયે સ્ટીલીંગ બેઝના પાણીના કિનારે હાથ ધોવા જતા આકસ્મીક રીતે તેનો પગ લપસી જતા તે ઉંડા પાણીમા પડી ગયા બાદ લાપતા થયો હોય ફાયર ફાઈટર દ્વારા તેની શોધખોળ કરવામાં આવી રહી હતી ત્યારબાદ રાત્રે તેનો મૃતદેહ મળી આવતા SOU સલામતી પો.સ્ટે.એ આ બાબતની નોંધ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ચીફ ઓફિસરની બદલી મામલે સાપુતારા બંધ માં વેપારી અને દુકાનદારો મક્કમ, નેતાઓ પહોંચ્યા આપી છ દિવસમાં ઉકેલનું આશ્વાસન

સુશીલ પવાર.ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લાનાં ઈતિહાસમાં પોતાના માટે નહી પરંતુ પ્રવાસન સ્થળનાં વિકાસ માટે સાચા અને કર્મનિષ્ઠ અધિકારીની બદલી રદ કરવા માટે ગ્રામજનોએ આંદોલનનું રણસીંગુ ફુક્યાનો પ્રથમ કિસ્સો જોવા મળી રહ્યો છે.ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારાની વાત કરીએ તો ગિરિમથક સાપુતારાને દસ વર્ષ બાદ કાયમી ચીફ ઓફીસર તરીકે ડૉ ચિંતન વૈષ્ણવ મળ્યા હતા.ગિરિમથક સાપુતારા ખાતે ડૉ ચિંતન વૈષ્ણવે ચીફ ઓફીસર તરીકે કાયમી કાર્યભાર સંભાળતાની સાથે જ જોવાલાયક સ્થળોની રોનક વધી હતી.તત્કાલીન ચીફ ઓફીસર ડૉ ચિંતન વૈષ્ણવ દ્વારા વર્ષો બાદ સાપુતારા સહિત નવાગામનાં પ્રાણ પ્રશ્નોને સાંભળી ઉકેલ માટે સકારાત્મક દિશા આપતા પ્રવાસન સ્થળની પ્રથમ વખત કાયા પલટ જોવા મળી હતી.છેલ્લા બે મહિનામાં સાપુતારાનાં તમામ જોવાલાયક સ્થળો ડૉ ચિંતન વૈષ્ણવનાં સકારાત્મક અભિગમનાં પગલે ગંદકી મુક્ત બનતા પ્રવાસીઓ સહિત સ્થાનિકોમાં પ્રવાસન સ્થળની આગવી ઓળખ ઉભી થઇ હતી.સાપુતારા ખાતે કાયમી ચીફ ઓફીસરની કડક કામગીરીનાં પગલે નોટીફાઇડ એરીયા કચેરીનાં કાયમી તેમજ હંગામી કર્મચારીઓ તથા એજન્સીનાં કર્મચારીઓ શિસ્તબદ્ધ શૈલીમાં આવી જઈ નિયમિત કામગીરીમાં જોતરાયા હતા.તેવામાં રાજ્ય સરકાર દ્વારા સાપુતારાનાં ચીફ ઓફીસર ડૉ ચિંતન વૈષ્ણવની ટૂંકા સમયમાં જ ભાવનગર ખાતે સિવિલ ડિફેન્સ વિભાગમાં ડેપ્યુટી કન્ટ્રોલર તરીકે બદલી કરી દેતા મામલો ગરમાયો છે.સાપુતારાનાં ચીફ ઓફીસર તરીકે તેઓએ બે મહિના જેટલી કામગીરી કરી હતી.જે તુરંત થયેલ બદલીથી સાપુતારા નવાગામનાં ગ્રામજનો રઘવાયા છે.સાપુતારા નવાગામનાં ગ્રામજનોએ ચીફ ઓફીસર ડૉ ચિંતન વૈષ્ણવની બદલી રદ કરવા માટે ડાંગ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. સાથે સાપુતારા સજ્જડ બંધ,રસ્તા રોકો આંદોલન સહિત લોકસભાની ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.તેમ છતાંય રાજ્ય સરકાર દ્વારા ચીફ ઓફીસરની બદલી રદ ન કરતા સોમવારે પ્રવાસન સ્થળ સાપુતારા સજ્જડ બંધ રહ્યુ હતુ.જ્યારે મંગળવારે બીજા દિવસે પણ સાપુતારા સજ્જડ બંધ રહેતા જોવાલાયક સ્થળોએ પ્રવાસીઓના બદલે કાગડા ઉડી રહ્યા હતા.બીજા દિવસે પણ તમામ લારી ગલ્લા,રેસ્ટોરન્ટ, એડવેન્ચર એક્ટિવિટી સહિતનાં તમામ સ્થળો બંધ રહેતા સુમસામ ભાસી ઉઠ્યા હતા.ડાંગ જિલ્લાનાં ઈતિહાસમાં પ્રથમ વખત એક અધિકારીની બદલી રદ કરવા માટે ઉઠેલ લોકજુવાળ અને લોક આંદોલનનાં પગલે સાપુતારા સતત બે દિવસથી સજ્જડ બંધ જોવા મળ્યુ હતુ. જેમાં સાપુતારા નવાગામ ભાજપને વરેલુ ગામ હોવા છતાંય પ્રથમ દિવસે ડાંગનાં ભાજપી આગેવાનો ગ્રામજનોને હૈયાધરપત આપવા પણ ન ફરકતા લોકોએ રોષ ઠાલવ્યો હતો.

# જાફરાબાદ તાલુકા પંચાયત કચેરીમાં ઓનલાઇન આંગણવાડી ભરતીમાં નવી નિમણુંક પામેલ આંગણવાડી કાર્યકર તેમજ તેડાગર બેહેનોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

આજરોજ તારીખ /૦૪/૦૩/૨૦૨૪ ના રોજ આઈ. સી.ટી.એસ. ઘટક જાફરાબાદ દ્વારા નવી તાલુકા પંચાયત કચેરી તાલુકા પંચાયત જાફરાબાદ ખાતે ઓનલાઈન આંગણવાડી ભરતી અંતર્ગત નવી નિમણુંક પામેલ આંગણવાડી કાર્યકર તેમજ તેડાગર બહેનોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવેલ હતાં જે અંતર્ગત તાલુકા પંચાયત પ્રમુખશ્રી લાલાભાઈ કોટડિયા, અનિરુદ્ધભાઈ વાળા, તાલુકા વિકાસ અધિકારી સાહેબ શ્રી સોનાગરા સાહેબ સામતભાઈ, તલાજીયાભાઇ, જે.પી. જીવાભાઈ, મુખ્ય સેવિકા શ્રી લીલાબેન.ડી. જાદવ, યુનિયન



લીડર મયુરીબેન બારૈયા, બ્લોક કો. ઓડિનેટર વાળા હિતેશભાઈ તેમજ આઈ.સી.ડી.પી.એસ.

સ્ટાફ ગ્રામ પંચાયતોમાંથી પધારેલ સરપંચ શ્રી ઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો અને આંગણવાડી કાર્યકર ના ૧૧- નિમણૂક પત્ર તેમજ આંગણવાડી તેડાગરના ૧૫ નિમણૂક પત્ર પધારેલા મહેમાનો શ્રી ના હસ્તે આપવામાં આવેલ હતા

# ચાણસ્મા ખાતે અંદર 17 ચાણસ્મા વિધાનસભાની રન ફોર વોટ મેરેથોન દોડ યોજાઇ



નીતિન ઠાકર -ચાણસ્મા

ચાણસ્મા ખાતે આજરોજ વહેલી સવારે ૧૭ ચાણસ્મા વિધાનસભાની રન ફોર વોટ મેરેથોન દોડ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચાણસ્મા મામલતદાર કચેરી તાલુકા પંચાયત કચેરી તેમજ ધરમોડા આરટીઆઇ રૂપપુર આરટીઆઇ તથા ચાણસ્મા પી.પી હાઇસ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા જોડાઈને રન ફોર વોટ મેરેથોન દોડમાં ભાગ લીધો હતો. પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આજરોજ વહેલી સવારે ચાણસ્મા મામલતદાર કચેરીથી મતદારોને તેમના મતદાનનો હક અને તેનો ઉપયોગ કરવા માટે તથા મજબૂત લોકશાહીમાં ભાગીદાર બનવા માટે રન ફોર વોટ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મામલતદાર ઓફિસથી તમામ મામલતદાર કચેરીનો સ્ટાફ તથા તાલુકા પંચાયત કચેરી નો સ્ટાફ તથા ધરમોડા તેમજ રૂપપુર આરટીઆઇ કોલેજના વિદ્યાર્થીઓ તેમજ ચાણસ્મા ખાતે આવેલ પી.પી હાઈસ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા જોડાઈને ચાણસ્મા મામલતદાર કચેરીથી શહેરની અંદર રન ફોર વોટ મેરેથોન મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચાણસ્મા મામલતદારશ્રી ભગવતીબેન ચાવડા તાલુકા વિકાસ અધિકારીશ્રી સી.બી લીમ્બાચીયા તેમજ નાયબ મામલતદારશ્રી મહેશભાઈ લુહારિયા સર્કલ શ્રી ગીરીશભાઈ સક્સેના સહિતના અધિકારીઓ જોડાયા હતા.

# જામનગરમાં નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત આણંદાબાવા સેવા સંસ્થા દ્વારા રેલી યોજાઇ

વિશાલ જે હરવરા જામનગર

જામનગર તા. 5 માર્ચ, આણંદાબાવા સેવા સંસ્થા, લીમડા લેન, જામનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ- રાજ્ય સરકાર હેઠળના નિયામક સમાજ સુરક્ષા ખાતા ગુજરાત રાજ્ય ગાંધીનગર હસ્તકની જામનગર જિલ્લાની સરકારી અને બિનસરકારી બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્ય કરતી વિવિધ દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓના બાળકોની નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત જાગૃતિ રેલી યોજાઈ હતી.

જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ડૉ. પી.વી. શેરસીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી આર.જે. શિયાર, બાળ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી ભાવિનભાઈ ભોજાણી, આણંદાબાવા સેવા સંસ્થા સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ અને બોયઝના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા બાળ અધિકારીશ્રીની કચેરીના સ્ટાફ ગણ હાજર રહ્યા હતા.

# પાટણની ધારપુર હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ ધારક દર્દીઓ પાસેથી પૈસા લેવાના આરોપ લાગતાં હોસ્પિટલમાં આક્ષેપો દબાવવાની કરાઇ કોશિશ

નીતિન ઠાકર -ચાણસ્મા

પાટણ જીલ્લાના ધારપુર ખાતે આવેલી જી એમ ઇ આર એસ મેડિકલ હોસ્પિટલમાં દાખલ થયેલા તેમજ પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ ધરાવતા ગરીબ દર્દીઓ પાસેથી હોસ્પિટલ અંદર જ કેટલાક ડોકટરો ની મીલીભગત થી વચેટીયાઓ દ્વારા પૈસા પડાવવામાં આવતાં હોવાના ગંભીર આક્ષેપ લાગતાં તો સૌ પ્રથમ હોસ્પિટલ ના સત્તાધિશો દ્વારા યેનકેન પ્રકારે આ આક્ષેપો દબાવવાની ભરપૂર કોશિશ કરવામાં આવી હતી તેમ છતાં ન દબાવવામાં આવતા છેવટે સમગ્ર આક્ષેપો બાબતે તપાસ ના આદેશ આપવામાં આવ્યા છે તેમ જાણવા મળ્યું હતું



પાટણ નજીક આવેલ ધારપુર મેડિકલ હોસ્પિટલ ખાતે આવેલા કેટલાક વિભાગની અંદર ડોક્ટર ની મીલીભગત થી વચેટીયાઓ દ્વારા પૈસા પડાવવાનો આક્ષેપો લાગતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો જેમાં ધારપુર મેડીકલ હોસ્પિટલ ના પુર્વ કર્મચારી મૌલિક પરમાર નામના વ્યક્તિ દ્વારા આક્ષેપ કરાયો છે કે હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો પુલકીત મોદી અને ડો મેહુલ ખત્રી દ્વારા પોતાના નરેશ નામના વચેટીયા મારફતે હોસ્પિટલમાં આવેલ લોબી માંજ પૈસા પડાવતાં હોવાનો આક્ષેપ કરીને વિડિયો વાઇરલ કરવામાં આવ્યો હતો તેમજ સિધ્ધપુર તાલુકાના નેદ્રા ગામના ગરીબ દર્દી ભારતીબેન ઠાકોર ની માતાએ પણ ગંભીર આક્ષેપો લગાવ્યા હતા કે તેઓની દીકરીને ઓપરેશન માટે ધારપુર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી ત્યારે હોસ્પિટલના ડોક્ટરના વચેટીયાઓ દ્વારા ૧૯,૦૦૦ રૂપિયા ની માંગણી કરવામાં આવી હતી તેમજ ૧૯,૦૦૦ હજાર આપ્યા બાદ જ ઓપરેશન થશે તેવા પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા હતા ત્યારે સમગ્ર ઘટનાને લઈને હોસ્પિટલના સત્તાવાળાઓ દ્વારા પહેલા તો સમગ્ર મામલો દબાવવાના ભરપૂર પ્રયાસ કરવામાં આવ્યા હતા તેમ છતાં મામલો મીડિયા સમક્ષ આવતા હોસ્પિટલના મહિલા મેડિકલ ઓફિસર ડો પારુલ શર્મા દ્વારા તપાસ માટે આદેશ આપ્યા હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે સમગ્ર ઘટના બાબતે ગુજરાત સરકાર દ્વારા હોસ્પિટલના આવા લાચ્યા અધિકારીઓ પર કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે તે તો આવનાર સમયે જ બતાવશે.

# જામનગર જિલ્લા સરકારી પુસ્તકાલય રૂ.3.1 કરોડના ખર્ચે સ્માર્ટ લાઇબ્રેરીમાં નિર્માણ પામ્યુ



રિપોર્ટ વિશાલ જે હરવરા જામનગર.

લાઈબ્રેરીમાં ૭૦હજારથી વધુ પુસ્તકો, સાઉન્ડપ્રૂફ કોન્ફરન્સ રૂમ, સિનિયર સિટિઝન વિભાગ, આધુનિક કોમ્પ્યુટર સાથે ઈ-લાઈબ્રેરી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ. જામનગર તા.૪માર્ચ,રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતઓ વિભાગ, ગ્રંથાલય ખાતા હસ્તકની સરકારી જિલ્લા પુસ્તકાલય- જામનગર તા. ૧૪-૦૩-૧૯૬૨ થી જામનગરની જાહેર જનતા માટે કાર્યરત છે. આ લાઈબ્રેરીને વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂા. એક કરોડના ખર્ચે સ્માર્ટ લાઈબ્રેરી બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે. તા. ૦૬-૦૩-૨૦૨૪ ને બુધવાર ના રોજ નવી બનેલ સ્માર્ટ લાઈબ્રેરી તથા ઈ-લાઈબ્રેરી નું ઉદ્દઘાટન સંસદશ્રી પૂનમબેન માડમના હસ્તે સવારે ૧૦:૦૦કલાકે કરવામાં આવશે.

# દાહોદ જિલ્લામાં સિકલસેલ તેમજ એનિમિયાને નાબૂદ કરવા "એનીમિયા જાગૃતિ અભિયાન" ની શરૂઆત કરાઈ

દિપક રાવલ - દાહોદ

આજરોજ દાહોદ જિલ્લામાં "એનીમીયા જાગૃતિ અભિયાન" ની શરૂઆત જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને ઠક્કરબાપા પ્રાથમિક શાળા દાહોદ ખાતેથી કરવામાં આવી હતી. દાહોદ એ આદિજાતિ બાહુલ્ય વસ્તી ધરાવતો મહત્વકાંક્ષી જિલ્લો છે. જેમાં એનીમિયા (પાંડુરોગ) અને સિકલસેલ એનિમિયાનું પ્રમાણ વધુ માત્રામાં જોવા મળે છે.એનીમિયા એ શરીરમાં રક્તકણો અને હોમોગ્લોબિનની ઉણપના કારણે થાય છે જ્યારે સિકલસેલ એનીમિયા એ વારસાગત રોગ છે, જેમાં રક્તકણો દાંતરડા આકારના થઈ જાય છે. એનીમિયાના કારણે બાળકોના વૃધ્ધિ વિકાસ અવરોધ



થવો, કાર્યક્ષમતામાં ઘટાડો થવો, થાકી જવુ, હાંફ ચઢવો, અભ્યાસમાં એકાગ્રતાનો અભાવ અને શારીરિક પ્રવૃત્તિઓમાં નબળો દેખાવ જેવા લક્ષણો જોવા મળે છે.

એનીમીયા અને સિકલસેલ એનીમીયાના કારણે સગર્ભા મહિલાઓને પ્રસુતિ દરમ્યાન રક્તસ્ત્રાવની તકલીફ થાય છે, અવારનવાર ગર્ભપાત થવા જેવી ગંભીર સમસ્યાઓનો પણ સામનો કરવો પડી શકે છે. ઘણીવાર તે મૃત્યુનું કારણ પણ બનતુ હોય છે.એનીમીયાને અટકાવવા માટે દૈનિક આહારમાં આયર્નયુક્ત ખોરાક જેવા કે લીલાં પાંદડાવાળા શાકભાજી, ફળફળાદી, ફણગાવેલા કઠોળ વિગેરેને વિટામીન-સી યુક્ત ખોરાક સાથે લેવા જોઈએ. જ્યારે સિકલસેલ એનીમીયાને અટકાવવા તેની સમયસર તપાસ કરાવવી જોઈએ.

# પાલનપુર કલેકટર કચેરીએ આશા વર્કર નો છેલ્લા 10 મહિના નુ વેતન નહિ ચૂકવાતાં તેમજ વિવિધ માગણીઓ નહિ સંતોષાતા ભૂખ હડતાળ ઉતર્યા

પાલનપુર | સરકારી આરોગ્ય વિભાગ માં મહત્વ ની ભૂમિકા અદા કરતાં આશા વર્કર બહેનો ને છેલ્લા ૧૦ મહિનાનું વેતન નહિ ચૂકવાતાં તેમજ વિવિધ માગણીઓ ને સરકાર માં વારંવાર રજુઆત કરવામાં આદોલનો કર્યા છતાં માગણીઓ નહિ સંતોષાતા આખરે ગાંધીચિંધ્યા માર્ગ પર ભૂખ હડતાળ પર ઉતરી પાલનપુરમાં જિલ્લા કલેકટર કચેરીએ પહોંચી ધરણાં પર આશા વર્કર બહેનો વિવિધ માગણીઓ નાં બેનરો હાથમાં રાખી લઘુત્તમ વેતન શરુ કરો રાજકીય કાર્યક્રમ માં ફરજિયાત હાજરી નું વેતન ચુકવો ઈન્સેટીવ પ્રથા બંધ કરવામાં આવે વર્ગ ચાર નું મહેકમ અભુ કરી તેમાં આશા વર્કર બહેનો નો સમાવેશ કરવામાં આવે આશા વર્કર બહેનો



ને અન્ય સરકારી મહિલા કર્મચારીઓ ને ૧૮૦ દિવસ ની મેટરનિટી લીવ આપવામાં આવે આશા વર્કર બહેનો ને કામગીરી નો સમય નક્કી કરવામાં આવે આશા વર્કર બહેનો માટે સાડી યુનિફોર્મ માટી સિલાઇ મશીન ખર્ચ આપવામાં આવે ઓન લાઈન કામગીરી માટે સ્માર્ટ ફોન આપવામાં આવે આવી વ્યાજબી માગણીઓ સાથે અમે આજે જિલ્લા કલેકટર કચેરીએ ભૂખ હડતાળ શરૂ કરી છે તેવું પીન્કી બેન પરમારે જણાવ્યું હતું.

# ઉડાન પર 2023 માં સમગ્ર ભારતમાં 2.25 અબજથી વધુ ઉત્પાદનો મોકલવામાં આવ્યા

### 1500 વિક્રેતાઓ ઉડાન પર 1 કરોડના વ્યવસાયિક વ્યવહારો હાંસલ કરે છે

અમદાવાદ : ભારતના સૌથી મોટા ઈ-બિઝનેસ-ટુ-બિઝનેસ (eB2B) પ્લેટફોર્મ ઉડાને આજે જાહેરાત કરી છે કે વર્ષ 2023માં પ્લેટફોર્મ દ્વારા 23 મિલિયનથી વધુ ઓર્ડર્સ માટે 2.25 બિલિયનથી વધુ ઉત્પાદનો મોકલવામાં આવ્યા છે. આ ઓર્ડર ભારતના તમામ રાજ્યોમાં મોકલવામાં આવ્યા હતા. એસેન્શિયલ્સ કેટેગરી (ફ્રેશ, એફએમસીજી, સ્ટેપલ્સ, ફાર્મા) હેઠળ, પ્લેટફોર્મે 20 મિલિયન ઓર્ડર પૂરા કર્યા અને લગભગ 10 લાખ ટન ઉત્પાદનો પ્લેટફોર્મ દ્વારા મોકલવામાં આવ્યા. ઈલેક્ટ્રોનિક્સ, જનરલ મર્ચેન્ડાઈઝ અને લાઈફસ્ટાઈલ કેટેગરી હેઠળ 3 મિલિયનથી વધુ ઓર્ડરને પૂરા કરતા 70 મિલિયનથી વધુ ઉત્પાદનો મોકલવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન પ્લેટફોર્મ પર 900 વિક્રેતાઓએ 1 કરોડ રૂપિયાનું વેચાણ કર્યું હતું, જ્યારે 600 જેટલા વિક્રેતાઓએ પ્લેટફોર્મ પર 2 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. ગુડગાંવ, મુંબઈ, પુણે, લખનઉ, જયપુર, કોલકાતા, અમદાવાદ, હૈદરાબાદ, દિલ્હી અને બેંગ્લોરના રિટેલર્સ પાસે આવશ્યક અને વિવેકાધીન ઉત્પાદનોની સૌથી વધુ માંગ હતી. કિરાણા વાણિજ્યને ઉન્નત કરવા માટે ટેક્નોલોજીની શક્તિનો ઉપયોગ કરીને ઉડાન નાના છૂટક વિક્રેતાઓ અને કિરાણા વિક્રેતાઓની વચ્ચે ચુકવણીના ડિજિટાઈઝેશનને પ્રોત્સાહિત કરે છે. CY 2023 માં, ઉડાન પ્લેટફોર્મ પર 22% રિટેલર્સે ડિજિટલ ચુકવણીની પદ્ધતિ અપનાવી હતી.

ઉડાનના સહ-સ્થાપક અને સીઈઓ વૈભવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, 'ઉડાન ભારતના નાના વ્યવસાયોને સશક્ત બનાવવાની તેમની મુખ્ય ફિલસૂફી માટે પ્રતિબદ્ધ છે, જેઓ ટેક્નોલોજીની શક્તિનો લાભ લઈને મોટા પ્રમાણમાં માર્કેટની જરૂરિયાતનો પૂરી કરે છે. ઓર્ડરની મોટી માત્રા અને પુનરાવર્તિત ખરીદીનો નોંધપાત્ર રીતે ઊંચો દર ઉડાનને તેના છૂટક વેપારી ભાગીદારો વચ્ચેની પસંદગીને દર્શાવે છે.

# સ્માર્ટફોનના કારણે સંબંધો થઈ શકે છે ખરાબ

## મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને અન્ય ગેજેટનો ઉપયોગ આજના સમયમાં જરુરીયાત બની ગઈ છે

મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને અન્ય ગેજેટનો ઉપયોગ આજના સમયમાં જરુરીયાત બની ગઈ છે, પરંતુ સ્માર્ટફોનના કારણે સંબંધો બગડવાની શક્યતા રહેલી છે.સ્માર્ટફોન પર આખો દિવસ દુનિયાભરના સમાચારો અને મનોરંજન સાથે જોડાયેલી વસ્તુઓ જોતા અને વાંચતાને કારણે લોકોને ધ્યાન અસલી વસ્તુઓની હટવા લાગ્યું છે. તેના કારણે આજના સમયમાં લોકો માહિતી મેળવવા અથવા આસપાસના લોકો વિશે જાણવા માટે રુચિ નથી રાખતાં. જો તમે ઘણા બધા લોકો વચ્ચે બેસો છો, તો કોઈ મહત્ત્વપૂર્ણ ચર્ચા ચાલી રહી હોય અને અચાનક તમે તમારુ ધ્યાન ફોન પર કરો તો દરેક લોકોને ખોટુ લાગશે. સ્માર્ટફોનના વધતાં ઉપયોગના કારણે તમારુ ધ્યાન ચારેય બાજુની વસ્તુઓ અને લોકો તરફ ઓછુ થઈ જાય છે. સ્માર્ટફોનનો ઉપયોગ કરીને તમે સોશિયલ મીડિયાના માધ્યમથી સરળતાથી વધુ લોકો સાથે જોડાઈ શકો છે, પરંતુ અહીં હંમેશા ભરોસા પર ખતરો રહેતો હોય છે. તમારી પાસે સોશિયલ મીડિયા પર હજારો મિત્રો હોઈ શકે છે, પરંતુ એ લોકો પર તમારા વિશ્વાસ અથવા તમે તેમના પર વિશ્વાસ નહી કરી શકો. એ જ મિત્રોથી સાચા હશે જે હંમેશા તમારી સાથે રહે છે. એક બીજી સ્માર્ટફોન તમારી દુનિયાના કોઈ ખૂણામાં બેઠેલા વ્યક્તિ સાથે જોડાઈ રહેવાનો અવસર આપે છે, બીજી બાજુ તેનો અત્યાધુનિક ઉપયોગ તમને તમારા આસપાસનો લોકોથી દૂર કરી દે છે.



### દૂર રહેવાનું કારણ

દિવસભર મોબાઈલ ફોનમાં ન્યુઝ અને મનોરંજન સાથે જોડાયેલી વસ્તુઓ જોતા રહેવા અને પરિવાર માટે સમય ન કાઢવાના કારણે તમારા પરિવાર સાથેના સંબંધમાં અંતર વધતું રહે છે. એટલા માટે ખાસ કરીને પરિવાર અને બાળકો માટે સમય જરુર કાઢો.

### લાગી શકે છે ખોટુ

જો તમે તમારા લાઈફ પાર્ટનર સાથે વાત કરતી વખતે અથવા તેમની સાથે હોવા છતાં પણ તેમને કોઈ રિસ્પોન્સ ન આપી સતત ફોનમાં ધ્યાન આપતાં રહેશો તો તેનાથી તેમને ખોટુ લાગી શકે છે. તેમા જો સતત આ રીત ચાલતું રહે તો તેની અસર તમારા સંબંધ પર પડી શકે છે. એટલે પરિવાર સાથે બેસતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવાની કોશિશ કરો, જેથી કરીને તમારા પરિવારમાં આનંદ રહેશે.

### ફ્રી ટાઈમ પરિવારને આપો

પરિવાર અને જીવનસાથી કરતાં વધુ સમય મોબાઈલ પર વિતાવવાથી તેમને મહેસૂસ થઈ શકે છે, કે તમે કોઈને નજરઅંદાજ કરી રહ્યા છો. એવામાં તેમના પ્રત્યે તમારો આ વ્યવહાર તેમને ઠેસ પહોચાડી શકે છે. એટલે ફ્રી ટાઈમમાં પરિવાર અને બાળકોને સમય આપો.



## બાળકોને સતાવતી સામાન્ય શરદી-ઊધરસના ઘરગત્થુ ઉપાયો

- મધમાં ખાંસીને રાહત આપવાનો ગુણ સમાયેલો છે. તેથી નવજાત શિશુને મધ ચટાડવાથી રાહત થાય છે. તેમજ મધ સ્વાદમાં મીઠું હોવાથી બાળક ઝટપટ ચાટી જાય છે.
- વિટામિન સીમાં શરદીને નાથવાનો ગુણ હોવાથી વિટામિન સીયુક્ત ખાદ્યપદાર્થો આપવા. એક કપ પાણીમાં લીંબુનો રસ અને થોડું મધ ભેળવીને પીવડાવાથી ફાયદો થાય છે.
- બાળક કોગળા કરી શકતું હોય તો હુંફાળા પાણીમાં મીઠું તેમજ હળદર ભેળવી કોગળા કરાવવા.
- ઊધરસના કારણે ગળું રૂક્ષ થઇ જતું હોય છે. તેથી બાળકને થોડી-થોડી વારે પ્રવાહી અથવા તો પાણી પીવડાવવું.
- રાતના સૂતી વખતે મધ તથા આદુના રસનું મિશ્રણ આપવું.
- બે વરસની નાના વયના બાળકના તકિયા પર નીલગીરી છાંટવું.
- એક ચમચી તુલસીનો રસ, એક ચમચી આદુનો રસ અને એક ચમચી મધ ભેળવીને દિવસમાં ત્રણ વખત આપવું.
- બાળક ખડા સાકરનો ટુકડો ચૂસી શકે તો તે આપવાથી રાહત થાય છે.
- અંજીરમાં કફ શોષી લેવાનો ગુણમસાયેલો છે, તેથી શરદી-ઊધરસમાં અંજીર ખવડાવવાથી ફાયદો થાય છે.
- મોટી એલાયચીનો ભુક્કો થોડા-થોડા દિવસે પાણી સાથે આપવું.
- હળદરયુક્ત હંફાળું દૂધ પીવડાવવું.
- એક ચમચો અજમાને એક કપ પાણીમાં ભેળવી અડધું થઇ જાય ત્યાં સુધી ઉકાળવું. ગાળીને ઠંડુ થાય પછી દિવસમાં વારંવાર બાળકને પીવા આપવું.
- એક લસણની કળી પીસીને મધ સાથે ચટાડવું.
- ગોળ અથવા ખડા સાકર સાથ `આદુની નાનીટુકડી આપીને ચુસાવવું.
- આદુનો એક ટુકડો પાણીમાં અડધો અડધ થાય ત્યાં સુધી ઉકાલવું અને પછી આ પાણીને મધ સાથે ભેળવીને આપવું.
- જેઠીમધ ચુસવાથી ઊધરસમાં રાહત થાય છે.
- ગરમ પાણીનો શેક છાતીએ આપવાથી શરદીમાં રાહત થાય છે.

# સમયનો વેડફાટ કેવી રીતે અટકાવવો ?

## ટાઈમ મેનેજમેન્ટની આ ટિપ્સ દરેક કાર્ય કરી દેશે સરળ

સફળતા મેળવવા માટે લોકો રાત દિવસ આકરી મહેનત કરે છે. લક્ષ્ય પ્રાપ્તિ પ્રત્યે સતત પ્રયત્ન કરતા રહેવાથી સફળતા ટૂંક સમયમાં પ્રાપ્ત થાય છે. સફળતા પ્રાપ્ત કરવાના માર્ગમાં આપણી ઘણી ટેવો અવરોધરૂપ બની જાય છે. જેમાંથી એક છે સમયની બરબાદી. સમયનો યોગ્ય રીતે ઉપયોગ ન કરનાર લોકો ઘણીવખત બરબાદ થઈ જાય છે. ટાઈમ મેનેજમેન્ટ એક કળા છે જેનો યોગ્ય રીતે ઉપયોગ કરીને ઝડપથી સફળતા મેળવી શકાય છે. જીવનમાં આગળ રહેવા માટે સમયનો યોગ્ય ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે. કોઈપણ આયોજન વિના કામ કરવુ સમયની ખૂબ મોટી બરબાદી છે. આયોજન બનાવીને કામ કરવાથી સમયની બરબાદી બચી જાય છે. આ માટે એક અઠવાડિયુ, મહિનો કે આખા વર્ષનું આયોજન બનાવો અને તેના આધારે પોતાના નાના-નાના લક્ષ્ય નક્કી કરો. તેનાથી તમને યાદ રહેશે કે તમારે કોઈ કાર્યને ક્યારે પૂરુ કરવાનું છે. તમારા કાર્યને પ્રાથમિકતાઓને આધારે વહેંચવાની આદત પાડો. પ્રાથમિકતાઓના આધારે કાર્ય કરવાથી તમે પોતાના સૌથી જરૂરી કાર્યને પહેલા કરી લો છો. તેનાથી તમારો સમય



અને મહેનત બંને બચી જાય છે. પોતાની પ્રાથમિકતાઓની નિયમિતરીતે સમીક્ષા કરતા રહો. પ્રાથમિકતાઓના આધારે કામ કરવાથી તમે ફાલતુ કાર્ય કરવાથી બચી જાવ છો. કોઈ પણ કાર્યને કરવા માટે વધુ સમય ના લો. પોતાના કાર્યને પુરુ કરવાની એક મર્યાદા નક્કી કરો અને તેને તે નક્કી સમયમાં જ પુરુ કરવાનો પ્રયત્ન કરો. તેનાથી કાર્ય સમયસર પુરુ થાય છે અને તમે સમયની બરબાદી કરવાથી બચી જાવ છો. સવારે ઉઠીને સૌથી પહેલા પોતાના કાર્યોની એક યાદી બનાવો અને તે અનુસાર જ કામ કરો. લિસ્ટ બનાવીને કામ કરવાથી કામ જલ્દી અને સારી રીતે પૂરુ થઈ જાય છે. તેનાથી તમે એક કાર્યને ઝડપથી પૂરુ કરીને બીજુ કામ શરૂ કરી શકો છો. તેનાથી તમારુ લક્ષ્ય ઝડપથી પ્રાપ્ત થવાની શક્યતા જ વધી જાય છે. સેલ્ફ કેરની ટેવ પાડો. આ માટે પોતાના આરોગ્યનું ધ્યાન રાખો. સમયસર ઉઠો, નિયમિતરીતે એક્સરસાઈઝ કરો, સારુ ભોજન જમો અને પૂરતી ઊંઘ લો. સમયસર કામથી બ્રેક પણ લેતા રહો. તેનાથી તમારી એનર્જી જળવાઈ રહેશે અને પોતાના નક્કી સમય પર નક્કી કામ કરી શકશો.



# ખોટા સમયે ગ્રીન ટી પીવાથી ફાયદાને બદલે થાય છે નુકસાન, જાણો ગ્રીન ટી ક્યારે પીવી અને ક્યારે નહીં

**ગ્રીન ટીને ફાયદાકારક માનવામાં આવે છે. દૂધવાળી ચાને બદલે સ્વાસ્થ્ય નિષ્ણાંતો પણ ગ્રીન ટી પીવાની સલાહ કરતા હોય છે. પરંતુ એ જરૂરી નથી કે ગ્રીન ટી દરેક વ્યક્તિ માટે હેલ્ધી ઓપ્શન સાબિત થાય. ગ્રીન ટી પણ નુકસાન કરી શકે છે. ખાસ કરીને જો તમને ગ્રીન ટી ક્યારે પીવી તે વાતનો ખ્યાલ ન હોય તો તમારું સ્વાસ્થ્ય ખરાબ પણ થઈ શકે છે. તો ચાલો તમને આજે જણાવીએ કે કયા સમયે ગ્રીન ટી પીવાથી શરીરને નુકસાન થાય છે.**

### ગ્રીન ટી થી થતા ફાયદા

કેન્સર એક ગંભીર બીમારી છે તેનું જોખમ ઘટાડવા માટે ગ્રીન ટી પીવી જોઈએ. ગ્રીન ટી પીવાથી બ્રેસ્ટ કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સર થવાનું જોખમ ઘટે છે. તેમાં રહેલા તત્વ કેન્સર સેલ્સને શરીરમાં વધતા અટકાવે છે., જે લોકોને બેડ કોલેસ્ટ્રોલ વધારે હોય તેમણે ગ્રીન ટી પીવી જોઈએ તેનાથી બેડ કોલેસ્ટ્રોલ ઘટવા લાગે છે અને બ્લોકેજ પણ ઓછું થવા લાગે છે.,સ્કીન ડેમેજ થઈ ગઈ હોય અથવા તો સ્કીન સમસ્યા હોય તો ગ્રીન ટી પીવી જોઈએ. ગ્રીન ટી પીવાથી ત્વચાના ઈન્ફેક્શનથી બચાવ થાય છે., ગ્રીન ટી એન્ટિઓક્સિડન્ટથી ભરપૂર હોય છે તે મેટાબોલિઝમ સુધારે છે અને ધીરે ધીરે વજન ઘટાડે છે.

### ગ્રીન ટી ક્યારે ન પીવી ?

ગ્રીન ટી પીવાથી આટલા બધા ફાયદા થાય છે પરંતુ તેનો યોગ્ય સમય પણ જાણવો જરૂરી છે. ગ્રીન ટી પીવાનો સૌથી બેસ્ટ સમય છે ભોજનની એક કલાક પહેલાનો. તેમાં ટેનિંગ હોય છે તેથી જમ્યા પછી તુરંત ગ્રીન ટી પીવાથી પેટની સમસ્યા થઈ શકે છે. આ સિવાય ખાલી પેટ પણ ગ્રીન ટી પીવી નહીં. જો તમે સવારે ગ્રીન ટી પીવો છો તો તેની સાથે હળવો નાસ્તો કરવો જોઈએ.

## તજના ફાયદા

### કોલેસ્ટ્રોલ

શરીરમાં વધેલા કોલેસ્ટ્રોના પ્રમાણને ઓછું કરવા માટે તજનું સેવન ફાયદાકારક માનવામાં આવે છે. તજને ચા સાથે સેવન કરવાથી કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં લાવી શકાય છે.

### અપચો

અપચો, પેટનો સામાન્ય દુખાવો અને છાતીમાં બળતરા થતી હોય તો તજ, સૂંઠ, જીરૂ, અને એલચી સમાન માદ્દામાં લઈ તેનો પાવડર બનાવી ગરમ પાણી સાથે પીવાથી ફાયદો થાય છે. તજ, કાળા મરીનો ભૂક્કો, અને મધ ભેળવી ભોજન પછી લેવાથી પેટમાં ગેસની તકલીફ થતી નથી. ઊલટી જેવું થવું, ગભરામણ થવી, ઊલ્ટી તેમજ દસ્ત રોકવા માટે તજનું પાણી પીવાથી રાહત થાય છે. તજના સેવનથી પેટ, ગેસ, કબજિયાતની સમસ્યાથી રાહત થાય છે. તજને દૂધસાથે સેવન કરવાથી પાચનતંત્ર વ્યવસ્થિત રહે છે.

### શરદી

તજમાં કેલ્શિયમ પ્રચુર માત્રામાં સમાયેલું હોય છે. જે હાડકાને મજબૂત કરવામાં મદદ કરે છે. તજના સેવનથી હાડકાને નબળા પડતાં અટકાવી શકાય છે.

### ગઠિયા વા

હુફાળા પાણીમાં તજ અને મધ ભેળવીને પીવાથી સાંધાના દુખાવામાં આરામ મળે છે. તેના તેલથી ઘૂંટણ પર પણ મસાજ કરી શકાય છે. તજ અને તુલસીના પાન ભેળવી પાણી ઉકાળી ગાળીને દિવસમાં વારંવાર પીવાથી પગના દુખાવામાં રાહત થાય છે.

### ડાયાબિટીસ

ડાયાબિટીસના દરદીઓ તજયુક્ત પાણી પીએ તો ડાયાબિટીસ કન્ટ્રોલમાં રહે છે.

### વીર્યવૃદ્ધિ

વીર્ય વૃદ્ધિ માટે તજનો પાવડર સાંજના હુંફાળા દૂધ સાથે લેવું,

### મેદ

શરીર પરના મેદને ઓછો કરવા અને વજન ઘટાડવા માટે સવારે તજવાળી ચાનું સેવન કરવાથી ફાયદો થાય છે.

### માથાનો દુખાવો

ઠંડીના કારણે માથું દુખતું હોય તો તજને પાણી સાથે વાટી કપાળ પર લગાડવું.

# પપ્પાના જીવનમાં ડોકિયું કરું છું ત્યારે મને એ દિવસો યાદ આવે છે...



**મારા પપ્પાનું વિશ્વ**

- રુપાલી દવે

સાચું કહું બધાને પપ્પા ના મૃત્યુ ના સમાચાર સાંભળીને સંજુ ને આઘાત લાગતા બધાના મુખ માંથી પપ્પા ની લાડલી સંજુ ની જ વાતો ચાલતી હતી..આડોશ પડોશ માં પણ એકજ ચર્ચા જોશી સાહેબ ના મૃત્યુ ના લીધે સંજુ ફરી પાગલ થઈ જશે તો? બિચારી બાકીની દીકરીઓ ની માથે એક ઉપર બીજો દુઃખ નો પહાડ આવ્યો સમજો. પ્રત્યેક ઘરમાં એક તો એવું પાત્ર હોય છે જેના લીધે પરિવાર ને પારાવાર સમસ્યા નો સામનો કરવો પડે. જોષી સાહેબ ને વિભા અપરણિત રહી ગઈ એનું દુઃખ નહતું પરંતુ સંજુ ને નાની ખરોચ પણ આવી ના જોઈએ..નસીબ બીજું શું? લેખિકા એના પ્રિય પપ્પા ના મૃત્યુ ના દુઃખ મા દુઃખી છે. વાચકો વાર્તા ને દુઃખ દર્દ કે થાક ખુશીઓ નથી હોતી એતો અવિરત સમય ના પ્રવાહ માં દોડ્યા કરતી હોય છે.હા!!પણ પપ્પા ના જીવન માં ડોકિયું કરું છું ત્યારે મને એ દિવસો યાદ આવે છે.. ક્યાં?

દેવેન,રાઘવ અને રાધિકા ત્રણેય એક જ દિવસે જન્મેલા એટલે ત્રણેયની ઉમર સરખી હતી.ત્રણેયના શોખ પણ સરખા એટલે દિવસ ભર તોફાન મસ્તી ને હસી મજાક ખેલ કુદ માં ઘર આખું ગુંજ્યા કરતું હતું. બાળકો ના તોફાન મસ્તી મા મમ્મી પપ્પા નું મન પણ ખુશખુશાલ રહેતું હતું. કૃષ્ણાશ્રય બંગલા માં ઘણા વર્ષો બાદ પ્રાણ ફુંકાયો ..કેમ? સંજુની માનસિક બીમારી ની સમસ્યા ધીરે ધીરે સારી થવા લાગી હતી.સંજુ ને પણ પપ્પા અને ત્રણ બાળકો સાથે ક્રિકેટ,લુંડો,સાપસીડી રમવામાં ખૂબ મજા પડતી હતી. પપ્પા સાંજે બગીચા ના બાકડા પર એના મિત્રો સાથે બેસવા જાય ત્યારે એનો વાત નો ટોપિક દેવેન,રાધિકા અને રાઘવ જ રહેતો હતો. રેવતી નો વિડિયો કોલ કેનેડાથી આવતો ત્યારે ઘરમાં રાઘવ,દેવેન અને રાધિકાને જોઈને બોલતી કે કાશ હું પણ મારા ભાણિયા ઓ અને ભાણી સાથે હોત તો કેટલી મજા પડત. બે વર્ષ પછી study પૂરી થતાંજ ફ્લાઈટ પકડીને જલદી જલદી ઘરે આવી જઈશ.

વેકેશન ના ત્રણ મહિના તો રમત રમતમાં પૂરા થઈ ગયા ને સંજુ એકદમ સાજી થઈ ગઈને પહેલાની માફક વજન વધી જતાં ચહેરા પર ખાસ્સી ચમક આવી ગઈ હતી.

રૂપલે સંજુ ની રેગ્યુલર ટ્રીટમેન્ટ મહિનામાં ચાર વખત માનસિક અને શારીરિક થેરાપી જે ડિપ્રેશન ના શિકાર દર્દીઓને અપાતી હોય છે,પોઝિટિવ એનર્જી લેવલ વધે એ માટે પરિવાર ના સભ્યો ખાસ ધ્યાન રાખતા હતા.

સંજુ નો વધારે પડતો લાગણીશીલ સ્વભાવના લીધે ફરી સમસ્યા ના થાય એ માટે રૂપલ એ કેતુ ને એક વર્ષ દવાઓ અને મેડિટેશન આપવાની એને સલાહ આપી.

મમ્મી,પપ્પા અને બહેનો સાથે રહેવાથી એણે ડિપ્રેશન માંથી કાયમી છુટકારો મેળવ્યો હતો. રાઘવ અને રાધિકા ને તો નાનજી સાથે ખૂબ મજા પડી ગઈ હતી.દાદાજી મીલીટરી ના માણસ એટલે શિસ્ત ને વધારે મહત્વ આપે ને ઉપરથી મમ્મી ની બીમારીને કારણે મુક્ત મને હસવાનું અને ઈચ્છા મુજબ રમવાનો મોકો જ બન્ને ને નહતો મળતો.નાનજી ની સાથે ધમાલ મોજમસ્તી કરવામાં મજા પડતી હતી.રાઘવ અને દેવેનની જોડી ભેગા મળી રાધિકા ને ખૂબ પરેશાન કરતા ત્યારે એ દોડીને રૂપલમાસી ને વળગી ને રડવા લાગતી હતી.

રાધિકા ને રૂપલમાસી ખૂબ ગમતા હતા એ એવી રૂપલ ની લાડલી બની ગઈ હતી.યુગ મજાક મજાક સંજુ ને કહેતો હતો કે દીદી,રાધિકા ને આપી અમને સોંપીને જાવી પડશે,રૂપલ ને રાધિકા વગર ગમશે જ નહિ..ત્યારે સંજુ જવાબ આપે એ પહેલા રાધિકા રૂપલ ભેટી ને બોલતી હતી હા!!માસી ની સાથે અમદાવાદ જ રહીશ,દિલ્હી પરત જઈશ જ નહી..

વેકેશન ના ત્રણ મહિના પુરા થતા જ સંજુ ને સાસરે જવાનો સમય નજીક આવ્યો ને એ ભેગા પપ્પા ખૂબ ઉદાસ થઈ ગયા,પણ શું થાય દીકરી ને સાસરે મોકલવી તો પડશે જ. પપ્પા એ મનોમન નક્કી કર્યું શું? એવો પ્લાન ઘડ્યો હતો ને કે એના વિશે માત્ર ને પપ્પા અને વિભા જ જાણતા હતા. પપ્પા એ ગુપચુપ વિભા ની હોસ્પિટલ એ જઈને સંજુ ના સસરા ને ફોન કરીને જણાવ્યું કે અમે અમારી દીકરી અને બાળકો એક શરતે પાછા આપશું..કેતુના પપ્પા એ પૂછ્યું વેવાઈ કેવી શરત? બોલશો તો ખબર પડશે માનવા યોગ્ય હશે તો અચૂક માનશું. પપ્પા એ હસતા હસતા કહ્યું કે સંજુ અને બાળકો ને તેડવા જાન લઈને આવવું પડશે.

ઊંડો નિસાસો નાખતા પપ્પા એ કહ્યું કે વેવાઈ એ દિવસો તો ભૂતકાળ બની ને ઉડી ગયા..હા!! માંનું છું કે મારી દીકરી પ્રત્યેના અપાર પ્રેમ ના લીધે એણે કોર્ટ મેરેજ કર્યા એટલે હદય માં ઊંડું દર્દ થતાં સંજુ અને કેતુ ને સ્વીકાર્યા નહતા..એને ભૂલ કદાપિ માનતો નથી એ મારું દર્દ હતું જે દુનિયા ના પ્રત્યેક બાપ ને થાય છે. કેતુ ના પપ્પા બોલ્યા કે સમધિજી, ભૂલી જાવ તમે એ વહી ગયેલી વાત ને નવેસર થી સંજુ અને કેતુ ને ધામધૂમ થી હું પણ પરણાવવા માંગુ છું પણ એક મારી પણ શરત છે.પપ્પા પૂછ્યું શું શરત છે? કેતુ ના પપ્પા એ કહ્યું કે જાન લઈને આવીએ ત્યારે મારી સાથે ભાંગડા કરવા પડશે.પપ્પા એ ખડખડાટ હસતા હસતા કહ્યું હું તમારા સાથે ભાંગડા કરીશ ને તમારે મારી સાથે ગરબા..બધા સગા સબંધીઓ સાથે કાલે જ અમદાવાદ આવો.મારે મારી દીકરી ના લગ્ન ફંકશન ના બધા અરમાન પૂરા કરવા છે.મહેંદી થી લઈને વિદાઈ સુધીના..કેતુ ના પપ્પા એ કીધું મંજૂર રિસેપ્શન અમારા તરફ થી તો ડન સમજુ..પપ્પા ખુશખુશાલ થતાં કીધું કે વેવાઈ બધું ડન ડના ડન સમજો ને કાલ અમદાવાદ આવવા રવાના થઈ જાવ અમે તમારી રાહ જોઈશું પણ આ વાતની ભૂલથી સંજુ ના ખબર પડવી જોઈએ એને સરપ્રાઈઝ આપીશું..

કેતુ ના પપ્પા સાથે ફોન માં વાત પૂરી થતા પપ્પાની આંખ માંથી આંસુઓ નદીના રેલા ની જેમ વહેવા લાગ્યા હતા. એ વિભાનો હાથ પકડી ને રડતા રડતા બોલી રહ્યા હતાં કે વિભા,હું મારી સંજુને ધામધૂમ થી સાસરે મોકલીશ તો ખરો પણ એ પછી સંજુ તો સાસરે જતી રહેશે..એ પછી ક્યારેક જ એને પપ્પા ની યાદ આવશે તો ફોન કરશે અથવા તો પ્રસંગોપાત જ અમદાવાદ આવશે. મારી સંજુ ની વિદાઈ કેમ કરીને કરી શકીશ? વિભા એ કહ્યું કે યાર!! પપ્પા,નાના બાળક ની જેમ રડવાનું બસ હો પ્લીઝ રડવાના નાટક બંધ કરો.લ્યો પેપર નેપકીન મોઢું સાફ કરી નાખો. મારા હેન્ડસમ પપ્પા એ કેવું ભંગાર મોઢું કરી નાખ્યું છે? તમારા ચહેરા પર આંસુ નથી સારા લગતા,પપ્પા હસતા રહો કાયમ સારા લાગો છો.વેવાઈ ને ૫૦ લોકો ને લઈ આવવાનું આમંત્રણ તો આપી દીધું પણ રાખવાનો બંદોબસ્ત કરવો પડશે ને..

તમારે ભવ્ય લગ્ન પ્રસંગ કરવાનો છે તો એ તમારા કૃષ્ણાશ્રય બંગલા માં થશે નહી એટલે હોલ પણ બુક કરાવવો પડશ કેટરિંગ શોપિંગ થી લઈને બધું જ કરવાનું છે.ત્યાં પપ્પા વિભા ને અટકાવતા પૂછ્યું કે હોટલ બુક કરાવી ને ત્યાંજ લગ્ન પ્રસંગ,મહેમાન નું રહેવાનું બધું એરેંજ કરીએ તો. વિભા એ પપ્પા ના ગાલ પ્રેમથી ખેંચતા કીધું યેસ!!હવે લાગો છો મારા પપ્પા..પપ્પા,ભલે બધા સાસરે જતા રહે પણ હું મારા પપ્પા મમ્મી ને છોડી ને ક્યાંય જઈશ નહી. હું મારા પપ્પા નો દીકરો છું દીકરો સાસરે જતા જોયો છે તમારી વિભા કદાચ લગ્ન કરશે તો પણ જમાઈ પરણાવી ને ગૃહ પ્રવેશ કરાવીશ એ નક્કી. વિભા ની વાત સાંભળી ને પપ્પા મનોમન બોલ્યા કે દીકરીઓના બાપ ના નસીબ મા દીકરીઓ ની વિદાઈ લખી હોય છે એણે એની નિર્દોષ ડોક્ટર વિભા તરફ નજર કરીને સહેજ સ્મિત ફરકાવ્યું.


# હોટ સાડી, બોડીકોન ગાઉન અને મિની ડ્રેસમાં..અનંત-રાધિકાના ફંક્શનમાં જ્હાન્વી કપૂરે લગાવી આગ






મુંબઇ | જ્હાનવી કપૂરે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ સેલિબ્રેશનની ઘણી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર ફેન્સ સાથે શેર કરી છે જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. આ તસવીરોમાં જ્હાન્વી કપૂરનો દરેક લુક ગ્લેમરસ છે. જાન્હવી કપૂરે અનંત-રાધિકાના ફંક્શનમાં ગોલ્ડન ડ્રેસમાં લાઈમલાઈટ ચોરી કરી હતી જેમાં સિલ્વર એમ્બ્રોઈડરી વર્ક સાથે પોતાનું ફિગર ફ્લોન્ચ કર્યું હતું. તો જ્હાન્વી કપૂર ગોલ્ડન ડ્રેસમાં પણ સોનાની જેમ ચમકતી જોવા મળી રહી છે અને તેની સ્ટાઇલ પણ અદભૂત છે. આ બીજા લુકમાં જ્હાન્વી કપૂર પર્પલ અને બ્લુ શેડની શિમરી સિક્વિન સાડીમાં ખૂબ જ સિઝલિંગ સ્ટાઈલમાં જોવા મળી હતી. જ્હાન્વી કપૂરે આ સાડી સાથે નેકલાઇન બ્લાઉઝ પહેર્યું હતું. તો અન્ય આઉટફિટમાં જ્હાન્વી કપૂર સિલ્વર કટઆઉટ સિંગલ શોલ્ડર મિની ડ્રેસમાં ફેન્સનાં ધબકારા વધારતી જોવા મળી છે. આ તસવીરો શેર કરતી વખતે જ્હાન્વી કપૂરે તેમને કેપ્શન આપ્યું હતું કે, 'લુક્સ લુક્સ લુક્સ'. આ તસવીરમાં જ્હાન્વી કપૂર બ્રાઉન બોડીકોન ગાઉનમાં કિલર અંદાજમાં જોવા મળી હતી.

# દીપિકા પાદુકોણે અનંત-રાધિકાના પ્રી-વેડિંગના છેલ્લા દિવસે પહેરી લાલ બાંધણી..



મુંબઇ | અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ પ્રોગ્રામમાં દેશ અને દુનિયાની ઘણી મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો. ત્રીજા દિવસની થીમ એથનિક હતી અને ટૂંક સમયમાં માતા બનવા જઈ રહેલી અભિનેત્રી દીપિકા પાદુકોણે ત્રીજા દિવસે સુંદર સાડી સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો હતો. પહેલા અને બીજા દિવસે દીપિકાના સ્ટાઈલિશ લુક બાદ અભિનેત્રીએ ત્રીજા દિવસે પણ પોતાની સ્ટાઈલથી બધાના દિલ જીતી લીધા હતા. દીપિકા પાદુકોણે ત્રીજા દિવસની પોતાની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. ફંક્શનના ત્રીજા દિવસે અભિનેત્રી લાલ બાંધણીની સાડીમાં પોઝ આપતી જોવા મળી હતી. આ બાંધણી સાડીના સુંદર પલ્લાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. પલ્લુનો છેડો સોનાની પટ્ટી અને ઝરીથી સુશોભિત છે. દીપિકાએ હાફ સ્લીવ બ્લાઉઝ સાથે પોતાનો ટ્રેડિશનલ લુક પૂરો કર્યો છે. અભિનેત્રીએ સોના અને કુંદન ચોકર અને સ્ટડ ઈયરિંગ્સ સાથે લૂક પૂર્ણ કર્યો છે. હેર સ્ટાઈલની વાત કરીએ તો, દીપિકાએ સાડી સાથે હળવો અવ્યવસ્થિત બન બનાવ્યો અને તેને ગજરા સાથે પૂર્ણ કર્યો છે.

# શાહરૂખે રામ ચરણને 'ઈડલી' કહ્યા, કિંગ ખાન વિરૂદ્ધ ભડક્યા ફેન્સ



મુંબઇ :છેલ્લા કેટલાક દિવસોથી અનંત અંબાણી અને રાધિકા મર્ચેન્ટનું પ્રી-વેડિંગ સેલિબ્રેશન લોકોમાં ચર્ચાનો વિષય બની ગયું છે. આ સમારોહ 3 માર્ચ 2024 ના રોજ સમાપ્ત થયો હતો. ગુજરાતના જામનગરમાં ત્રણ દિવસ સુધી ચાલેલા આ ભવ્ય કાર્યક્રમમાં દેશ-વિદેશની જાણીતી હસ્તીઓએ ભાગ લીધો હતો.અનંત-રાધિકાની પ્રી-વેડિંગ પાર્ટીના પહેલા દિવસે સલમાન ખાન, શાહરૂખ ખાન અને આમિર ખાને સ્ટેજને આગ લગાવી દીધી હતી કારણ કે તેઓએ સાઉથની બ્લોકબસ્ટર ફિલ્મ 'RRR'ના સુપરહિટ ગીત 'નાટું નાટું' પર ડાન્સ કર્યો હતો. રામ ચરણ પણ ત્યાં હાજર હતા જેથી શાહરૂખે તેને ડાન્સ કરવા માટે સ્ટેજ પર બોલાવ્યો હતો.કિંગ ખાને રામ ચરણને 'ઈડલી' કહ્યા અને આ વાતથી સાઉથ ભારતના લોકોને દુ:ખ થયું છે. આટલું જ નહીં રામ ચરણના ફેન્સ પણ આ મામલે શાહરૂખ ખાન પ્રત્યે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. રામ ચરણના મેકઅપ આર્ટિસ્ટ ઝેબા હસને તેની ઈન્સ્ટા સ્ટોરી પર શાહરૂખ ખાન પ્રત્યે નિરાશા વ્યક્ત કરી છે. તેણે લખ્યું છે કે, બેન્ડ ઈડલી વડા રામ ચરણ, તમે ક્યાં છો? રામ ચરણ જેવા સ્ટાર પ્રત્યે આટલો અનાદર.આ ઘટના બાદ રામ ચરણના ફેન્સ શાહરૂખ ખાનની જોરદાર ટીકા કરી રહ્યા છે. શાહરૂખ ખાનનો આ વીડિયો જોયા બાદ લોકો તેના પર જોરદાર કમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું છે હતું કે, એક સાઉથ ઈન્ડિયન ડાયરેક્ટરે પોતાના કરિયરની સૌથી મોટી હિટ ફિલ્મ આપી છે અને શાહરૂખ ખાન રામ ચરણને ઈડલી કહીને સાઉથ ભારતીયો સાથે જાતિવાદી વર્તન કરી રહ્યો છે.

# આર્ટિકલ 370ના નિર્માતાની આગામી ફિલ્મમાં રણવીર સિંહ

મુંબઇ | નિર્માતા આદિત્ય ધરની 'આર્ટિકલ ૩૭૦' સમીક્ષકોની પ્રશંસાની સાથે સાથે બોક્સ ઓફિસ પર પણ સારો દેખાવ કરી રહી છે. હવે આદિત્ય ધરની આગામી ફિલ્મમાં રણવીર સિંહ મુખ્ય ભૂમિકા ભજવશે. આદિત્ય ધર પહેલીવાર બહુ મોટાપાયે મેગા એક્શન ફિલ્મ બનાવી રહ્યા છે. રણવીરને ફિલ્મની સ્ક્રિપ્ટ પસંદ આવી છે અને તેણે ફિલ્મ સાઈન પણ કરી લીધી હોવાનું કહેવાય છે. ફિલ્મના અન્ય સહકલાકારોની જાહેરાતની રાહ જોવાઈ રહી છે. ફિલ્મનું શૂટિંગ આગામી એપ્રિલથી શરુ થઈ શકે છે. આદિત્ય ધરની શૈલી પ્રમાણે આ ફિલ્મ પણ કોઈ સ્પેશ્યલ ઓપરેશન પર હોઈ શકે છે. આદિત્ય ધર આ પહેલાં 'ઉરી ધી સર્જિકલ સ્ટ્રાઈક' ફિલ્મ બનાવી ચૂક્યા છે.

# અમિતાભ બચ્ચને માલદીવ મુદ્દે કર્યા જયશંકરના વખાણ, બિગ બી રાજકારણમાં જોડાય તેવી અટકળો

**વિદેશ મંત્રીએ તેમના પુસ્તક 'વ્હાય ભારત મેટર્સ'ના પ્રમોશનમાં માલદીવને જડબાતોડ જવાબ આપ્યો**



નવી દિલ્હી | બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેનારા સેલિબ્રિટી છે. ક્યારેક બ્લોગ પર તો ક્યારેક X પર પોતાની વાત મૂકે છે. હવે બિગ બીએ માલદીવ વિવાદ પર વિદેશ મંત્રી એસ જયશંકરના વખાણ કર્યા છે. ત્યાર બાદ હવે બિગ બી રાજકારણમાં જોડાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. માલદીવ અને ભારત વચ્ચે પર્યટનને લઈને છેલ્લા કેટલાક સમયથી સતત અણબનાવ ચાલી રહ્યો છે. PM નરેન્દ્ર મોદીની લક્ષદ્વીપ મુલાકાત દરમિયાન શેર કરેલી કેટલીક તસવીરો પર આપેલા વિવાદાસ્પદ નિવેદન બાદ બંને દેશો વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. જયશંકરે તાજેતરમાં જ પોતાના પુસ્તક 'વ્હાય ભારત મેટર્સ'ના પ્રમોશન દરમિયાન માલદીવને જડબાતોડ જવાબ આપ્યો હતો. વિદેશ મંત્રીના નિવેદનથી અમિતાભ બચ્ચન ખૂબ જ પ્રભાવિત થયા છે. એસ જયશંકરની વાતોથી પ્રભાવિત થઈને બિગ બીએ X પર એક વીડિયો પોસ્ટ કરીને તેમની પ્રશંસા કરી છે.અમિતાભ બચ્ચને એસ જયશંકરનો વીડિયો શેર કરતા લખ્યું કે, 'વાહ! એકદમ યોગ્ય કહ્યું સર તમે......' બિગ બીની આ કોમેન્ટ પર અનેક ચાહકોએ તેમના વખાણ કર્યા છે. બીજી તરફ કેટલાક લોકોએ તેમને પૂછ્યુ કે, શું તમે હવે રાજકારણમાં જવાનું મન બનાવી રહ્યા છો? જયશંકરના નિવેદન વિશે વાત કરતા તેમણે કહ્યું કે, 'જો તમે ભારતને એક મોટો બદમાશ દેશ માનો છો તો એ ન ભૂલશો કે બદમાશa ખરાબ સમયમાં પાડોશીઓને 4.5 અબજ ડોલરની મદદ નથી કરતા. બદમાશો કોરોના મહામારી સમયે બીજા દેશોને વેક્સિન ન મોકલાવે. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં અનાજથી લઈને ખાતર અને દવાઓ પણ ન મોકલાવે. આજે ભારતના વખાણ સમગ્ર દુનિયા કરે છે. સંકટના સમયે ભારતે દરેક દેશની મદદ કરી છે.'

# ઐશ્વર્યા અને શ્વેતા નંદા વચ્ચે સુલેહ થઈ ગઈ હોવાના સંકેત



મુંબઇ | અમિતાભ બચ્ચનના પરિવારમાં ઐશ્વર્યા રાય બચ્ચન તથા અન્ય પરિવારજનો વચ્ચે તણાયેલી તલવારો હવે મ્યાન થઈ ગઈ હોવાના સંકેત મળ્યા છે. ઐશ્વર્યા બહુ લાંબા સમય બાદ જયા બચ્ચન, શ્વેતા નંદા તથા નવ્યા નવેલીની સાથે એક તસવીરમાં જોવા મળી હતી. તે શ્વેતા તથા અગત્સ્યને બહુ ઉમળકાભેર મળતી અને વાતચીત કરતી જણાઈ હતી.અનંત અંબાણીનાં પ્રિ વેડિંગ ફંકશનમાંથી બચ્ચન પરિવાર મુંબઈ સાથે સાથે જ પરત ફર્યો હતો. મુંબઈ એરપોર્ટ પર શ્વેતા અને ઐશ્વર્યા વચ્ચે માધુર્ય જોવા મળ્યું હતું. તેમણે કોઈ વાત કરી હતી. ઐશ્વર્યા છેલ્લે શ્વેતાના પુત્ર અગત્સ્યને ભેટીને રવાના થઈ હતી. આ અગાઉ એવી ચર્ચાઓ ફેલાઈ હતી કે ઐશ્વર્યાએ બચ્ચન પરિવારનું ઘર છોડી માતા સાથે રહેવાનું શરુ કર્યું છે. તેના અને શ્વેતા વચ્ચે અબોલા ચાલતા હોવાનું કહેવાતું હતું. પેરિસ ફેશન વીકમાં ઐશ્વર્યા તથા શ્વેતાએ એકબીજાને રુબરુમાં તથા સોશિયલ મીડિયા પર પણ ઈગ્નોર કર્યા હતાં. અમિતાભના જન્મદિવસે તથા ઐશ્વર્યાના જન્મદિવસે પણ તેમના વચ્ચે કલહ ચાલી રહ્યો હોવાનું સોશિયલ મીડિયા પોસ્ટમાં એકબીજાની ગેરહાજરી પરથી સ્પષ્ટ થયું હતું.

# સૌરવ ગાંગુલીની બાયોપિકમાં રજનીકાંત કેમિયો કરશે




મુંબઇ : સૌરવ ગાંગુલીના બાયોપિકમાં રજનીકાંત કેમિયો કરશે એવી ચર્ચા થઈ રહી છે. આ ફિલ્મનું દિગ્દર્શન રજનીકાંતની દીકરી સૌંદર્યા કરવાની છે. રજનીકાંત ચોક્કસ કયું પાત્ર ભજવશે તેની સ્પષ્ટતા હજુ થઈ નથી. આ ફિલ્મમાં આયુષ્મમાન ખુરાના સૌરવ ગાંગુલીની ભૂમિકા ભજવી રહ્યો છે. તેણે આ ફિલ્મ માટે ક્રિકેટની ટ્રેનિંગ લેવાની પણ શરુ કરી દીધી છે. રજનીકાંતે આ પહલાં સૌંદર્યાએ બનાવેલી ફિલ્મ 'લાલ સલામ'માં કામ કર્યું હતું. આ ફિલ્મ પણ રાજકારણ અને સ્પોર્ટસ પર આધારિત હતી. ગાંગુલીની બાયોપિકના અન્ય કલાકારોની જાહેરાત વિશે હજુ રાહ જોવાઈ રહી છે. ગાંગુલની પત્ની ડોનાનો રોલ કઈ હિરોઈન કરશે તે વિશે ઉત્કંઠા સેવાઈ રહી છે.

# કાશ્મીર ફાઇલ્સના ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રીએ અંબાણી પરિવારને નિશાન બનાવ્યો હતો?

મુંબઇ | વિવેક અગ્નિહોત્રી મોંઘા ભારતીય લગ્નો પર ઘણા વપરાશકર્તાઓ વિવેક અગ્નિહોત્રીની પોસ્ટ પર ટિપ્પણી કરીને તેની સાથે સહમત થઈ રહ્યા છે, જ્યારે ઘણા વપરાશકર્તાઓ તેને વિરુદ્ધ પ્રશ્નો પૂછતા જોવા મળે છે, તે પણ કટાક્ષમાં. સૌ જાણે છે કે તાજેતરમાં જ ભારતના જામનગરમાં વિશ્વની સૌથી મોંઘી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના પ્રી-વેડિંગની હતી, જેમાં રિહાન્નાથી લઈને એકોન અને રજનીકાંતથી લઈને અમિતાભ સુધી દુનિયાભરના કલાકારો, કલાકારો અને બિઝનેસ ટાયકૂન્સ આવ્યા હતા. આ પ્રસંગે બિલ ગેટ્સ અને માર્ક ઝકરબર્ગ પણ ગેસ્ટ તરીકે પાર્ટી એન્જોય કરતા જોવા મળ્યા હતા.એવા અહેવાલો છે કે ઘણા કલાકારોને નાના પ્રદર્શન માટે કરોડો રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા.1 થી 3 માર્ચ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં, 'ધ કાશ્મીર ફાઈલ્સ'ના ડિરેક્ટરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ કરી છે. પોસ્ટમાં તેણે મોંઘા લગ્નો પર નિશાન સાધ્યું છે અને કહ્યું છે કે ભારતમાં લગ્ન કરવા હવે એક સ્પર્ધાત્મક રમત જેવું બની ગયું છે. તેમના આ ટ્વિટને લઈને યૂઝર્સ અનુમાન લગાવી રહ્યા છે કે તેમણે આ ટ્વિટ અંબાણી પરિવારના સેલિબ્રેશન પર કર્યું છે. જો કે તેણે આ પોસ્ટમાં કોઈનું નામ લીધું નથી.વિવેક રંજન અગ્નિહોત્રીએ લખ્યું, "ભારતમાં લગ્ન એક સ્પર્ધાત્મક રમત જેવું બની ગયું છે..." મારો શો-ઓફ તમારા કરતા મોટો હશે... તેને હરાવો." તેણે એમ પણ લખ્યું, "નકારાત્મક બાજુ એ છે કે દરેક વખતે કોઈને કોઈ જે તમારા કરતા મોટા હોવાનો ડોળ કરે છે.

# 'હું કરીનાને જીમ જતા પહેલા...',સૈફ અલી ખાને દિકરી સામે ખોલ્યા બેડરૂમના રહસ્ય



મુંબઇ | બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન ઘણીવાર પોતાના પિતા સૈફ અલી ખાન સાથે સમય પસાર કરતી જોવા મળે છે. સારા અલી ખાન અને તેના પિતાનું ખૂબ જ મજબૂત બોન્ડ છે. પિતા સૈફ અલી ખાન દીકરીને મિત્ર સમાન માને છે. આટલું જ નહીં, સારા અલી ખાન તેના પિતાની બીજી પત્ની કરીના કપૂર ખાનને સાથે પણ પ્રેમથી રહે છે.એકવાર સારા અલી ખાન તેના પિતા સૈફ અલી ખાન સાથે બોલિવૂડના ફેમસ ફિલ્મ મેકર કરણ જોહરના પોપ્યુલર ચેટ શો કોફી વિથ કરણમાં પહોંચી હતી. આ ચેટ શોમાં પિતા-પુત્રીની જોડીએ ઘણા અંગત રહસ્યો જાહેર કર્યા હતા.આ ચેટ શોમાં સૈફ અલી ખાને પોતાના બીજા લગ્ન અને પત્ની કરીના કપૂર વિશે ઘણી વાતો કહી હતી. તેણે શોમાં જ તેના બેડરૂમના રહસ્યો પણ શેર કર્યા હતા. હકીકતમાં કરણ જોહરે તેની પુત્રી સારા અલી ખાનની સામે તેના પિતા સૈફ અલી ખાનને તેના લેડી લવ અને લગ્ન જીવન વિશે પૂછ્યું હતું.કરણ જોહરે સૈફ અલી ખાનને પૂછ્યું હતું કે કરીના કપૂરનો જીમ લૂક ઘણો વાયરલ છે. આ અંગે તેમની પ્રતિક્રિયા શું છે? તેના પર સૈફ અલી ખાને કહ્યું હતું કે, કરીના જિમ જાય તે પહેલા હું તેનો લુક ચેક કરું છું અને બેડરૂમમાં જ તેની ઘણી તસવીરો ક્લિક કરૂ છું.આ બધું સાંભળીને સારા અલી ખાન શરમાવા લાગે છે અને પોતાના બંને કાન બંધ કરી લે છે. આટલું જ નહીં, તેના પિતાની આ બધી વાતો સાંભળીને તે અલગ-અલગ પ્રકારના ચહેરાઓ બનાવવા લાગે છે. આ પછી સૈફ અલી ખાન કહે છે કે જ્યારે પણ કરીના ઘરની બહાર જાય છે ત્યારે તે તેને ધ્યાનથી તપાસે છે.

# વૈજયંતિમાલાને મળીને ખુશ થયા PM મોદી,90 વર્ષની અભિનેત્રીનું હાથ જોડીને કર્યું સ્વાગત



મુંબઇ | વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ચેન્નાઈમાં પદ્મ વિભૂષણ એવોર્ડ વિજેતા અને પ્રખ્યાત અભિનેત્રી વૈજયંતિમાલા સાથે મુલાકાત કરી હતી. PM નરેન્દ્ર મોદીએ તેમની સાથેની મુલાકાતની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી અને અભિનેત્રીના વખાણ પણ કર્યા હતા. સાઉથથી લઈને બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના અભિનયથી છાપ છોડનાર વૈજયંતિમાલાની સિદ્ધિઓની પણ ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. ભારતીય સિનેમાની શ્રેષ્ઠ અભિનેત્રીઓ અને નૃત્યાંગનાઓમાંની એક ગણાતી વૈજયંતિમાલા આજે પણ તેમની ફિલ્મોમાં ભજવેલા પાત્રો માટે જાણીતી છે.

PM નરેન્દ્ર મોદીએ વૈજયંતિમાલાના વખાણ કરતી એક પોસ્ટ શેર કરી છે જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. વડાપ્રધાન દ્વારા શેર કરવામાં આવેલી બે તસવીરોમાં જોઈ શકાય છે કે તેઓ અભિનેત્રી વૈજયંતિમાલાને નમસ્તે કહેતા જોવા મળે છે જ્યારે બીજી તસવીરમાં તેઓ તેમની સાથે વાત કરતા જોવા મળે છે. આ પોસ્ટને સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. હાલમાં જ પ્રખ્યાત અભિનેત્રી અને નૃત્યાંગના વૈજયંતિમાલાએ અયોધ્યામાં ભરતનાટ્યમ રજૂ કર્યું હતું. તમને જણાવી દઈએ કે વૈજયંતિમાલાને પાંચ ફિલ્મફેર એવોર્ડ અને બે BFJA એવોર્ડ મળ્યા છે.PM નરેન્દ્ર મોદીએ પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, 'ચેન્નાઈમાં વૈજયંતિમાલાજીને મળીને આનંદ થયો હતો. તેમને હાલમાં પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા છે અને ભારતીય સિનેમાની દુનિયામાં તેમના યોગદાન માટે સમગ્ર ભારતમાં તેમની પ્રશંસા કરવામાં આવી છે.' 75માં ગણતંત્ર દિવસ પહેલા વૈજયંતી માલાને તેમના ડાન્સ માટે પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વૈજયંતિમાલાએ માત્ર 16 વર્ષની ઉંમરે ફિલ્મ 'વાજકઈ'થી તમિલમાં અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી પરંતુ બાદમાં તેઓ માત્ર સાઉથમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં પ્રખ્યાત થયા હતા.

તેમણી તેમની કેટલીક ફિલ્મો 'ગંગા જમુના', 'સંગમ' અને 'અમરપાલી' માટે જાણીતી છે જેમાં તેમના અભિનયની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. હિન્દી સિનેમામાં તેમની પ્રથમ ફિલ્મ 'બહાર' હતી જે 1951માં રિલીઝ થઈ હતી. તે જ સમયે, 1955માં રિલીઝ થયેલી 'દેવદાસ'એ ઘણી હેડલાઈન્સ બનાવી હતી.

# T20 વર્લ્ડ કપમાં IND-PAK મેચની ટિકિટની કિંમત 1.86 કરોડ સુધી

ન્યૂયોર્ક | તા.05

આ વર્ષે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝમાં T20 વર્લ્ડ કપ યોજાવાનો છે. ટૂર્નામેન્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે 9 જૂને ન્યૂયોર્કમાં લીગ મેચ રમાવાની છે. આ મેચ પહેલેથી જ સોલ્ડ આઉટ થઈ ગઈ છે, એટલે કે તેની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે. હવે કેટલીક રિસેલ વેબસાઈટ પર મેચની ટિકિટ 1.86 કરોડ રૂપિયા સુધી વેચાઈ રહી છે. અમેરિકન ન્યૂઝ વેબસાઈટ યુએસએ ટુડે અનુસાર, ભારત-પાક મેચની રિસેલ ટિકિટ StubHub અને SeatGeek જેવી વેબસાઈટ પર લાઈવ થઈ ગઈ છે. StubHub પર હાલમાં સૌથી સસ્તી ટિકિટની કિંમત US $1,259 એટલે કે રૂ. 1.04 લાખ છે. SeatGeek પર સૌથી મોંઘી ટિકિટની કિંમત 1 લાખ 75 હજાર ડોલર છે. $50,000ની ફી ઉમેરીને ટિકિટની કુલ કિંમત $2 લાખ 25 હજાર છે. ભારતીય ચલણમાં આ રકમ 1.86 કરોડ રૂપિયા છે. રિસેલ ટિકિટો એવી ટિકિટો છે, જે કોઈએ સત્તાવાર માધ્યમથી ખરીદી છે અને પછી એને અન્ય પ્લેટફોર્મ પર વેચી છે. અમેરિકામાં આ રીતે ટિકિટ વેચવી કાયદેસર છે.

## ભારત અને પાકિસ્તાનની તમામ લીગ મેચ અમેરિકામાં યોજાશે

T-20 વર્લ્ડ કપમાં દરેક ટીમને 4 ગ્રુપમાં વહેંચવામાં આવી હતી. દરેક ગ્રુપમાં 5 ટીમ છે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. આયર્લેન્ડ, કેનેડા અને અમેરિકા પણ આ ગ્રુપમાં છે. ભારત અને પાકિસ્તાન તેમની તમામ મેચ અમેરિકામાં જ રમશે. ભારતની બે મેચની ટિકિટ વેચાઈ ગઈ છે. ભારત-પાકિસ્તાન મેચ ઉપરાંત ભારત-કેનેડા મેચ પણ આમાં સામેલ છે.

## ભારત v/s કેનેડા મેચની ટિકિટો બમણી કિંમતે વેચાઈ રહી છે

ભારત v/s પાકિસ્તાન જેવી મેચની સાથે 15 જૂને ફ્લોરિડામાં યોજાનારી કેનેડા અને ભારત વચ્ચેની મેચની ટિકિટ પણ વેચાઈ ગઈ છે. ફ્લોરિડામાં મૂળ કિંમતોથી બમણા ભાવમાં વેચવામાં આવી રહી છે. StubHub પર હાલમાં સૌથી સસ્તી ટિકિટની કિંમત US $1,259 એટલે કે રૂ. 1.04 લાખ છે. SeatGeek પર સૌથી મોંઘી ટિકિટની કિંમત 1 લાખ 75 હજાર ડોલર છે. જે કોઈએ સત્તાવાર માધ્યમથી ખરીદી છે અને પછી એને અન્ય પ્લેટફોર્મ પર વેચી છે.



**કેનેડા અને અમેરિકા વચ્ચે ઓપનિંગ મેચ :** ટુર્નામેન્ટની શરૂઆતની મેચ કેનેડા અને હોમ ટીમ અમેરિકા વચ્ચે રમાશે. આ મેચ 1લી જૂને ડલાસમાં રમાશે. ક્રિકેટ ઈતિહાસની પ્રથમ મેચ પણ 1844માં અમેરિકા અને કેનેડા વચ્ચે રમાઈ હતી. વેસ્ટ ઈન્ડીઝ તેની પ્રથમ મેચ 2 જૂને ગુયાનામાં પાપુઆ ન્યૂ ગિની સામે રમશે. ટુર્નામેન્ટમાં 20 ટીમ વચ્ચે 29 દિવસ સુધી કુલ 55 મેચો રમાશે. T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં આવું પહેલીવાર બનશે.1થી 17 જૂન દરમિયાન ગ્રુપ સ્ટેજની 40 મેચ રમાશે. સુપર-8 તબક્કાની 12 મેચ 19થી 24 જૂન દરમિયાન રમાશે. પ્રથમ સેમિફાઈનલ 26 જૂને ગયાનામાં રમાશે અને બીજી સેમિફાઈનલ 27 જૂને ત્રિનિદાદમાં રમાશે. ફાઈનલ મેચ 29 જૂને બાર્બાડોસમાં રમાશે.

## વેસ્ટ ઈન્ડીઝમાં 41, અમેરિકામાં 14 મેચ રમાશે

T-20 વર્લ્ડ કપની યજમાની વેસ્ટ ઈન્ડીઝ અને અમેરિકા સંયુક્ત રીતે કરી રહ્યા છે. વેસ્ટ ઈન્ડીઝના 6 શહેરોમાં કુલ 41 મેચ યોજાશે, જ્યાં ત્રણેય નોકઆઉટ મેચ પણ યોજાશે. જ્યારે બાકીની 14 મેચ અમેરિકાના ન્યુયોર્ક, ફ્લોરિડા અને ડલ્લાસ શહેરમાં યોજાશે. વેસ્ટ ઈન્ડીઝનાં 6 શહેર ત્રિનિદાદ, ગુયાના, બાર્બાડોસ, એન્ટિગુઆ, સેન્ટ વિન્સેન્ટ અને સેન્ટ લુસિયા છે.ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે, બંને વચ્ચે ગ્રુપ સ્ટેજની મેચ 9 જૂને ન્યૂયોર્કમાં રમાશે.

## ICC ટૂર્નામેન્ટ પ્રથમ વખત અમેરિકામાં યોજાશે

અમેરિકાને પ્રથમ વખત ICC ટૂર્નામેન્ટના હોસ્ટિંગ રાઈટ્સ મળ્યા છે. 2028 ઓલિમ્પિક ગેમ્સ પણ અમેરિકામાં યોજાશે, જેમાં ક્રિકેટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઈવેન્ટને ધ્યાનમાં રાખીને આઈસીસીએ અમેરિકામાં T-20 વર્લ્ડ કપના આયોજનને પ્રાથમિકતા આપી. અમેરિકાની સાથે T-20 વર્લ્ડ કપ પણ વેસ્ટ ઈન્ડીઝમાં યોજાશે, 2010ની ટૂર્નામેન્ટ પણ અહીં રમાઈ હતી. છેલ્લો વર્લ્ડ કપ 2022માં ઓસ્ટ્રેલિયામાં યોજાયો હતો.

# ફિલ્ડરે છગ્ગાને રનઆઉટમાં ફેરવ્યો:નેપાળના કુશલે બાઉન્ડ્રી આગળ કૂદીને બોલને રોક્યો

વેલિંગ્ટન | તા.05



નેપાળ અને નેધરલેન્ડ્સ વચ્ચેની મેચમાં નેપાળ ટીમના ફિલ્ડર કુશલ ભુર્તેલે બાઉન્ડ્રી પર કૂદકો મારીને સિક્સ બચાવી હતી અને બેટરને પણ રનઆઉટ કર્યો હતો.

વાસ્તવમાં નેપાળમાં ત્રિકોણીય સિરીઝ રમાઈ રહી છે. નેપાળ ઉપરાંત નેધરલેન્ડ્સ અને નામિબિયા ત્રિકોણીય શ્રેણીમાં રમી રહેલી અન્ય બે ટીમો છે. ભુર્તેલે ઈનિંગની છેલ્લી ઓવરમાં છગ્ગાને રનઆઉટમાં ફેરવ્યો હતો. શરૂઆતમાં આ શોટ સિક્સર માટે સીધો બાઉન્ડ્રી ક્રોસ કરે તેવું લાગતું હતું, પરંતુ બોલ બાઉન્ડ્રી ઓળંગે તે પહેલા ભુર્તેલે તેને કૂદીને રોક્યો હતો. આ દરમિયાન ભૂર્તેલ બાઉન્ડ્રીની બહાર પડી ગયો, ત્યારબાદ તે ઝડપથી ઊભો થયો અને બોલ વિકેટકીપર આસિફ શેખ તરફ ફેંક્યો. ત્યારપછી કિંગમા ડબલ રન લેવા ક્રિઝથી ઘણો દૂર નીકળી ગયો હતો. આસિફ શેખે સમય બગાડ્યા વગર ગિલ્લી ઉડાવી દીધી હતી. નેપાળે 15.2 ઓવરમાં જીત મેળવી હતી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી નેધરલેન્ડ્સની ટીમ 19.3 ઓવરમાં 120 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. નેધરલેન્ડ્સ માટે મેક્સ ઓ'ડાઉડ 31 રન સાથે હાઈએસ્ટ સ્કોરર હતો, અન્ય કોઈ બેટર 30 રનનો આંકડો પાર કરી શક્યો ન હતો. નેપાળ તરફથી પ્રતિશ જીસીએ ત્રણ વિકેટ ઝડપી હતી.

જવાબમાં નેપાળે માત્ર 15.2 ઓવરમાં છ વિકેટ બાકી રહેતા ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. નેપાળના કેપ્ટન રોહિત પૌડેલે 46 રન અને ગુલસન ઝાએ 38 રનનું યોગદાન આપ્યું હતું.

# એલિસા પેરીએ એવો શોટ માર્યો કે કારનો કાચ તુટી ગયો



ક્રિકેટ મેચમાં એવું જોવા મળતું હોય છે કે, કોઈ કારને ઈનામ તરીકે રાખવામાં આવી હોય તો ક્યારેક મેન ઓફ ધ સીરિઝ માટે પણ રાખવામાં આવી હોય. આ વખતે પણ વિમેન્સ પ્રીમિયર લીગમાં એક કાર રાખવામાં આવી છે. આ કાર છે ટાટા પંચ. મેચ દરમિયાન આ કારને અનેક વખત દેખાડવામાં આવતી હોય છે પરંતુ એક ખેલાડીએ પોતાના બેટથી એવો શોર્ટ રમ્યો કે, આ કારને નિશાન બનાવ્યું હતુ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને યુપી વોરિયર્સ વચ્ચે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહેલી આ મેચ જેમાં આરસીબીની બેટ્સમેન એલિસા પેરીએ તેના એક શોર્ટથી કારને નિશાન બનાવી છે. આ મેચમાં યૂપીની કેપ્ટન એલિસા હિલીએ ટૉસ જીતી પહેલા બેટિંગ પસંદગી કરી હતી. આરસીબીની ટીમે બેટિંગ કરતા 3 વિકેટ ગુમાવી 198 રનનો સ્કોર બનાવ્યો હતો. પેરીએ 37 બોલમાં 4 ચોગ્ગા અને 4 સિક્સની મદદથી 58 રનની ઈનિંગ્સ રમી હતી. કેપ્ટન સ્મૃતિ મંધાનાએ 80 હતો. આરસીબીએ 19મી ઓવર ચાલું હતુ અને આ ઓવર દિપ્તી શર્મા નાંખી રહી હતી. પાંચમા બોલ પર પેરીએ લોન્ગ ઓન તરફ શોર્ટ રમ્યો.

# પેટ કમિન્સ સનરાઈઝર્સ હૈદરાબાદનો નવો કેપ્ટન



હૈદરાબાદ | તા.05

સનરાઈઝર્સ હૈદરાબાદે ઓસ્ટ્રેલિયાના પેટ કમિન્સને IPLમાં પોતાની ટીમના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. ટીમે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. કમિન્સ સાઉથ આફ્રિકાના એડન માર્કરમનું સ્થાન લેશે. ગત સિઝનમાં માર્કરમની કપ્તાનીમાં ટીમ 10માં નંબરે રહી હતી. સનરાઈઝર્સે અગાઉ પોતાના કોચિંગ સ્ટાફમાં પણ ફેરફાર કર્યા હતા. દક્ષિણ આફ્રિકાના ડેલ સ્ટેનની જગ્યાએ હવે ન્યૂઝીલેન્ડના જેમ્સ ફ્રેન્કલિન બોલિંગ કોચની ભૂમિકા નિભાવશે. કમિન્સે ઓસ્ટ્રેલિયા માટે 2 ICC ટ્રોફી જીતી

પેટ કમિન્સની કેપ્ટનશિપમાં ઓસ્ટ્રેલિયાએ 2023માં 2 ICC ટાઈટલ જીત્યા હતા. ટીમે નવેમ્બરમાં ભારતને હરાવીને વન-ડે વર્લ્ડ કપ જીત્યો હતો. આ પહેલા જૂનમાં પણ ટીમ ઈન્ડિયાને હરાવીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ટ્રોફી પર કબજો કર્યો હતો. કમિન્સની કેપ્ટનશિપની કુશળતા જોઈને સનરાઈઝર્સે તેને નવો કેપ્ટન બનાવ્યો. માર્કરમે સનરાઈઝર્સને બે એડન માર્કરમે ગત સિઝનમાં આઈપીએલમાં SRHની કેપ્ટનશિપ કરી હતી. ટીમ 14માંથી માત્ર 4 મેચ જીતી અને 8 પોઈન્ટ સાથે 10માં સ્થાને રહી. અગાઉ 2022ની સિઝનમાં પણ ટીમ 9માં નંબરે રહીને પ્લેઓફ માટે ક્વોલિફાય કરી શકી ન હતી. ટીમ છેલ્લે 2021માં આઈપીએલ ફાઈનલ રમી હતી. માર્કરમ હજુ પણ સાઉથ આફ્રિકાની T-20 લીગમાં સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપનો કેપ્ટન છે. તેની કેપ્ટનશિપમાં ટીમે સતત 2 સિઝનમાં ટાઈટલ જીત્યું હતું. 2023ની પ્રથમ સીઝનમાં, ટીમે પ્રિટોરિયા કેપિટલ્સને હરાવ્યું. 2024માં ટીમ ડરબન સુપરજાયન્ટ્સને હરાવીને ચેમ્પિયન બની હતી.

# IPL શરૂ થાય તે પહેલાં CSKને ઝટકો: ડેવોન કોનવે શરૂઆતની મેચમાંથી બહાર

ચેન્નાઈ | તા.05



IPLની શરૂઆત પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સને મોટો ઝટકો લાગ્યો છે. ટીમનો અનુભવી કિવી ઓપનર ડેવોન કોનવે ઈજાના કારણે પ્રારંભિક મેચ રમી શકશે નહીં. તે ન્યૂઝીલેન્ડ તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. મે સુધી તે ફિટ થવાની અપેક્ષા નથી. કોનવે 2022માં CSKમાં જોડાયો, 2 સીઝન માટે રુતુરાજ ગાયકવાડ સાથે ઓપનિંગ કર્યું. હવે 2024માં ન્યૂઝીલેન્ડના રચિન રવીન્દ્ર ગાયકવાડ સાથે ઓપનિંગ કરી શકે છે. સર્જરીના કારણે બહાર ડેવોન કોનવે ફેબ્રુઆરીમાં ઓસ્ટ્રેલિયા સામેની T20 સિરીઝ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. તેને ડાબા હાથના અંગૂઠામાં ઈજા થઈ હતી. જેના કારણે તે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી T-20 અને ટેસ્ટ સિરીઝનો ભાગ બની શક્યો નથી. ઈજાના કારણે કોનવેને હવે સર્જરી કરાવવી પડશે. સર્જરી બાદ તે લગભગ 8 અઠવાડિયા સુધી ક્રિકેટ રમી શકશે નહીં.

આવી સ્થિતિમાં, તે મેના પહેલા અઠવાડિયા સુધી ચેન્નાઈ સુપર કિંગ્સ માટે IPL રમી શકશે નહીં. જો કે જૂનમાં શરૂ થનારા T20 વર્લ્ડ કપ સુધી તે ફિટ રહેવાની આશા છે. IPL 22 માર્ચથી શરૂ થશે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 17મી સિઝન 22 માર્ચથી શરૂ થઈ રહી છે. પ્રથમ મેચ ચેન્નાઈમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) વચ્ચે રમાશે. CSK આ મેચમાં રચિન રવીન્દ્રને ગાયકવાડની સાથે ઓપનિંગ કરવા મોકલી શકે છે.

# બેંગ્લોરની ટીમે હોમ ગ્રાઉન્ડ પર સિઝનની અંતિમ મેચમાં મેળવી યાદગાર જીત મેળવી

બેંગ્લોર | તા.05

WPL 2024માં સોમવારે બેંગલોરમાં રમાયેલ આ સિઝનની અંતિમ મેચમાં RCBએ હોમ ગ્રાઉન્ડ પર યાદગાર જીત હાંસલ કરી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે યુપી વોરિયર્સની ટીમને 23 રન હરાવી હતી. સતત બે હર બાદ આ જીત બેંગલોર માટે ખાસ રહી હતી. આ જીત બાદ પોઈન્ટ ટેબલમાં ફેરફાર થયા હતા. બેંગલોરમાં રમાયેલ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને 7 વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે જ WPL 2024ના પોઈન્ટ ટેબલમાં મુંબઈ ઈન્ડિયન્સ ફરી ટોપ પર આવી ગયું છે, જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ચોથા સ્થાન પર જ છે. મુંબઈ ઈન્ડિયન્સને જીતવા માટે 132 રનનો ટાર્ગેટ હતો, જે તેમણે 15.1 ઓવરમાં જ હાંસલ કરી લીધો હતો. સ્મૃતિ મંધાનાની કપ્તાનીમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમને સતત બે મેચમાં હાર બાદ જીત મળી હતી. આ મેચમાં જીતની હીરો કેપ્ટન મંધાના જ રહી હતી અને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ જીત્યો હતો. ટોસ હારી પહેલા બેટિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે 20 ઓવરમાં 198 રન ફટકાર્યા હતા અને યુપી વોરિયર્સને જીતવા 199 રનનો ટાર્ગેટ આપ્યો હતો. બેંગલોર તરફથી સ્મૃતિ મંધાના અને એલિસ પેરીએ ફિફ્ટી ફટકારી હતી. યુપી વોરિયર્સને જીતવા માટે 199 રનનો વિશાળ ટાર્ગેટ મળ્યો હતો, જેની સામે યુપીની ટીમ 20 ઓવરમાં 175 રન જ કરી શકી હતી. યુપી તરફથી કેપ્ટન એલિસા હીલીએ સૌથી વધુ 55 રન બનાવ્યા હતા. જ્યારે બોલિંગમાં અંજલિ સરવાણી, દીપ્તિ શર્મા અને સોફી એક્લેસ્ટોનને એક-એક વિકેટ મળી હતી.



# ઈતિહાસ રચનાર ભારતીય બેડમિન્ટન ખેલાડીએ લીધી નિવૃત્તિ

નવી દિલ્હી | તા.05



પ્રણીતે વર્ષ 2019માં બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે દેશના કેટલાક એવા ખેલાડીઓમાંથી એક છે જેમણે આ મોટી ટુર્નામેન્ટમાં મેડલ જીત્યો છે. જોકે, પ્રણીતે ખૂબ જ નાની ઉંમરે પોતાની કારકિર્દીને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે. હવે તે બેડમિન્ટન કોર્ટ પર ખેલાડી તરીકે જોવા નહીં મળે.

ઈતિહાસ રચનાર ભારતીય બેડમિન્ટન ખેલાડીએ લીધી નિવૃત્તિ, હવે બનશે કોચ બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મેડલ જીતવું ભારત માટે ક્યારેય આસાન રહ્યું નથી. ખાસ કરીને પુરુષ વર્ગમાં. જોકે, બી સાઈ પ્રણીતે આ કામ કર્યું. બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીતનાર દેશના કેટલાક ભારતીય ખેલાડીઓમાંથી તે એક છે. પ્રણીત હવે બેડમિન્ટન રમતા જોવા નહીં મળે. તેણે બેડમિન્ટનમાંથી નિવૃત્તિ જાહેર કરી. પ્રણીતે આ નિર્ણય 31 વર્ષની ઉંમરે લીધો છે. આ નિર્ણય ભારત માટે આંચકો હોઈ શકે છે કારણ કે આ વર્ષે પેરિસ ઓલિમ્પિક્સ યોજાવાની છે અને પ્રણિતની ગેરહાજરી ભારત માટે સારા સમાચાર નથી. પ્રણીતે સોશિયલ મીડિયા સાઈટ X પર એક પોસ્ટ લખીને પોતાની નિવૃત્તિની જાણકારી આપી હતી. પ્રણીતે વર્ષ 2019માં મેડલ જીત્યો હતો. તે દેશના કેટલાક એવા ખેલાડીઓમાંથી એક છે જેમણે આ મોટી ટુર્નામેન્ટમાં મેડલ જીત્યો છે. જોકે, પ્રણીતે ખૂબ જ નાની ઉંમરે પોતાની કારકિર્દીને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે.

# કોન્ટ્રાક્ટમાંથી બહાર થયા બાદ યુઝવેન્દ્ર ચહલે કહ્યું- 'હું સૌથી વધુ વિકેટ લઈશ'



નવી દિલ્હી | તા.05

યુઝવેન્દ્ર ચહલને BCCIના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સ્થાન મળ્યું નથી. તે ટીમ ઈન્ડિયામાંથી પણ બહાર છે પરંતુ ચહલ તેની રમત પર ધ્યાન આપવા માંગે છે જેથી તે આઈપીએલમાં સારો દેખાવ કરી શકે. IPL 2024 22 માર્ચથી શરૂ થઈ રહી છે અને તે પહેલા ચહલે દાવો કર્યો છે. BCCI સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ઈશાન કિશન અને શ્રેયસ અય્યરની સાથે યુઝવેન્દ્ર ચહલને સ્થાન નથી મળ્યું. ગત વર્ષે તે C ગ્રેડમાં હતો. આ વખતે તેનું નામ હટી ગયું. ચહલ ચોક્કસથી આનાથી દુઃખી હશે પરંતુ, હવે તે આનાથી આગળ વધવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. તેની નજર 22 માર્ચથી શરૂ થઈ રહેલી IPL પર છે અને IPLની શરૂઆત પહેલા જ ચહલે તેના નિવેદનથી ધૂમ મચાવી દીધી છે. ચહલ મર્યાદિત ઓવરોમાં શાનદાર રમી રહ્યો છે પરંતુ તેમ છતાં તે સતત ટીમ ઈન્ડિયાની અંદર અને બહાર રહ્યો છે. તેને વનડે વર્લ્ડ કપમાં પણ જગ્યા મળી ન હતી. વર્ષ 2022માં ઓસ્ટ્રેલિયામાં T20 વર્લ્ડ કપ યોજાયો ત્યારે પણ ચહલ ટીમમાં હતો પરંતુ તેને પ્લેઈંગ-11માં તક મળી ન હતી. JokerKiHaveli' નામની યુટ્યુબ ચેનલ પર વાત કરતી વખતે ચહલે કહ્યું કે આ વખતે તે પર્પલ કેપ જીતશે જે IPLમાં સૌથી વધુ વિકેટ લેવા માટે આપવામાં આવે છે. જ્યારે ચહલને પૂછવામાં આવ્યું કે આઈપીએલમાં આ વખતે ઓરેન્જ કેપ કોણ જીતશે, તો લેગ સ્પિનરે મજાકમાં તેનું નામ લીધું અને કહ્યું કે તે આ વખતે ઓરેન્જ કેપ જીતશે. ચહલની IPL ટીમ રાજસ્થાન રોયલ્સે આ સિઝન માટે પોતાની જર્સી લોન્ચ કરી છે. ફ્રેન્ચાઈઝીએ તેના X હેન્ડલ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે જેમાં ચહલ જોવા મળી રહ્યો છે. ચહલ એક પેઈન્ટિંગ બનાવે છે જે ટીમની જર્સીની છે. ત્યારબાદ ચહલ જર્સી પહેરે છે. જોકે, વીડિયોના અંતમાં ટીમની અસલી જર્સી બતાવવામાં આવે છે.પરંતુ પછી ચહલ ગંભીર બની ગયો અને તેણે જવાબ આપ્યો કે તેની ટીમ રાજસ્થાન રોયલ્સના યશસ્વી જયસ્વાલ અને જોસ બટલર ઓરેન્જ કેપ જીતશે. શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનને ઓરેન્જ કેપ આપવામાં આવે છે.

# IPL 2024નો સૌથી સસ્તો અને સૌથી મોંઘો કેપ્ટન, બંને વચ્ચે છે આ અદ્ભુત કનેક્શન

નવી દિલ્હી | તા.05

IPL 2024 22 માર્ચથી શરૂ થઈ રહી છે. IPL 2024ના કેપ્ટનના નામ નક્કી થઈ ગયા છે. અહીં જાણો લીગમાં રમી રહેલી 10 ટીમોના કેપ્ટન કોણ છે, કોણ સસ્તું અને કોણ મોંઘું. IPL 2024 શરૂ થવા જઈ રહી છે. BCCIની લીગની 17મી સિઝન 22 માર્ચથી શરૂ થશે, જેમાં 10 ટીમો રમતી જોવા મળશે. હવે 10 ટીમો એટલે 10 કેપ્ટન, એ જાણવું અગત્યનું બની જાય છે કે કોણ સૌથી સસ્તું અને સૌથી મોંઘું છે. તો ચાલો દરેક ટીમના કેપ્ટન વિશે માહિતી લઈએ.



ચેન્નાઈ સુપર કિંગ્સ IPLની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, જેનો કેપ્ટન એમએસ ધોની છે, જેને CSK તરફથી 12 કરોડ રૂપિયા મળે છે. હાર્દિક પંડ્યા, જેણે તેની કપ્તાની હેઠળ ગુજરાત ટાઈટન્સને તેની પ્રથમ સિઝનમાં ચેમ્પિયન બનાવ્યું હતું, તે આ વખતે મુંબઈ ઈન્ડિયન્સની કમાન સંભાળશે. હાર્દિકને લેવા માટે મુંબઈએ ગુજરાતને 100 કરોડ રૂપિયા આપ્યા હોવાના અહેવાલ છે. IPL રમવા માટે હાર્દિકને 15 કરોડ રૂપિયા મળે છે. હાર્દિકના ગયા બાદ શુભમન ગીલે ગુજરાતની કમાન સંભાળી છે. iplમાં ગિલની કિંમત 8 કરોડ રૂપિયા છે. સંજુ સેમસન રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન છે. તેને IPL રમવા માટે 14 કરોડ રૂપિયા મળે છે પંજાબ કિંગ્સના કેપ્ટન શિખર ધવનને IPL રમવા માટે 8.25 કરોડ રૂપિયા મળ્યા છે. હાર્દિક પંડ્યા, જેણે તેની કપ્તાની હેઠળ ગુજરાત ટાઈટન્સને તેની પ્રથમ સિઝનમાં ચેમ્પિયન બનાવ્યું હતું, તે આ વખતે મુંબઈ ઈન્ડિયન્સની કમાન સંભાળશે. હાર્દિકને લેવા માટે મુંબઈએ ગુજરાતને 100 કરોડ રૂપિયા આપ્યા હોવાના અહેવાલ છે. IPL રમવા માટે હાર્દિકને 15 કરોડ રૂપિયા મળે છે. IPL 2024નો સૌથી મોંઘો કેપ્ટન પેટ કમિન્સ છે. કમિન્સને SRH દ્વારા IPL 2024ની હરાજીમાં રૂ. 20.50 કરોડમાં ખરીદ્યો હતો. સૌથી સસ્તા અને મોંઘા કેપ્ટન વચ્ચેનું જોડાણ એ છે કે બંને વિદેશી છે.

# લાઇવ મ્યુઝિક મગજમાં ગતિવિધિઓ વધારીને ભાવનાઓના પ્રોસેસિંગને વધુ સક્રિય કરે છે

લંડન | મ્યુઝિક સ્ટ્રીમિંગના દોરમાં કોઇ પણ ગીત સુધી માત્ર એક ક્લિકથી પહોંચી જવાય છે. તેમ છતાં લાઇવ કોન્સર્ટ અને મ્યુઝિકલ પ્રોગ્રામ્સનું વર્ચસ્વ ઘટ્યું નથી. પસંદગીના ગાયકો અને સંગીતકારને સાંભળવા માટે લોકો ખીચોખીચ ભરેલા હોલ, સખત ઠંડી અને કીચડથી ભરાયેલા મેદાનોમાં પણ જવા તૈયાર છે. તાજેતરનું ઉદાહરણ અમેરિકન પૉપ સિંગર ટેલર સ્વિફ્ટનું છે, જે પોતાની ટૂર મારફતે પાંચ ખંડમાં 146 કોન્સર્ટ કરી રહી છે. દરેક ઈવેન્ટમાં 72 હજારથી વધુ લોકો સામેલ થાય છે એટલે જ લાઈવ મ્યુઝિક રેકોર્ડેડ મ્યુઝિક કરતાં અલગ છે. ન્યૂરો સાયન્ટિસ્ટ અનુસાર સંગીત સાંભળવું એ હૃદયના ધબકારાને તેજ બનાવે છે કારણ કે તેનાથી આપણા મગજના એ હિસ્સામાં ગતિવિધિ વધારે છે,જ્યાં ભાવનાઓનું પ્રોસેસિંગ થાય છે. એટલે કે, સાંભળનારા વધુ ભાવુક થઈ જાય છે.



## ન્યૂઝ ટ્રેક

### અબુ ધાબીના હિંદુ મંદિરે બનાવ્યો નવો રેકોર્ડ, એક દિવસમાં 40,000 ભક્તો આવ્યા

અબુ ધાબી | અબુ ધાબીના હિન્દુ મંદિરે નવો રેકોર્ડ બનાવ્યો છે. એક દિવસમાં 40,000 થી વધુ ભક્તોએ આ મંદિરની મુલાકાત લીધી છે. આ મંદિર સામાન્ય લોકો માટે 1 માર્ચે જ ખોલવામાં આવ્યું હતું. આ મંદિરનું લોકાર્પણ ગયા મહિને 14 ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. અબુધાબીના BAPS સ્વામિનારાયણ મંદિરમાં દરરોજ હજારો ભક્તો દર્શન દર્શન માટે આવે છે. તસવીરોમાં પણ મંદિર પરિસરમાં ભક્તોની ભારે ભીડ જોઈ શકાય છે. આ મંદિરનું ઉદ્ઘાટન 14 ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું.પીએમ મોદીએ આ મંદિરના નિર્માણ માટે UAEના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાનનો પણ આભાર માન્યો હતો.

### રફતારનો નવો રેકોર્ડ, ચીનની 'મેગ્લેવ ટ્રેન' એક પરીક્ષણમાં પ્રતિ કલાક 623 કિમીની ઝડપથી દોડી

બેઈજિંગ | ભારતમાં મોટાભાગની સુપર ફાસ્ટ ટ્રેનોની મહત્તમ ઝડપ પ્રતિ કલાક 120 થી 130 કિલોમીટર જ છે ત્યારે ચીન પોતાની ટ્રેનોની ઝડપ વધારવા માટે જે ઝડપથી કામ કરી રહ્યુ છે તે જોઈને દુનિયા ચોંકી ઉઠી છે. ચીનમાં ઘણી હાઈ સ્પીડ ટ્રેન અથવા બુલેટ ટ્રેન તરીકે પણ ઓળખાતી ટ્રેનો પ્રતિ કલાક 400 કિલોમીટર ઝડપથી પણ ચાલી શકે છે. જોકે ચીનને તો આટલી ઝડપથી પણ સંતોષ નથી. ચીનની મેગ્લેવ ટ્રેન હવે છે. આ ટ્રેન અંગે ચાઈના એરોસ્પેસ એન્ડ ઈન્ડસ્ટ્રી કોર્પોરેશને જાણકારી આપતા કહ્યુ છે કે, મેગ્લેવ ટ્રેને ઓક્ટોબર 2023માં થયેલા પરીક્ષણમાં પ્રતિ કલાક 387 માઈલ એટલે કે 623 કિલોમીટરની ઝડપ હાંસલ કરી હતી. ટ્રેન સુપરકન્ડક્ટિંગ ટેકનોલોજીથી ચાલે છે.

### ઈલોન મસ્કને પાછળ છોડીને દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ બન્યા જેફ બેઝોસ

ન્યૂયોર્ક| ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કે લાંબા સમયથી વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિનું સ્થાન મેળવ્યુ હતુ. જોકે હવે તેઓ દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ રહ્યા નથી. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ આ ધનવાનોની લિસ્ટમાં પહેલા સ્થાને આવી ગયા છે અને તેમણે ઈલોન મસ્કને બીજા સ્થાન પર ધકેલી દીધા છે. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસની પાસે અત્યારે 200 અબજ ડોલરની સંપત્તિ છે અને આ સાથે જ તેઓ વિશ્વના સૌથી ધનવાન બિઝનેસમેન અને ધનવાન વ્યક્તિ બની ગયા છે. જોકે જેફ બેઝોસની સંપત્તિમાં પણ 500 મિલિયન ડોલરનો ઘટાડો આવ્યો છે પરંતુ તેમની ડોલર પર છે જે ઈલોન મસ્કની કુલ સંપત્તિ કરતા વધુ છે. આ વર્ષે અત્યાર સુધીમાં જેફ બેઝોસે પોતાની સંપત્તિ 23.4 બિલિયન ડોલર વધારી દીધી છે.

## વડાપ્રધાન ગેબ્રિયલે કહ્યું- મહિલાઓને આ સંદેશ છે કે તમારું શરીર તમારું જ છે

# ફ્રાન્સમાં મહિલાઓને ગર્ભપાતનો બંધારણીય અધિકાર:આવું કરનાર દુનિયાનો પહેલો દેશ

**ફ્રાન્સની સરકારે ઐતિહાસિક પગલું ભરતા દેશમાં મહિલાઓને ગર્ભપાતનો બંધારણીય અધિકાર બનાવવાને ગ્રીન સિગ્નલ આપી દીધું છે. ફ્રાન્સના સાંસદોએ સોમવારે સંસદમાં સંયુક્ત સત્ર દરમિયાન આ અધિકારને સંબંધિત બિલને મંજૂરી આપી હતી. ફ્રાન્સ આવું કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. આ બિલ પર મતદાન દરમિયાન પક્ષમાં 780 વોટ પડ્યા, જ્યારે વિરોધમાં માત્ર 72 વોટ પડ્યા. ફ્રાન્સીસી સાંસદના બંને સદન નેશનલ અસેમ્બલી અને સેનેટ પહેલાં જ ફ્રાન્સીસી સંવિધાનની કલમ 34માં સંશોધન માટે એક બિલને મંજૂરી આપી ચૂક્યા છે, જેથી મહિલાઓને ગર્ભપાતના અધિકારની ગેરંટી આપી શકાય. ફ્રાન્સ ગર્ભપાતને સંવૈધાનિક અધિકાર બનાવનાર દુનિયાનો પહેલો દેશ બની ગયો છે. સરકારનાં આ નિર્ણય પર તમામ લોકોએ સેલિબ્રેશન કર્યું અને આ નિર્ણયને વખાણ્યો પણ ખરો.**



પેરિસ | તા.05

ફ્રાન્સના બંધારણમાં આ સુધારો ફ્રાન્સના બંધારણનો 25મો સુધારો છે. સૌથી મહત્વની વાત એ છે કે દેશના બંધારણમાં 2008 પછી આ પહેલો સુધારો છે. ફ્રાન્સમાં છેલ્લા ઘણા દિવસોથી મહિલાઓને ગર્ભપાતનો અધિકાર આપવાની માંગ કરવામાં આવી રહી હતી. આ અંગે ઘણા સર્વે પણ કરવામાં આવ્યા હતા, જેમાં 85 ટકા લોકોએ તેને સમર્થન આપ્યું હતું.

CNNનાં રિપોર્ટ પ્રમાણે ફ્રાન્સની રાજધાની પેરિસના વર્સેલ્સ પેલેસમાં સાંસદોની એક ખાસ સભા દરમિયાન આયોજિત સોમવારે મતદાન વિધાનસભા પ્રક્રિયાનું અંતિમ ચરણ હતું. ફ્રાન્સીસી સીનેટ અને નેશનલ અસેમ્બલીએ આ વર્ષની શરૂઆતમાં સંશોધનને ભારે બહુમતથી મંજૂરી આપી દીધી હતી. સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે ફ્રાન્સમાં ગર્ભપાતની 'ગેરંટી સ્વતંત્રતા' છે. અનેક સાંસદોએ આ પગલાંના વખાણ કરતા તેને ઐતિહાસિક જણાવ્યું. ફ્રાન્સના વડાપ્રધાન ગેબ્રિયલ અટલે વોટ પહેલાં કહ્યું કે સાંસદો પર તે મહિલાઓ પ્રત્યે નૈતિક ઋણ છે, જેમને ભૂતકાળમાં ગેરકાયદેસર ગર્ભપાત સહન કરવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. અમે બધી જ મહિલાઓને એક સંદેશ મોકલી રહ્યા છીએ કે તમારું શરીર તમારું જ છે.

આ મામલે રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રોનનું નિવેદન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મેક્રોને કહ્યું કે સરકાર શુક્રવારે આંતરરાષ્ટ્રીય મહિલા અધિકાર દિવસ પર બિલ પાસ થવાનું સેલિબ્રેશન મનાવવા માટે એક ઔપચારિક સમારોહ આયોજિત કરશે.

### ફ્રાન્સમાં 1975 થી ગર્ભપાત કાનૂની અધિકાર છે

ફ્રાન્સમાં 1975 થી ગર્ભપાતનો કાનૂની અધિકાર છે, ત્યારથી આ કાયદો નવ વખત બદલાયો છે, જેથી વધુને વધુ મહિલાઓ તેનો લાભ લઈ શકે. ફ્રાન્સની બંધારણીય પરિષદે આ કાયદા પર ક્યારેય કોઈ પ્રશ્ન ઉઠાવ્યો નથી. ફ્રેન્ચ કાનૂની નિષ્ણાતો માને છે કે 2001 માં બંધારણીય પરિષદે તેને 1789 માં માણસના સ્વતંત્રતાના અધિકારમાં સામેલ કર્યો હતો જે તકનીકી રીતે બંધારણનો એક ભાગ હતો.

**આ દુનિયાનો નવો યુગ છે :** મહિલાઓને ગર્ભપાતનો અધિકાર આપવા માટે સંસદમાં બંધારણીય સુધારો પસાર થયા બાદ વડા પ્રધાન ગેબ્રિયલ અટલે કહ્યું હતું કે દુનિયાના નવા યુગની શરૂઆત થઈ રહી છે. આ દરમિયાન દક્ષિણપંથીઓએ પણ પરંતુ તેમનો વિરોધ સફળ થઈ શક્યો નહીં. વિપક્ષી ધારાસભ્યોએ ચૂંટણીલક્ષી ઉદેશ્યો માટે બંધારણનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

# ચાલુ ફ્લાઇટમાં મહિલાને લેબર પેઇન થયું: કોકપિટમાંથી દોડીને આવ્યો પાયલટ

ન્યૂયોર્ક | તા.05

અત્યાર સુધી તમે વિમાનમાં મારપીટની ઘટના જોઈ હશે, પરંતુ થોડાં દિવસ પહેલાં એક વિમાનમાં કંઈક એવું થયું કે જેને જાણીને તમને આનંદ થશે. વિમાન હવામાં હતું, ત્યારે તેમાં બેઠેલી એક મહિલા યાત્રીને લેબર પેઈન શરૂ થયું. ક્રૂ મેમ્બર્સને આ અંગે જાણકારી આપવામાં આવી. પહેલા તો વિમાનમાં ડોક્ટર છે કે નહીં તેની તપાસ કરવામાં આવી. પરંતુ તે ફ્લાઈટમાં કોઈ ડોક્ટર હતો નહીં. ત્યારે પાયલટ જાતે જ કોકપિટમાંથી બહાર આવ્યો. તેમણે કંઈક એવું કર્યું જેનાથી બધાના ચહેરા પર આનંદ આવી ગયો.ન્યૂયોર્ક પોસ્ટનાં રિપોર્ટ પ્રમાણે, તાઈવાનથી એક વિમાન બેંકોક જઈ રહ્યું હતું. બધા યાત્રીઓ આરામથી બેઠા હતા. ત્યારે એક પ્રેગ્નેન્ટ મહિલાએ લેબર પેઈનની ફરિયાદ કરી. પહેલાં તો તેણે થોડી દવાઓ ખાધી, જેથી થોડો સમય મળી જાય અને ફ્લાઈટ લેન્ડ થતા જ હોસ્પિટલ જઈને ડિલિવરી





કરાવી શકે. પરંતુ એટલો સમય હતો નહીં. કેબિન ક્રૂને જ્યારે જાણકારી મળી ત્યારે તેઓ મહિલાને બાથરૂમમાં લઈ ગયા. લેબર પેઈન ઓછો થવાની જગ્યાએ વધતું જ જઈ રહ્યું હતું. મહિલા પણ બૂમો પાડી રહી હતી. થોડીવાર પછી તેમના હાથમાં એક બાળક હતું મહિલાની તકલીફ જોઈને ફ્લાઈટના પાયલટ જકારિન સારનરાક્સ્કુલ ભાગીને બહાર આવ્યા. સારનરાક્સ્કુલ એક બાળકના પિતા છે અને 18 વર્ષથી વિમાન ચલાવી રહ્યા છે. તેઓ મહિલા પાસે ગયા. મોબાઈલમાં થોડી જાણકારીઓ મેળવી અને પછી જાતે જ ડોક્ટરની જેમ ડિલિવરી કરાવવામાં લાગી ગયા. પરિણામ ચોંકાવનારું હતું. જેની કિલકારી આખી ફ્લાઈટમાં સંભળાઈ રહી હતી. આ જોઈને ક્રૂ મેમ્બર્સ સેલિબ્રેશન કરવા લાગ્યા. યાત્રીઓને જ્યારે આ જાણકારી મળી ત્યારે તેઓ પણ ઘણાં ખુશ જોવા મળ્યા. બધા જ લોકોએ પાયલટના વખાણ કર્યા. બાળકનું નામ 'સ્કાઈ' રાખવામાં આવ્યું વિમાન જ્યારે બેંકોકમાં ઉતર્યું ત્યારે પેરામેડિક્સ ફ્લાઈટની રાહ જોઈ રહ્યા હતા. મહિલા અને બાળક બંનેને તરત જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. બંનેની હાલત સારી છે.

# અમેરિકામાં પ્લેન ક્રેશ : 5 લોકોના મોત, અધિકારીઓએ શરૂ કરી તપાસ

ટેનેસી તા 05

અમેરિકાના ટેનેસીના નેશવિલેમાં એક આંતરરાજ્ય હાઈવે પાસે સોમવારે એક સિંગલ એન્જિન વાળું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. અધિકારીઓએ જણાવ્યું કે આ વિમાનમાં સવાર તમામ લોકોના મોત થયા છે. વિમાન જોન સી. ટ્યૂન એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવાના પ્રયાસો કરી રહ્યું હતું, પરંતુ તે આખરે ઈન્ટરસ્ટેટ હાઈવે 40 પાસે ક્રેશ થઈ ગયું. રિપોર્ટ મુજબ, પાયલોટે એર ટ્રાફિક કંટ્રોલને જણાવ્યું હતું કે પ્લેન એરપોર્ટ પર નહીં પહોંચી શકે. ત્યારબાદ, પ્લેન હાઈવે નજીક ક્રેશ થયું. પ્લેન જમીન પર પડતાંની સાથે જ તેમાં આગ લાગી ગઈ હતી. મેટ્રો નેશવિલ પોલીસના પ્રવક્તા ડોન એરોને જણાવ્યું હતું કે પાયલોટે જ્હોન સી. ટ્યુન એરપોર્ટ પર સાંજે લગભગ 7:40 વાગ્યે ઈમરજન્સી કોલ કર્યો હતો. એન્જિનમાં ખરાબીની જાણકારી આપી હતી અને ઈમરજન્સી લેન્ડિંગની મંજૂરી આપવામાં આવી હતી. થોડા સમય બાદ પાયલટે રેડિયો પર કહ્યું કે પ્લેન એરપોર્ટ પર નહીં પહોંચી શકે. પ્લેન હાઈવે 40ની પાસે એક ઘાસના મેદાનમાં ક્રેશ થયું અને જમીન પર પડતાની સાથે જ તેમાં આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટના એરપોર્ટથી લગભગ 3 માઈલ દૂર દક્ષિણમાં થઈ હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે વિમાનમાં સવાર તમામ મુસાફરોના મોત થઈ ગયા છે.

# તણાવમાંથી રાહત:તણાવમુક્ત રહેવા માટે વડીલો પઝલ થેરાપી અપનાવી રહ્યા છે

વૉશિંગ્ટન | તા.05

તણાવ હેઠળ જીવન જીવવું એ દિવસમાં એક પેકેટ સિગારેટ પીવા જેટલું જોખમી છે. તણાવમાંથી રાહત મેળવવા માટે અમેરિકાના વડીલો હવે વિવિધ પ્રકારના કોયડાને ઉકેલે છે. તાજેતરમાં જ અમારા સ્પ્રિંગવેલી સિનિયર સેન્ટરના વડીલોએ 60 હજાર ટુકડાઓની વિશ્વની સૌથી મોટી પઝલ પૂરી કરી. મેં જાતે મારા સ્પ્રિંગવેલી સિનિયર સેન્ટરમાં જોયું કે પઝલ થેરાપીથી તેમના ટીમવર્કમાં સુધારો દેખાયો.

સેન્ટરમાં વૃદ્ધો માટે પેઈન્ટિંગ સેશન્સ, આર્ટ વર્કશોપ અને બુસ્ટ યોર બ્રેન એક્સરસાઈઝ પણ અપાય છે. પરંતુ શરૂઆતથી જ વૃદ્ધોમાં પઝલ ચેલેન્જમાં વધુ રસ હતો. કોયડા વ્યક્તિની વિચારવાની ક્ષમતા વધારે છે. હવે વડીલો હંમેશા અમારા કેન્દ્રમાં કોયડા ઉકેલતા જોવા મળશે. શરૂઆતમાં લોકો 1000 ટુકડાઓના નાના કોયડાઓ ભેગા કરતા હતા પરંતુ ગયા મહિને વડીલોએ 'વોટ અ વન્ડરફુલ વર્લ્ડ'' કોયડો પૂર્ણ કર્યો જે 60 હજાર ટુકડાઓ, 29 ફૂટ લાંબો, 8 ફૂટ ઊંચો કોયડો છે. અમેરિકામાં 11 હજાર સિનિયર કોમ્યુનિટી સેન્ટર ટોરી જણાવે છે કે, આ પઝલ એરિક ડોડલે બનાવી હતી. જ્યારે તેમને ખબર પડી કે વડીલોએ આ કોયડો પૂરો કર્યો છે તેથી તે પોતે અભિનંદન ગૌરવ હું ક્યારેય નહીં ભૂલી શકું. મિશિગન યુનિવર્સિટીના રિપોર્ટ અનુસાર, વિશ્વમાં દર ત્રણમાંથી એક વૃદ્ધ વ્યક્તિ ડિપ્રેશન અથવા એકલતા સાથે સંઘર્ષ કરે છે.

# અમેરિકી પ્રમુખપદની ચૂંટણીમાં ફંડની વ્યવસ્થા કેવી હોય છે?

વૉશિંગ્ટન | તા.05

ભારતમાં ચૂંટણી ટાણે ફન્ડિંગની ચર્ચા થતી હોય છે. ઈલેક્ટ્રોલ બોન્ડ દ્વારા દાન લઈ રાજકીય પક્ષ તેમજ ઉમેદવારો ચૂંટણીમાં ખર્ચ કરતા હોય છે. ક્યારેક ઉમેદવારો પોતાના પૈસાથી પણ ચૂંટણી લડતા હોય છે. અમેરિકાની ચૂંટણીની વાત કરીએ તો ત્યાં ફન્ડિંગ સિસ્ટમ કંઈક અલગ છે. ભારતમાં પાર્ટીઓના ફન્ડિંગ પર વધુ ધ્યાન આપવામાં આવે છે, જ્યારે અમેરિકામાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવારોના ફન્ડિંગ પર નજર રાખવામાં આવે છે.

બાઈડેન, ડોનાલ્ડ ટ્રમ્પ, રોન ડીસેન્ટિસ અને નિક્કી હેલી ખાનગી સંસ્થા, કોર્પોરેશનો અને અન્ય વ્યક્તિઓ પાસેથી ભંડોળ મેળવે છે. જો ઉમેદવાર સરકારી ભંડોળનો ઉપયોગ



કરે છે તો તે ખાનગી ફંડ લઈ શકશે નહીં. સરકારી ફંડ મર્યાદિત છે. આ કારણોસર ઉમેદવારો ખાનગી ફંડ એકત્ર કરવાનું પસંદ કરે છે. સરકારી અને ખાનગી ફંડ કેવી મેળવી શકાય.

ઉમેદવારો બે રીતે ફંડ મેળવી શકે છે. પ્રથમ ખાનગી ફંડ અને બીજું ખાનગી ફંડ. કરદાતાઓ પાસેથી એકત્ર કરાયેલ સરકારી ભંડોળ મર્યાદિત અને નિયમો દ્વારા બંધાયેલ છે. 1907માં 26મા પ્રમુખ થિયોડોર રુઝવેલ્ટે ચૂંટણી માટે પ્રાઈવેટ ફંડ પર પ્રતિબંધ મૂકીને જાહેર ભંડોળની વ્યવસ્થા બનાવવાની વાત કરી હતી. 64 વર્ષ પછી 1971માં યુએસ કોંગ્રેસે જાહેર ભંડોળની રચના કરી. આનાથી મોટા દાતાઓ પર ઉમેદવારોની નિર્ભરતા અને ચૂંટણીમાં ધાંધલ-ધમાલ ઓછી થઈ. દર વર્ષે સરકાર ફોર્મ 1040 દ્વારા કરદાતાઓ પાસેથી 1 ડૉલર (84 રૂપિયા) એકત્ર કરતી હતી, જે 1993માં વધીને 3 ડૉલર (250 રૂપિયા) થઈ ગઈ હતી. સરકારી ફંડનો ઉપયોગ તે ઉમેદવાર કરી શકે છે જેણે વધુ સમર્થન હોય. આ સાબિત કરવા માટે ઉમેદવારે પ્રાથમિક ચૂંટણી દરમિયાન 50માંથી 20 રાજ્યોમાં રાજ્યદીઠ ઓછામાં ઓછા 5000 ડોલર (રૂ. 4.15 લાખ) એટલે કે કુલ 1 લાખ ડોલર (રૂ. 83 લાખ) કરતાં વધુ રકમ એકત્ર કરવી પડશે. માત્ર 250 ડોલર (રૂ. 20,000) કરતા ઓછા નાના દાન સ્વીકારવામાં આવશે. ઉમેદવારો હજાર ડોલર (41 લાખ રૂપિયા)થી વધુ ખર્ચ કરી શકતા નથી અને ચૂંટણીખર્ચનો અહેવાલ ચૂંટણીપંચને ઓડિટ માટે સબમિટ કરવાનો રહેશે.

# ઇઝરાયલ-હમાસ યુદ્ધમાં ભારતીય નાગરિક મેક્સવેલનું મોત: ખેતરમાં કામ કરી રહ્યો હતો ત્યારે તેના પર મિસાઈલ પડી

જેરુસલેમ | તા.05

ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં એક ભારતીયનું મોત થયું છે. જ્યારે અન્ય બે ઘાયલ થયા છે. સોમવારે, ઈઝરાયલના ગેલિલી ક્ષેત્રમાં ઉત્તરીય સમુદાયના માર્ગાલિયટ પર લેબનોનથી એન્ટી ટેન્ક મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો. મૃત્યુ પામનાર વ્યક્તિનું નામ પટનીબીન મેક્સવેલ છે. તે કેરળના કોલ્લમનો રહેવાસી હતો. ઘાયલ થયેલા બે વ્યક્તિઓના નામ બુશ જોસેફ જ્યોર્જ અને પોલ મેલવિન છે. તે પણ કેરળનો રહેવાસી છે. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, જ્યોર્જને બેલિન્સન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલતમાં સુધારો થયો છે. તે હવે તેના



પરિવાર સાથે વાત કરી શકે છે.

મૃત્યુ પામનાર મેક્સવેલ 2 મહિના પહેલાં જ ઈઝરાયલ આવ્યો હતો

કેરળનો રહેવાસી મેક્સવેલ લગભગ 2 મહિના પહેલાં જ ઈઝરાયલ આવ્યો હતો અને અહીં એક ખેતરમાં મજૂરીનું કામ કરવા લાગ્યો હતો. મેક્સવેલના પરિવારમાં તેની પત્ની અને પાંચ વર્ષની દીકરી છે. તેની પત્ની સાત મહિનાની ગર્ભવતી પણ છે. ત્યાં જ, હુમલામાં ઘાયલ અન્ય બે ભારતીયની ઓળખ બુશ જોસેફ જોર્જ અને પોલ મેલ્વિન તરીકે થઈ છે. મેક્સવેલના પિતાએ શું કહ્યું? ઈઝરાયલમાં મિસાઈલ હુમલામાં માર્યા ગયેલાં મેક્સવેલના પુત્રવધુએ ફોન કરીને કહ્યું કે મારા દીકરાનું એક્સીડન્ટ થઈ ગયું છે. ત્યાર બાદ મને મારા દીકરાનું મોત થયું હોય એવા સમાચાર મળ્યા. મારા ત્રણ દીકરા છે, જેમાંથી બે ઈઝરાયલમાં કામ કરે છે જ્યારે એક અબુધાબીમાં કામ કરે છે. આ તસવીર ભારતીય મૂળના ઈઝરાયલ સૈનિક હેલેલ સોલોમનની છે, જેનું નવેમ્બરમાં ગાઝામાં મૃત્યુ થયું હતું. આ તસવીર ભારતીય મૂળના ઈઝરાયલ સૈનિક હેલેલ સોલોમનની છે, જેનું નવેમ્બરમાં ગાઝામાં મૃત્યુ થયું હતું.

ઈઝરાયલની સેનાએ હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર જવાબી કાર્યવાહી કરી

મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ હુમલો લેબનોનમાં કાર્યરત આતંકી સંગઠન હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવ્યો છે. 8 ઓક્ટોબરે યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી તે સતત હમાસને સમર્થન આપી રહ્યું છે અને ઈઝરાયલ પર મિસાઈલ હુમલાઓ કરી રહ્યું છે. ઈઝરાયલના સંરક્ષણ દળના જણાવ્યા અનુસાર, સોમવારના હુમલા પછી, ઈઝરાયલે હિઝબુલ્લાહ લોન્ચ સાઈટ સહિત ઘણા લક્ષ્યો સામે જવાબી કાર્યવાહી કરી.

# ડ્રેગનની નવી ચાલ:18 હજાર કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ અટક્યો એટલે ચીને ફરી નેપાળમાં સામ્યવાદી સરકાર રચી દીધી

કાઠમંડુ | તા.05

નેપાળના પીએમ પુષ્પ કમલ દહલ પ્રચંડે તેમની ગઠબંધનની સહયોગી પાર્ટી બદલી દીધી છે. પ્રચંડે નેપાળી કોંગ્રેસ છોડીને ફરીથી સીપીએનયુએમએલ સાથે ગઠબંધન કર્યું છે. સોમવારે સાંજે રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે 3 નવા મંત્રીઓ પદ્મા ગ્રીહી, હિત બહાદુર તમાંગ અને ડોલ પ્રસાદ આર્યલને પણ શપથ લેવડાવ્યા હતા. પાર્ટીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રચંડની આગેવાની હેઠળની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (માઓવાદી કેન્દ્ર) અને શેર બહાદુર દેઉબાની આગેવાની હેઠળની નેપાળી કોંગ્રેસ વચ્ચેનું જોડાણ સમાપ્ત કરવામાં આવ્યું છે કારણ કે બે ટોચના નેતાઓ વચ્ચે વધતા મતભેદો પરાકાષ્ઠાએ પહોંચી ગયા છે. સીપીએન-માઓવાદીના સેક્રેટરી ગણેશ શાહે કહ્યું કે નેપાળી કોંગ્રેસે વડાપ્રધાનને સહકાર આપ્યો ન હોવાથી અમને (આ) નવા જોડાણની શોધ કરવાની ફરજ પડી છે. પ્રચંડ 25 ડિસેમ્બર, 2022ના રોજ નેપાળી કોંગ્રેસના સમર્થનથી ત્રીજી મુદત માટે વડાપ્રધાન બન્યા હતા. નેપાળી કોંગ્રેસ સાથે ગઠબંધન તોડ્યા પછી પ્રચંડે ઓલીની આગેવાની હેઠળની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ સાથે હાથ મિલાવ્યા છે, જેને પ્રચંડના ટોચના ટીકાકાર તરીકે ગણવામાં આવતા હતા.

પ્રચંડની સામ્યવાદી સરકાર પાછળ ચીનનો હાથ માઓવાદી નેતાઓનું કહેવું છે કે નેપાળીઓ કોંગ્રેસ સરકારના કામકાજમાં અવરોધો ઊભા કરી રહ્યા હતા પરંતુ, નેપાળમાં પ્રચંડની સામ્યવાદી સરકારની રચના પાછળ ચીનનો હાથ છે. કહેવાય છે કે નેપાળમાં બીઆરઆઈ પ્રોજેક્ટમાં વિલંબથી ચીન નારાજ હતું. ગયા વર્ષે સીપીએન-યુએમએલએ રાષ્ટ્રપતિપદની ચૂંટણી માટે મુખ્ય વિપક્ષી દળના ઉમેદવારને સમર્થન આપવા અંગેના અણબનાવને પગલે પ્રચંડની આગેવાની હેઠળની સરકારનો ટેકો પાછો ખેંચી લીધો હતો.

# પાકિસ્તાન ઘૂંટણિયે પડવાની તૈયારીમાં:ભારતથી સીધી ફ્લાઇટ ફરીથી શરૂ કરવા પાકિસ્તાને વિનંતિ કરી

ઇસ્લામાબાદ | તા.05

આર્થિક સંકડામણમાં ઘેરાયેલું પાકિસ્તાન ઘૂંટણિયે પડવાની તૈયારીમાં છે. અંદાજે 5 વર્ષ પછી ભારતમાં પોતાના ઉચ્ચ આયોગમાં મહત્ત્વના હોદ્દા પર ચાર્જ ડી અફેર્સ પર નિયુક્ત કર્યા પછી પાકિસ્તાન દિલ્હી અને મુંબઈ વચ્ચે સીધી ફ્લાઈટ શરૂ થાય તે માટે પ્રયાસો કરી રહ્યું છે. સૂત્રોના કહેવા પ્રમાણે પાકિસ્તાન બૅકડોર ચેનલોથી ભારતને મનાવવાના પ્રયાસો કરી રહ્યું છે પરંતુ પાકિસ્તાન આતંકવાદને અંકુશમાં લાવે પછી આગળ ઉપર નિર્ણય લેવાશે, તેમ ભારતે સોય ઝાટકીને કહ્યું છે. હવે શાહબાજ સરકારે સત્તા સંભાળ્યા પછી બંને દેશ વચ્ચે થોડેઘણે અંશે સંબંધો સુધરવાની આશા ઊજળી થઈ છે. એવિયેશન એક્સપર્ટ ઈમરાન તાહિરના મતે લાહોર-દિલ્હી અને કરાચી-મુંબઈ ફ્લાઈટ બંધ થવાને કારણે પાકિસ્તાન ઈન્ટરનેશનલ ઍરલાઈન્સે દેવાળું ફૂંક્યું હતું. પીઆઈએ માટે લગભગ 30% મહેસૂલ આ જ રૂટથી મળતું હતું. પાકિસ્તાની ઓપરેટરે કહ્યું, અમે તો લીલી ઝંડી ફરકે તેની જ રાહ જોઈએ છીએ પાકિસ્તાનના એક ખાનગી ઓપરેટરના કહેવા પ્રમાણે અમે તો સરકારી સ્તરેથી લીલી ઝંડી ફરકે તેની જ રાહ જોઈએ છીએ. અમારાં વિમાન તો રનવે પર જ છે. નવી દિલ્હીમાં ઉચ્ચ આયોગમાં નિયુક્તિ પછી અમારી આશાઓ વધી ગઈ છે. તેમાં બંને દેશને લાભ થશે. જિયો પૉલિટિક્સ કરતાં જિયો ઈકોનોમિક્સ વધુ મહત્ત્વનું હોય છે. પાકિસ્તાને એ સમજવું પડશે.પાક. આર્મી ચીફ આસિમ મુનીર એસએફઆઈસીનું સુકાન સંભાળી રહ્યા છે. પહેલી વાર રચાયેલા આ કાઉન્સિલનો હેતુ પાક.ની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાનો છે.



સિટી એક્સપ્રેસ
WEDNESDAY 06 MARCH-2024
AHMEDABAD

## માણસાના યુવકને ડોલરમાં રોકાણ કરવાનું કહી છેતરપિંડી

ગાંધીનગર | સાઈબર ગઠિયાઓની તાકાત ધીરેધીરે વધી રહી છે. છૂપાઈને ખૂણામાં બેસીને રાજ્યના નાગરિકો સાથે ઠગાઈ કરી રહ્યા છે. ત્યારે માણસના યુવકના રૂપિયાને ડોલરમાં રોકાણ કરાવવાનુ કહીને રૂપિયા 3.40 લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. ત્યારે સાઈબર ક્રાઈમ સેલની ટીમ દ્વારા સુરતથી બે આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. જ્યારે હજુ બે આરોપી ફરાર છે. આરોપીઓ નાગરિકોના બેંક એકાઉન્ટ 20 હજારમાં આપીને ભાડેથી રાખતા હતા. મળતી માહિતી મુજબ માણસાના ચરાડા ગામમાં રહેતા પાવનકુમાર મહેન્દ્રભાઈ ચૌધરીના મોબાઈલ નંબર ઉપર વાત કરી હતી.

## કલોલની બંધ કરેલી બસો શરૂ ન કરાય તો ચક્કાજામની ચીમકી

ગાંધીનગર | કોરોનાકાળ પહેલાં ગાંધીનગરથી કલોલ જવા માટે દર કલાકે બસનું સમયપત્રક ગોઠવવામાં આવ્યું હતું. પરંતું હાલમાં બસો બંધ કરી દીધી તેમજ અમુક બસોના રૂટ ખાત્રજ કરી દેતા અપડાઉન કરતા પાસ ધારકોને સમયસર બસ મળતી નથી. ઉપરાંત શાળા અને કોલેજમાં જતા વિદ્યાર્થીઓ માટે સવારે અને સાંજે બસો શરૂ કરવામાં આવે તેવી માંગ મુસાફરો અને વિદ્યાર્થીઓમાં ઉઠવા પામી છે. બસ શરૂ કરવામાં નહી આવે તો ચક્કાજામની ચીમકી વિદ્યાર્થીઓએ ઉચ્ચારી છે.



### ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# ખેતરમાં ટ્રાન્સમિશન ટાવર હશે તો જંત્રીના 200% લેખે વળતર અપાશે

### ખેતરમાં ઓછી ટ્રાન્સમિશન લાઈન પસાર થાય તેની તકેદારી રખાશે



અમદાવાદ | તા.05

ગુજરાત સરકારે ખેડૂતોના હિતને ધ્યાને રાખીને મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ખેડૂતોના ખેતરોમાંથી પસાર થતી ટ્રાન્સમિશન લાઈન તેમજ ટ્રાન્સમિશન ટાવર ઉભા કરતી વખતે જમીન, પાક, ફળાઉ ઝાડને થતા નુકશાન સામે રાજ્યના સરકારના પ્રવર્તમાન જંત્રી દરોના 200 ટકા લેખે વળતર ચૂકવાશે. જેમાં સરકાર દ્વારા જંત્રીમાં જો કોઈ સુધારો કરવામાં ન આવે તો વાર્ષિક 10 ટકા લેખે વધારો પણ ધ્યાને લેવાશે. રાજ્ય સરકારના આ ખેડૂત હિતલક્ષી નિર્ણયને કારણે હાલમાં જે વળતર મળે છે તેમાં અંદાજે બે ગણો વધારો થશે.

આ અંગે ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, 'ખેડૂતની જમીન ઉપરથી પસાર થતી ટ્રાન્સમીશન લાઈનની પહોળાઈ તથા લંબાઈને ધ્યાનમાં રાખીને જમીનના વિસ્તારના 15 ટકાની જગ્યાએ 25 ટકા લેખે વળતર ચૂકવવામાં આવશે. ટ્રાન્સમિશન લાઈનના રૂટ નક્કી કરતા પહેલાં સ્થાનિક વહીવટી સત્તામંડળો સાથે જરૂરી ચર્ચા કરી, શક્ય હોય ત્યાં સુધી ખેતીની જમીનમાંથી ઓછામાં ઓછી ટ્રાન્સમિશન લાઈન પસાર થાય તેની તકેદારી પણ રાખવામાં આવશે.'

નોંધનિય છે કે, ખેડૂતોને ટ્રાન્સમિશન લાઈન તેમજ ટ્રાન્સમીશન ટાવર સંદર્ભે ચૂકવાતા વળતરની ગુજરાત સરકારના 14મી ઓગસ્ટ 2017ના ઠરાવમાં ડિસેમ્બર 2021માં સુધારો કરી વળતરમાં વધારો કરવામાં આવ્યો હતો અને ફરી એક વાર બે વર્ષના ગાળામાં ખેડૂતોના હિતમાં વળતરમાં વધારો કરવામાં આવ્યો છે.

### કોંગ્રેસનો ચોથો પંજો હવે ભાજપની સાથે

# 2019ની ચૂંટણીમાં પાટીલ સામે લડનાર ધર્મેશ પટેલે પાટીલના હાથે જ કેસરિયો ધારણ કર્યો

અમદાવાદ | તા.05

લોકસભા ચૂંટણી નજીક આવતાં ગુજરાત કોંગ્રેસમાં કોંગ્રેસના નેતાઓનો રાજીનામાનો દૌર શરૂ થયો છે. એક જ દિવસમાં કોંગ્રેસના ચાર નેતાઓના રાજીનામાં બાદ આજે સમર્થકો સાથે ભાજપનો ખેસ ધારણ કર્યો છે.

પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર, પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, મુળુ કંડોરિયા અને નવસારી કોંગ્રેસના નેતા ધર્મેશ પટેલે પ્રદેશ પ્રમુખ સી. આર.પાટીલના હાથે ખેસ ધારણ કર્યો છે. મહત્વનું છે કે, ધર્મેશ પટેલ 2019ની લોકસભા ચૂંટણીમાં નવસારી બેઠક પર પાટીલ સામે ચૂંટણી લડ્યા હતા અને હાર્યા હતા.

કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેનાર ધર્મેશ પટેલ 2019 લોકસભા ચૂંટણીમાં નવસારી બેઠક પર ભાજપના સી.આર. પાટીલની સામે ચૂંટણી લડ્યા હતા. જેમાં ધર્મેશ પટેલે પાટીલ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશ પટેલ સામે સીઆર પાટીલનો 6,68,668 મતની લીડથી વિજય થયો હતો.

### પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પટેલને પાટીલે જ ખેસ પહેરાવ્યો



આજે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે કોંગ્રેસી આગેવાનો ધારાસભ્યો અને સમર્થકોએ કોંગ્રેસ છોડી ભાજપનો કેસ અને ટોપી ધારણ કરી હતી, જેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધર્મેશ પટેલને પણ એક સમયના પોતાના હરીફ ઉમેદવાર એવા સાંસદ સી. આર. પાટીલે ટોપી અને ખેસ પહેરાવી ભાજપમાં પ્રવેશ કરાવ્યો છે. આ કાર્યક્રમમાં નવસારીના જિલ્લા પ્રમુખ સહિત ભાજપના અનેક સંગઠનના સભ્યો હાજર રહ્યા હતા.

### ઘણા સમયથી મારી સાથે અન્યાય થતો હતો: ધર્મેશ પટેલ

સોમવારે કોંગ્રેસના તમામ પદ પરથી રાજીનામું આપ્યા બાદ પ્રતિક્રિયા આપતા ધર્મેશ પટેલે કહ્યું હતું કે, હું કોંગ્રેસમાં હતો ત્યારે તન, મન અને ધનથી કામ કરતો હતો. મારી સાથે ઘણા સમયમથી અન્યાય થઈ રહ્યો હતો. ભૂતકાળમાં મારી અને મારા પિતાની અવગણના કરવામાં આવી હોવા છતા અમે કોંગ્રેસ છોડી ન હતી. રાજીનામું આપ્યાના 24 કલાક બાદ જ ધર્મેશ પટેલે ગાંધીનગર ખાતે ભાજપનો કેસ ધારણ કરી પાર્ટી બદલી છે.

### પાર્ટી જે કહેશે એ જ કરીશ: ધર્મેશ પટેલ

ભાજપનો ખેસ ધારણ કરી ધર્મેશ પટેલે જણાવ્યું હતું કે, ભાજપમાં આવ્યા બાદ હવે મારી જવાબદારી પક્ષ નક્કી કરશે. કોળી સમાજ માટે બને તેટલા પ્રયત્ન કરીને તેમનો વિકાસ કરવા સાથે અવાજ બનવાનો પ્રયત્ન કરીશ.




### શહેરની યુવતી પર દુષ્કર્મ કરનારો વારાહીથી પકડાયો

અમદાવાદ | ગાંધીનગર શહેરના એક ગામમાં રહેતી યુવતીને સોશિયલ મીડિયા મારફતે બનાસકાંઠાના યુવકના પરિચયમાં આવી હતી. જેથી યુવત ગત ગુરૂવારે યુવતીને મળવા બનાસકાંઠાથી ગાંધીનગર આવ્યો હતો. યુવતી ગાંધીનગર સિવિલમાં સારવાર લેતી તેની ભાભીની પાસે રોકાઈ હતી. તે દરમિયાન યુવક યુવતીને કુડાસણના ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો અને યુવતીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરી ફરાર થઇ ગયો હતો. આ બનાવ બાદ ઈન્ફોસિટી પોલીસ આરોપીને શોધવા તપાસમાં લાગી ગઇ હતી. આશરે 21 વર્ષની યુવતી અર્ધ બેભાન જેવી હાલતમાં સિવિલમાં પહોંચ્યા બાદ દુષ્કર્મના સમાચાર મળતા પોલીસ દોડતી થઇ ગઇ હતી.

# વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યા ફરી ઘટી, કોંગ્રેસની કફોડી સ્થિતિ

અમદાવાદ | તા.05

વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યા ફરી ઘટી છે. જેમાં હાલની સ્થિતિએ વિધાનસભામાં કુલ 177 સભ્યો છે. તેમાં વિધાનસભા ચૂંટણી બાદ 5 ધારાસભ્યોના રાજીનામા પડ્યા છે. હાલમાં ભાજપના 156 ધારાસભ્યો છે. તેમજ કોંગ્રેસના 14 ધારાસભ્યો, AAPના 4 ધારાસભ્યો છે. અપક્ષ 2 ધારાસભ્યો, SPના 1 ધારાસભ્ય છે. કોંગ્રેસના 3, AAPના 1 ધારાસભ્ય રાજીનામા આપી ચૂક્યા છે. તેમજ એક અપક્ષ ધારાસભ્યે રાજીનામુ આપ્યુ છે. લોકસભા ચૂંટણીને હવે ગણતરીનો જ સમય બાકી રહ્યો છે. આ



દરમિયાન ગુજરાત જોડ તોડીની રાજનીતિએ વેગ પકડ્યો છે. અત્યાર સુધી કોંગ્રેસના બે અને એક આમ આદમી પાર્ટી અને એક અપક્ષ ધારાસભ્યએ પોતાનું રાજીનામું ધરી દીધું છે. ત્યારે પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયાએ પણ રાજીનામું ધરી દીધું છે. હવે લોકસભાની સામાન્ય ચૂંટણી સાથે વિધાનસભાની પેટા ચૂંટણી યોજાશે.

### વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યા બળ 14 પર પહોંચ્યું


એક તરફ લોકસભા ચૂંટણીને લઈ તૈયારી શરૂ થઈ ચૂકી છે. આ દરમિયાન હવે 5 બેઠકો (ખંભાત, વિજાપુર, વિસાવદર, વાઘોડિયા અને પોરબંદર ) પર પેટા ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનું સંખ્યાબળ સતત ઘટી રહ્યું છે. એક તરફ વર્ષ 2022ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનું કંગાળ પ્રદર્શન રહ્યું છે.

### કાર અને બાઇક વચ્ચે ભયંકર અકસ્માત થયો

# વલસાડમાં બાઇક અને કારના અકસ્માતમાં 1 વર્ષની બાળકીનું મોત

અમદાવાદ | તા.05

વલસાડ ખાતેના અકસ્માતમાં 1 વર્ષની બાળકીનુ મોત થયુ છે. જેમાં કાર અને બાઈક વચ્ચે ભયંકર અકસ્માત થયો છે. ધરમપુરના બીલપુડી પાસે આ બનાવ બન્યો છે. ત્યારે પોલીસે અક્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા ખાતે ઈકો કાર અને બાઈકનો અકસ્માત થયો છે. બીલપુડી ખાતે ઈકો કારની ટક્કરે બાઈક સવાર આવતા એક વર્ષની બાળકીનું મોત થયુ છે. ઘટનાની જાણ થતા ધરમપુર પોલીસ સ્થળ પર પહોંચી છે. તેમજ આગળની કાર્યવાહી કરી રહી છે. ગઈકાલે વડોદરાના તરસાલી હાઈવે પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બનાવમાં સયાજીપુરા પાસેના માધવનગર ખાતે રહેતાં એક વર્ષના બાળક સહીત એક જ પરીવારના પાંચ સભ્યોના કમકમાટીભર્યા મોત થયા હતા. અંકલેશ્વરના નિકોરા પાસે જમીન જોવા ગયેલ પરીવારની અલ્ટો કાર રસ્તાની બાજુમાં પાર્ક કરેલા



કન્ટેનરમાં ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. કપુરાઈ પોલીસ તુરંત જ ઘટના સ્થળે દોડી જઈ રાહત કામગીરી આરંભી હતી. ફાયર બ્રિગેડને ઘટનાની જાણ થતાં જ ઈમરજન્સી વાન અને એમ્બ્યુલન્સ સાથે ઘટના સ્થળે ધસી જઈ રાહત કામગીરી હાથ ધરી હતી. ગમખ્વાર અકસ્માતને પગલે હાઈવે ઉપર કલાકો સુધી ચક્કા જામ સર્જાયો હતો. વાહન વ્યવહારને પૂર્વવત કરવા પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બનાવ સ્થળે મૃતકોના મૃતદેહ વેર વિખેર અવસ્થામાં પડયા હતા.

### અમદાવાદથી ગોવા, શ્રીનગર સહિત 8 નવી ફ્લાઈટ મળશે

અમદાવાદ | 1 એપ્રિલથી 26 ઓક્ટોબર સુધી ફ્લાઈટોનું સમર શિડયુલ જાહેર થાય છે. અમદાવાદથી વિવિધ એરલાઈને સમર શિડ્યુલ ફાઈલ કરી 8 નવી ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરી છે. ઉનાળું વેકેશનમાં ટુરિસ્ટનો ટ્રાફિક લગભગ બમણો થઈ જતો હોવાથી નવા રૂટ શરૂ થશે. હાલ ચાલતી ઈન્ડિગોની જેસલમેર ફ્લાઈટ 15 માર્ચથી બંધ થશે. ઈન્ડિગો 31 માર્ચથી રાજકોટ, અને ઔરંગાબાદની જ્યારે ટૂંક સમયમાં શ્રીનગરની ફલાઈટ શરૂ કરશે. જ્યારે વિસ્તારા 15 માર્ચથી બેંગ્લુરુની ડેઈલી બે ફલાઈટ ઓપરેટ કરશે.

# દોઢ વર્ષ પછી કાંકરિયા પૂર્વ મેટ્રો સ્ટેશન ખુલ્લું મુકાયું



અમદાવાદ | તા.05

વસ્ત્રાલથી થલતેજ વચ્ચે નવેમ્બર 2022માં મેટ્રો શરૂ થઈ ગઈ હતી. પરંતુ ટેકનિકલ કારણોને લીધે આ રૂટ પર આવતાં કાંકરિયા પૂર્વનું સ્ટેશન તૈયાર થઈ શક્યું ન હતું. જો કે, હવે આખરી ઓપ મળી જતાં સ્ટેશન લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. થોડા સમય પહેલાં કમિશનર ઓફ રેલવે સેફ્ટીએ પ્રમાણપત્ર આપ્યું હતું. સોમવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેશનનું ઓનલાઈન ઉદઘાટન કર્યું હતું. મેટ્રો પણ કાંકરિયા પૂર્વ સ્ટેશને ઊભી રાખવામાં આવશે.

# કોરોનાકાળમાં રેમડેસિવીર ઈન્જેક્શન મામલે સી.આર. પાટીલ વિરુદ્ધની PIL પરત ખેંચી

અમદાવાદ | તા.05

તાજેતરમાં કોરોના કાળમાં ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ દ્વારા રેમડેસિવિર ઈન્જેક્શન વહેંચવામાં આવ્યાં હતાં. જેનો વિરોધ પક્ષે સખત વિરોધ કર્યો હતો. તાજેતરમાં ગુજરાતમાં થોડા દિવસ પહેલાં સુરત અને નવસારીમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે રેમડેસિવિર ઈન્જેક્શન વહેંચ્યાં હતાં, એ સમયે ગુજરાતનાં અન્ય શહેરોમાં કોરોનાના ઈલાજમાં વપરાતાં આ ઈન્જેક્શનની અછત હતી.

તાજેતરમાં કોરોના કાળમાં રેમડેસિવિર ઈન્જેક્શનની વહેંચણી સામે કોંગ્રેસ અને બીજા પક્ષોએ અનેક આક્ષેપો કર્યા હતા અને



કોંગ્રેસે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી, તો બીજી તરફ ગુજરાત હાઈકોર્ટે પણ સુઓમોટો પિટિશન દાખલ કરીને ગુજરાત સરકારને કડક પગલાં લેવા તાકીદ કરી હતી. જે અંગે ભાજપનું કહેવું હતું કે, કોંગ્રેસ કોરોનાના સમયમાં રાજનીતિ કરી રહી છે.

ત્યારે આજે સમાચાર મળી સામે આવી રહ્યાં છે કે, ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ અને હર્ષ સંઘવી વિરુદ્ધની PIL પરેશ ધાનાણીએ પરત ખેંચી લીધી છે. હાઈકોર્ટમાં કરેલી PIL ધાનાણીના વકીલે પરત ખેંચી લીધી છે.

તાજેતરમાં કોરોના કાળમાં રેમડેસિવર ઈન્જેક્શનનું વિતરણ કાયદેસર રીતે થયાનું તારણ સામે આવ્યું છે. એક રિપોર્ટ પ્રમાણે પાટીલ અને સંઘવીની કોઈ ભૂલ ન હતી તેવું તારણ સામે આવ્યું છે. જેને જરૂરિયાત મંદોની તપાસ કરીને જરુરી દસ્તાવેજી તપાસ કરીને ઈન્જેક્શન અપાયાં હોવાનું સામે આવ્યું છે.

### 3 વર્ષના વિલંબ પછી પણ કામગીરી અધૂરી રહી

# જલારામ અંડરપાસનું લોકાર્પણ કરી 10થી 15 દિવસ માટે બંધ કરી દેવાયો

અમદાવાદ | તા.05

3 વર્ષ સુધી મંથરગતિએ ચાલેલી કામગીરી બાદ પાલડીમાં જલારામ મંદિર પાસે આવેલા અંડરપાસનું સોમવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકાર્પણ કર્યું હતું. જો કે, લોકાર્પણની ગણતરીની મિનિટોમાં જ અંડરપાસ બંધ કરી દેવામાં આવ્યો છે. હજુ 10થી 15 દિવસ આ અંડરપાસમાંથી લોકો અવરજવર કરી શકશે નહીં. અંડરપાસની અંદર આવેલા રોડમાં ડામરનું લેયર લગાડવાનું બાકી છે. તેમજ પાલડી તરફના છેડે પાંચ રસ્તા જોડતા હોવાથી ત્યાં જંક્શન બનાવવાનું બાકી છે. 83 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ અંડરપાસને ધીરુભાઈ સ્વરૂપચંદ શાહ નામ આપવામાં આવ્યું છે. રેલવે, મેટ્રો અને મ્યુનિ.એ સંયુક્ત રીતે તૈયાર કરેલા આ અંડરપાસ ઉપર મેટ્રો સ્ટેશન પણ છે. 450 મીટર લાંબા અને 16.6 મીટર પહોળા આ અંડરપાસને લીધે લૉ ગાર્ડનથી પાલડી તરફ અવરજવર કરતાં રોજના સરેરાશ 1 લાખ લોકોને ટ્રાફિકમાંથી રાહત મળશે. લોકસભાની ચૂંટણી પહેલાં આચારસંહિતાનો અમલ શરૂ થતાં પહેલાં ઉદઘાટન કરી નાખવામાં આવ્યું છે. પરંતુ 10થી 15 દિવસ માટે બંધ કરાયો છે. અંડરપાસની દીવાલો પર આર્ટ વર્ક તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં કોટ વિસ્તારનો વારસો, વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિની ઝલક દર્શાવવામાં આવી છે.

### હવે સમગ્ર મામલો સામે આવશે તેવી શંકાના આધારે યુવકને કેનાલમાં ધક્કો મારી દીધો હતો

# યુવતીના ભાઈએ બહાર જવાનું કહી યુવકને બોલાવ્યો, લાકડી-દંડાથી ઢોર માર મારી જીવતો કેનાલમાં નાખી દીધો

અમદાવાદ | તા.05

ચાંદખેડાના 19 વર્ષીય યુવાનની લાશ નર્મદા કેનાલમાંથી મળી આવી હતી. આ મૃતદેહ પર પ્રાથમિક દૃષ્ટિએ જ ઈજાના નિશાન હોવાના કારણે પોલીસ આ સમગ્ર મામલે હત્યાની થિયરી પર તપાસ કરી રહી હતી. પછી જે વાત સામે આવી તે કોઈના પણ રૂંવાડા ઊભા કરી દે તેવી હતી. કારણ કે, પોતાની બહેન સાથે સંબંધ હોવાની શંકામાં પાડોશી યુવકને વાહન સાથે બહાર બોલાવ્યો હતો અને પછી મિત્ર સાથે મળીને તેને લાકડી અને દંડા વડે ફટકારવાની શરૂઆત કરી હતી. ધીમે ધીમે 19 વર્ષનો યુવક બેભાન થવા લાગ્યો અને પોતાના



પગ ઉપર ઉભો પણ રહી શકે નહીં તેવી સ્થિતિ સર્જાઈ હતી. એટલે હત્યારાએ યુવકને જીવતો જ કેનાલમાં નાખી દીધો હતો. આ સમગ્ર ઘટનાક્રમ સામે આવ્યા બાદ ચાંદખેડા પોલીસે આરોપીની ધરપકડ કરી અને હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકને પાડોશમાં રહેતા યુવકે તેના મિત્ર સાથે મળીને હત્યા કરવાનો પ્લાન બનાવ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે યુવકને તેની બહેન સાથે સંબંધ હોવાની શંકા હતી. આ માત્ર શંકા જ હતી ખરેખર કોઈ વાત સામે આવી ન હતી. પરંતુ આ જ શંકાના આધારે તે રોજ રોજ આ યુવકને મારવા માટેનો પ્લાન કરતો હતો. એક દિવસ એવું બન્યું કે યુવક પોતાના ઘરે હતો. ત્યારે અત્યારે તેના મિત્ર સાથે થોડો દૂર જઈને યુવકને ફોન કર્યો હતો. યુવકે કહ્યું કે, મારે બહાર જવું છે. તું તારું વાહન લઈને અહીંયા આવ. યુવક પહેલાથી તેને ઓળખતો હતો અને પાડોશી હતો. એટલે તે પોતાનું વહાન લઈને ત્યાં પહોંચ્યો હતો. જ્યાં અગાઉથી પ્લાન પ્રમાણે યુવકને નર્મદા કેનાલ પાસે લઇ ગયા હતા અને ત્યાં પહોંચતા જ પોતાની સાથે લાવેલા દંડાથી યુવકને માર મારવાનો શરૂ કર્યો હતો. યુવકને મારી નાખવાનો પ્લાન ન હતો પરંતુ એટલી હદે તેને માર મારવામાં આવ્યો કે, તે ઊભો પણ થઈ શકતો ન હતો. હવે સમગ્ર મામલો સામે આવશે તેવી શંકાના આધારે યુવકને કેનાલમાં ધક્કો મારી દીધો હતો.

# મોઢવાઢિયાના રાજીનામાં બાદ કોંગ્રેસમાંથી રાજીનામાનો સિલસિલો યથાવત

### ■ ફતેપુરા તા. કોંગ્રેસના પ્રમુખનું રાજીનામું

અમદાવાદ | તા.05

કોંગ્રેસમાં એક સાધે ત્યાં તેર તુટે જેવી સ્થિતિ યથાવત જોવા મળી રહી છે. લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે કોંગ્રેસમાં વિખવાદ સામે આવી રહ્યા છે. ગુજરાતમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ન્યાય યાત્રા શરુ થાય તે પહેલા જ દાહોદ કોંગ્રેસમાં ભંગાણ જોવા મળી રહ્યુ છે.

ત્યારે આજે સમાચાર મળી રહ્યાં છે કે, દાહોદ જિલ્લામાં કોંગ્રેસના વધુ એક આગેવાને રાજીનામું ધરી દીધું છે. દાહોદના ફતેપુરા તાલુકા કોંગ્રેસના પ્રમુખે રાજીનામું આપી



દીધું છે. ફતેપુરા તાલુકા કોંગ્રેસના પ્રમુખ મિનેષ તાવિયાડે રાજીનામું આપ્યું છે.

દાહોદ જિલ્લાના કોંગ્રેસ પ્રમુખને તાલુકા કોંગ્રેસ પ્રમુખને રાજીનામું સોંપ્યું છે. મિનેષ તાવિયાડે રાજીનામું આપતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીમાં અવગણના થતાં હું રાજીનામું આપી રહ્યો છું.

રાહુલ ગાંધી 8 માર્ચે દાહોદમાં સંબોધન કાર્યક્રમ કરવાના છે, ત્યારે રાહુલ ગાંધીની યાત્રાને લઈને દાહોદમાં ગઈકાલે સંમેલન યોજાયું હતું. સંમેલન પૂર્ણ થયા બાદ તરત દાહોદ કોંગ્રેસ શહેર પ્રમુખ ઈશ્વર પરમારે રાજીનામું મૂકી દીધુ છે. શહેર પ્રમુખના રાજીનામા બાદ અન્ય વધુ કોંગ્રેસના હોદ્દેદારો રાજીનામું આપે તેવી ચર્ચાઓ પણ વહેતી થઈ હતી.

મહત્ત્વનું છે કે, તાજેતરમાં જ કોંગ્રેસના અર્જુન મોઢવાડિયા, અંબરીશ ડેર, મુળુ કંડોરિયા અને ધર્મેશ પટેલે રાજીનામું આપી દીધું અને ભાજપમાં જોડાયા છે.